Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૧૦
તા.૨૬-૦૫-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૬ સૂર્યાસ્ત : ૦૭:૧૮

તાપમાન: ડીસા ૪૧.૯, અમદાવાદ ૪૧.૯, ગાંધીનગર ૪૨.૫, વડોદરા ૪૦.૨, સુરત ૩૮.૬, નલિયા ૩૬.૨

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૨૦૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભડકો : દેશભરમાં રોષ

## સતત ૧૨માં દિવસે ભાવ વધારો છતાં સરકાર હજુ પણ ઉદાસીન : ઈરાન ઉપર અમેરિકાના પ્રતિબંધ, વેનેઝુએલામાં ઉત્પાદનમાં ઘટાડાની માઠી અસર

નવીદિલ્હી

પેટ્રોલ અને ડીઝલની કિંમતના કારણે લોકો ભારે ત્રાહિમામ પોકારી ગયા છે. આજે સતત ૧૨માં દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. આજે પેટ્રોલની કિંમતમાં ૩૨ પૈસાનો વધારો કરવામાં આવતા મુંબઈમાં તેની કિંમત ૮૫.૬૫ સુધી પહોંચી ગઈ હતી. સતત ૧૨માં દિવસે આ વધારો કરવામાં આવ્યો છે. આવી જ રીતે ડિઝલની કિંમતમાં ૧૮ પૈસાનો વધારો કરવામાં આવતા તેની કિંમત



વધીને મુંબઈમાં ૭૩.૨૦ સુધી પહોંચી ગઈ હતી. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૩૬ પૈસા વધી જતાં તેનો ભાવ લીટરદીઠ ૭૭.૮૩ થયો હતો જયારે ડીઝલમાં ૨૨ પૈસાનો વધારો થતાં તેની કિંમત ૬૮.૭૫ થઇ હતી. મુંબઈમાં છેલ્લા ૧૨ દિવસના ગાળામાં પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧૧.૦૨ રૂપિયા અને ડીઝલની કિંમતમાં ૭.૨૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ખાતરી આપી છે કે, સરકાર કિંમતોને કાબૂમાં લેવા માટે તમામ પગલા પર વિચારણા કરી રહી છે. ઓઈલ કિંમતો માટેના ઈન્ટરનેશનલ બેંચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડની કિંમત બેરલદીઠ ૭૮.૭૬ સુધી પહોંચી ગઈ હતી. કેન્દ્રીયમંત્રી નીતિન ગડકરીનું કહેવું છે કે, પેટ્રોલ અને ડીઝલની કિંમતોને ઘટાડવામાં આવશે. રિટેલ કિંમતોને કાબૂમાં લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. વેનેઝુએલામાં પ્રમુખની ચૂંટણી બાદ ક્રૂડના ઉત્પાદનમાં સંભવિત ઘટાડો થઈ રહ્યો છે. દેશ ઉપર અમેરિકાના પ્રતિબંધની અસર દેખાઈ રહી છે. ઈરાન ઉપર અમેરિકાએ પ્રતિબંધ ઝીંકતા તેની પણ અસર જોવા મળી રહી છે. ઓપેક દેશો ઉત્પાદનને વધારવા માટે નિર્ણય કરી શકે છે. કારણ કે, ઈરાનિયન અને વેનેઝુએલાના સપ્લાયને લઈને અનિશ્ચિતતાનું વાતાવરણ છે.

### કુમારસ્વામીને ૧૧૭ ધારાસભ્યોનું ખુલ્લુ સમર્થન

## કર્ણાટકમાં કુમાર સ્વામીએ વટ સાથે વિશ્વાસની વૈતરણી પાર કરી

### બહુમત પરીક્ષણ પહેલા ગૃહમાં ભારે ધાંધલ ધમાલ : ૨૭મીથી રાજ્યવ્યાપી બંધની યેદીયુરપ્પાની ચીમકી

બેંગ્લોર

કર્ણાટક વિધાનસભામાં મુખ્યમંત્રી એચડી કુમાર સ્વામીએ આજે વિશ્વાસમત જીતી લીધો હતો. ફ્લોર ટેસ્ટ દરમિયાન કુમારસ્વામીની તરફેણમાં ૧૧૭ ધારાસભ્યોના મત પડ્યા હતા. આ રીતે કોંગ્રેસ-જેડીએસ ગઠબંધને વિધાનસભામાં બહુમતિ પુરવાર કરી દીધી હતી. કુમારસ્વામી હવે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે રહેશે. આની સાથે જ કર્ણાટકમાં હાલમાં ચાલી રહેલી રાજકીય ડ્રામેબાજીનો અંત આવી ગયો હતો. અત્રે નોંધનીય છે કે, બહુમત પરીક્ષણથી પહેલા ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી અને ભાજપના ધારાસભ્યોએ વોકઆઉટ કર્યો હતો. બીજી બાજુ વિધાનસભામાં ભાજપના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પાએ કુમારસ્વામી ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જો ખેડૂતોના દેવા માફીની જાહેરાત કરવામાં નહીં આવે તો ભાજપ ૨૭મી મેથી રાજ્યવ્યાપી બંધ પાળશે. યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, સત્તા માટે જેડીએસ અને કોંગ્રેસ કંઈ પણ કરી શકે છે. યેદીયુરપ્પાએ કોંગ્રેસના નેતા કુમારસ્વામી ઉપર પ્રહારો કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, કોઈના માટે વિલનની બાબત છે અને કોઈના માટે હિરોની બાબત રહેલી છે. વિધાનસભામાં ભાજપે છેલ્લી ઘડીએ સ્પીકર માટે પોતાના ઉમેદવારનું નામ પરત ખેંચી લીધું હતું. ત્યારબાદ કોંગ્રેસના રમેશકુમારને સર્વસંમતિથી સ્પીકર તરીકે બનાવી દેવામાં આવ્યા હતા.

## ચકચારી મોરીયા લૂંટ કેસને અંજામ આપનાર નળાસરનો શખ્સ ઝડપાયો

### લૂંટમાં ગયેલ રૂા.૭,૨૫,૬૦૦, મોબાઈલ અને બાઈક જપ્તઃ અન્ય ચાર શખ્સો સાથે મળી લૂંટ કરી હોવાની આરોપીની કબુલાત

(તા.પ્રતિનિધિ) વડગામ

વડગામ તાલુકાના ભાખરી ગામની સીમમાં દૂધ ડેરીના મંત્રીને લૂંટનાર ટોળકી પૈકીના નળાસર (તા.વડગામ)ના એક આરોપીને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે રૂા.૭,૨૫,૬૦૦ ની રોકડ સાથે ઝડપી પાડ્યો હતો. તેણે ચાર શખ્સો સાથે લૂંટ કરી હોવાની કબુલાત કરી હતી. ગત તા.૧૬/૦૫/૨૦૧૮ ના રોજ વડગામ તાલુકાની મોરીયા ગામની દૂધ મંડળીના સહમંત્રી જગદીશભાઈ હેમરાજ ભાઈ દૂધ ડેરીના ગ્રાહકોને પગાર ચૂકવવા ધનાલી ગામની



પુષ્કર ગોસ્વામી

મધ્યસ્થ બેંકમાં ગયા હતા. જ્યાંથી રૂા.૧૮,૦૦,૦૦૦/- લઈ તેમને અન્ય સાથે ધનાલીથી મોરીયા ગામે જતા હતા. તે દરમ્યાન ભાખરી ગામના પાટીયા નજીક વર્ના કારમાં આવેલા ચાર શખ્સોએ બે રાઉન્ડ ફાયરીંગ કરી તેમના માથામાં લોખંડની ટોમી ફટકારી રૂા.૧૮,૦૦,૦૦૦/- ભરેલી થેલી ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. જે સનસનીખેજ લૂંટ સંદર્ભે પોલીસે આરોપીઓને ઝડપવા તપાસ હાથ ધરી હતી. દરમ્યાન આ લૂંટમાં સંડોવાયેલ આરોપી નરેશભારથી ગણપત ભારથી ગોસ્વામી, રહે. નળાસર, તા.વડગામ અમદાવાદ આવતો હોવાની મળેલી બાતમીના આધારે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેને આબાદ ઝડપી પાડ્યો હતો. જેની પાસેથી લૂંટથી મેળવેલ રૂા.૭,૨૫,૬૦૦ મોબાઈલ અને બાઈક પણ કબ્જે કર્યું હતું.

અનુસંધાન પાના નં.૬

### અમદાવાદ જતા ઝડપાયો

ચાર શખ્સોએ લૂંટેલ રૂા.૧૮ લાખ પૈકી રૂા.૭,૨૫,૬૦૦ આરોપી નરેશભારથી ગોસ્વામીને સાચવવા આપેલ હતા. જે નાણાં દિનેશગીરી પોપટગીરી ગોસ્વામીની સૂચના મુજબ તે જે વ્યક્તિનું નામ આપે તેને પહોંચતા કરવા નાણાં લઈ અમદાવાદ આવેલ હતો. પરંતુ પોલીસે તેને આબાદ ઝડપી પાડ્યો હતો.

## ડીસામાં પિતાએ દીકરીને પૈસા લઈ બીજે પરણાવવાની વાત કરતા દીકરી લગ્ન પહેલા જ સાસરે પહોંચી ગઈ

### રાધનપુરમાં સગાઈ કરેલા યુવક સાથે લગ્ન કરી લીધા



રાધનપુર

બનાસકાંઠાના ડીસામાં રહેતા માજીરાણા પરિવારની દીકરીની સગાઈ બે વર્ષ પહેલા રાધનપુરમાં વલ્લભ નગરમાં રહેતા યુવક સાથે કરવામાં આવી હતી, પરંતુ દીકરીએ પરિવારના સદસ્યોને કાનોકાન વાતો કરતા સાંભળ્યા કે તેને એક લાખ રૂપિયા લઈને આબુવાળા કોઈની સાથે લગ્ન કરાવી દેવા માંગે છે,તેથી તે ડીસાથી નીકળીને રાધનપુર જેની સાથે સગાઈ કરી હતી તે યુવકના ઘરે પહોંચીને સાસુ-સસરા તેમજ પરિવારની સંમતિથી વિધિસર નોટરી કરાવીને લગ્ન કરી લેતા દીકરીને પૈસા લઈને બીજે પરણાવી દેવાના પિતાના મનસૂબા ઉપર પાણી ફરી વળ્યું હતું. ડીસામાં રહેતા બાબુભાઈ માજી રાણાની ૨૧ વર્ષીય દીકરી ગોમતીબેનની સગાઈ આજથી બે વર્ષ પહેલા રાધનપુરમાં વલ્લભનગરમાં રહેતા અરજણભાઈ રાણાના દીકરા ધવલકુમાર સાથે કરી હતી,અને તા.૨૩ જૂને બંનેના લગ્ન પણ થવાના હતા. સગાઈ બાદ બંને એકબીજાના પરિચયમાં આવીને પ્રેમમાં પણ હતા, એકબીજા વિના તેઓ રહી શકતા નહોતા.પરંતુ આજથી બે દિવસ પહેલા બાબુભાઈને ત્યાં એક સગા આવેલા અને સાથે બેસીને વાતો કરતા હતા,ગોમતીબેન વાસણ ઘસતા-ઘસતા વાતો સાંભળતા હતા.

અનુસંધાન પાના નં.૬

### પિતાના ઘરે જવું નથી

ગોમતીબેન માજીરાણાએ જણાવ્યું હતું કે માતા-પિતા સાથે સગાને એક લાખ રૂપિયામાં બીજે પરણાવી દેવાની વાત કરતા હું સાંભળી જતા જેની સાથે સગાઈ થઈ હતી તેમની સાથે જ રહેવા માંગતી હતી તેથી ડીસાથી સીધી જ રાધનપુર આવી ગઈ હતી અને સઘળી વાતથી સાસરિયાઓને માહિતગાર કર્યા હતા.હું હવે મારા પિતાના ઘરે જવા માંગતી નથી અને અહી જ રહેવા માંગુ છું.

### અમારી દીકરી બરાબર છે

ધવલના પિતા અરજણભાઈ રાણા કે જેઓ નેપાળ બોર્ડર ઉપર એસ.એસ.બી.માં ફરજ બજાવે છે,ધવલના લગ્ન તા.૨૩ જૂને હોવાથી તેઓ તૈયારી માટે રાધનપુર આવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે બંનેના લગ્ન નક્કી જ હતા.ગોમતી અમારી દીકરી બરાબર જ છે. બંને લગ્ન કરવા માંગતા હોવાથી વિધિસર લગ્ન કરાવી દેવાયા છે.

## થરાદના હાઇવે પર સ્કોર્પીયો અને ટ્રક વચ્ચે ગોઝારો અકસ્માત : એકનું મોત



વિષ્ણુ દવે

### ડીસા ધારાસભ્યના નાના ભાઈ અને જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ રમેશ પંડ્યા સહીત બે ને ગંભીર ઈજા

થરાદ

બનાસકાંઠા જીલ્લામાં વધતી જતી અકસ્માતોની ઘટનામાં આજે ધારાસભ્યનું બોર્ડ ધરાવતી ગાડીનો અકસ્માત થરાદ-સાંચોર રોડ પર થયો છે. જેમાં એક વ્યક્તિનું મોત નીપજયું છે જયારે અન્ય ત્રણ જણાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ખસેડવાની ફરજ પડી છે.

ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાના નાના ભાઈ રમેશભાઈ મહોબતભાઈ પંડ્યા (હોમગાર્ડ જિલ્લા કમાન્ડન્ટ) તથા તેમના પિતરાઈ થરાદના શિવનગરના ખુશાલભાઈ સોનાજી રાજગોર અને વેરસીભાઈ શુક્રવારે રમેશભાઈની GJ 12 DA 0909 નંબરની સ્કોર્પિયો ગાડી લઈને રાજસ્થાનના તડલા ગામે લોકાચારથી બપોરના એક વાગ્યાના સુમારે થરાદ પરત ફરી રહ્યા હતા. દરમિયાન મોતનો માર્ગ બની રહેલા નગરમાં પ્રવેશવાના હાર્દસમા નેશનલ હાઈવે ઉપર સામેથી આવતી GJ08AU 0218 નંબરની મિની ટ્રક સાથે ધડાકાભેર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જે પૈકી ગાડી ચલાવી રહેલા ખુશાલભાઈ સોનાજી રાજગોર ઉ.વ.૪૦નું કરુણ મોત નિપજ્યું હતું.જ્યારે રમેશભાઈ પંડ્યાને જમણા પગે ફ્રેકચર તથા વેરશીભાઈને છાતીના ભાગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. રમેશભાઈને વધુ સારવાર અર્થે ડીસા જ્યારે વેરસીભાઈને શહેરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ બનાવની જાણ થતાં હાઈવે પર બહોળી સંખ્યામાં લોકોના ટોળેટોળાં એકઠાં થઈ જવા પામ્યાં હતાં.જ્યારે ધારાસભ્ય શશીકાંત પંડ્યા રાજ્યમંત્રી પરબતભાઈ પટેલ, જિલ્લા ભાજપના ગુમાનસિંહ ચૌહાણ તથા બહોળી સંખ્યામાં બ્રહ્મસમાજ રેફરલ હોસ્પિટલમાં દોડી આવ્યો હતો. જ્યાં પીએમ બાદ ખુશાલભાઈનો મૃતદેહ તેમના વાલીવારસોને સોંપાતા તેમની અંતિમયાત્રામાં અનેક નગરજનો જોડાયા હતા. ટ્રાન્સપોર્ટનો વ્યવસાય

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### સંન્યાસ

ગગા ઓઝાએ પુખ્તવયે ભાવનગર રાજ્યની દીવાનગીરી છોડી અને સંન્યાસ લીધો; શહેરથી દુર નિવાસ કરી માળા જપવા લાગ્યા.

પણ તેમની પછી આવેલા દીવાન સંબંધે જ્યારે પ્રજામાંથી ખૂબ ફરિયાદો આવવા લાગી, ત્યારે તેને બોલાવ્યો એન ભીંતની એક ખીંટી તરફ આંગળી ચીંધીને એ બોલ્યાઃ “મેં ભગવા પહેર્યા છે, પણ ત્યાં મારી જૂની નાગરશાહી પાઘડી, કેડિયું અને ધોતિયું ટાંગેલાં છે, નીચે લાકડી પણ લટકે છે. જ તમે નહીં સુધરો, તો ફરી એ પાઘડી પહેરી લઈશ ને તમારી ખબર લઈશ.”

આવો અધિકાર સિદ્ધ વડીલોને રહેવાનો જ; પણ એ પહેલાં સંન્યાસ લેવાની શક્તિ જોઈશે.

- કૃષ્ણલાલ શ્રીધરાણી

## સાર સમાચાર...

### લુદરા કેનાલમાં ડુબેલી લાપતા યુવતી પણ બીજા દિવસે મૃત હાલતમાં મળી

તાલુકા પ્રતિનિધી દીઓદર

દીઓદર તાલુકાના લુદરા કેનાલ પાસે તા.૨૪-૫-૨૦૧૮ના રોજ બે આદિવાસી યુવતીઓ નર્મદા કેનાલમાં સાંજના સુમારે ન્હાવા માટે પડી હતી.તેમાં બંને યુવતીઓ પાણીમાં ડુબી ગયેલ. ત્યારબાદ શોધખોળ હાથ ધરાયેલ જેમાં શોધખોળ દરમ્યાન લક્ષ્મીબેન મકન ભાઈ આદિવાસી (ઉ.વ.૧૩)ની લાશ મળી આવેલ જ્યારે પીન્કાબેન મકનભાઈ આદિવાસી (ઉ.વ.૧૩) ની લાશ રાત્રીના મોડા સમય સુધી શોધખોળ કરવા છતાં મળી આવેલ નહીં.ત્યારબાદ લોકોના સાથ સહકારથી તરવૈયાઓની મદદ લઈ શોધખોળ હાથ ધરતાં તા.૨૫-૫-૨૦૧૮ના રોજ સવારના ૫ વાગ્યે પીન્કાબેનની લાશ મળી આવેલ.ત્યારબાદ લાશને દીઓદર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ.જ્યાં બંને યુવતીઓના પોસ મોર્ટમ કરી લાશ વાલી વારસોને સોંપવામાં આવેલ.આ અંગેની વધુ તપાસ દીઓદર પોલીસે હાથ ધરી છે.

## ગતકડું....

- દેવન વ્યાસ



મોંઘવારી પર કાબુ ન મેળવી શકનારા આપણે ત્રાસવાદ, માઓવાદ કે નક્સલવાદ પર કાબુ ક્યાંથી મેળવી શકશું ?

## બેસણું (બપોરો)



સ્વ.મુકેશકુમાર ભેમાભાઈ પ્રજાપતિ
સ્વ.તા.૨૪/૦૫/૨૦૧૮, ગુરૂવાર

અમારા પરિવારનો લાડકવાયો મુકેશકુમાર ભેમાભાઈ પ્રજાપતિ તા.૨૪/૦૫/૨૦૧૮ ને ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે. પરમાત્માને ગમ્યું તે ખરૂં, સદ્‌ગતનું બેસણું (બપોરો) સમાજના રીતરિવાજ મુજબ અમારા નિવાસ સ્થાને તા.૨૬/૦૫/૨૦૧૮ ને શનિવારના રોજ સવારે ૬ થી બપોરે ૧૨ કલાકે રાખેલ છે.

સ્થળ : પ્રજાપતિવાસ, જુનાગંજ બજાર, થરા, તા.કાંકરેજ (મો.૯૯૦૯૭ ૬૦૨૨૨)

લિ.

અરજણભાઈ છગનભાઈ પ્રજાપતિ (બા)
ભેમાભાઈ છગનભાઈ પ્રજાપતિ (પિતા)
હરગોવનભાઈ છગનભાઈ પ્રજાપતિ (કાકા)
જયંતિભાઈ છગનભાઈ પ્રજાપતિ (કાકા)
રમેશભાઈ છગનભાઈ પ્રજાપતિ (કાકા)
સવાભાઈ છગનભાઈ પ્રજાપતિ (કાકા)
દિનેશભાઈ છગનભાઈ પ્રજાપતિ (કાકા)
ભરતકુમાર ભેમાભાઈ પ્રજાપતિ (ભાઈ)
સ્મિત મુકેશકુમાર પ્રજાપતિ (પુત્ર)
આર્યન મુકેશકુમાર પ્રજાપતિ (પુત્ર)

પ્રજાપતિ વાસ, જુનાગંજ બજાર, થરા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા

Admission OPEN

ગ્રોમોર સ્કૂલ
K.G. to 12th Std.
Gujarati & English Medium
(Science & General Stream)

DIPLOMA Engineering | DEGREE Engineering | MASTER Engineering

Affiliated with GTU | Approved by AICTE
Information Technology | Electrical Engineering
Computer Engineering | Civil Engineering | Mechanical Engineering

- M.B.A. | M.C.A. | Architecture
- B.C.A. | P.G.D.C.A. | M.Sc. (CA&IT)
- B.B.A. | B.Ed. | M.S.W.
- GNM Nursing | B.Sc. Nursing
- B.A | B.Com (Guj. & Eng. Medium)
- B.Sc.(Phy., Che., Bot., Mic-Bio., Math.)

Cafeteria With • Hygienic Food • Well Connected • Transportation • Hostel For • Boys & Girls

ગ્રોમોર કેમ્પસ
હિંમતનગર,જિ.સાબરકાંઠા,ગુજરાત.
GTU : 94285 13931 • HNGU : 94285 13916 • School : 94285 13705
Website: www.growmore.ac.in E-mail: info@growmore.ac.in

**સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૫૦**

## તિથિદર્શન

જેઠ સુદ-૧૨ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :બારસ શનિવાર નક્ષત્ર:ચિત્રા રાત્રે ૮.૩૬ પછી સ્વાતી યોગ :વ્યતીપાત કરણ: કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.)સવારે ૮.૧૫ પછી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**ઉપાર્જિતાનાં હિ વિત્તાંના ત્યાગ એવ હિ રક્ષણમ્ વડોગોદર સંસ્થાનમ્ પરિવાહન ઈવાંભસામ્**

'તળાવમાં છલોછલ ભરેલાં પાણીને વહાવી દેવું પડે, જો એમ કરવામાં ન આવે તો અન્ય આવક (પાણીની) આવતાં તળાવ પર દબાણ વધે છે અને તળાવ ફાટે છે, તેવી જ રીતે માત્ર કમાઈ- કમાઈને એકત્રિત - સંચિત કરેલા ધનનો પણ દાન- પુણ્ય દ્વારા ધીમે-ધીમે ત્યાગ કરતા રહેવું એ જ સંચિત ધનનું રક્ષણ છે.

આજકાલ તો સરકારી અધિકારીશ્રીઓ, પ્રધાનશ્રીઓ આંખ મીંચીને એકત્ર કરવા લાગ્યા છે અને એ બધા પર આવકના સ્ત્રોત કરતાં વધારે છલોછલ તિજોરીઓ છલકાવા લાગી. પછી આ આવક પુત્ર- પુત્રીનાં લગ્નો, ઘરઆંગણે બાંધેલી ચાર- પાંચ 'ઓડી' જેવી ગાયો, પુત્રનું ઉડાઉપણું, બંગલા- જમીનો - ફિક્સઅ સોનું તો ખરું જ! અને દર- દાગીના- વીંટીઓ તો પુત્ર- પુત્રીના શરીર પર રાખવાનું જ્વેલરી બોક્સ!

આવું, મોતિયો આવેલી ઈન્કમટેક્ષવાળાની આંખે ભૂલથી પણ ચઢી જાય, છતાંય કોઈ ફરિયાદ કરે તો જે જેવી- તેવી તપાસના દરોડા પાડે ને તોપણ એમના હાથમાં વાંધાજનક કોઈ દસ્તાવેજ આવતા નથી. આ રતાંધળા અને મોતિયાવાળા સાહેબો પણ એવાને ગુનેગાર ઠેરવે, તપાસ ચાલે, કેસ ચાલે અને વર્ષો સુધી જામીન ભોગવી જીવતો હોય તો જ જેલમાં જાય! પણ શક્તિ કરતાં વધારે ઝરણાં આવે તો તળાવની પાળો તૂટે જ તૂટે- એટલે જેવી આવક હોય, કાળી, ધોળી, પીળી પણ એમાંથી દાણ- પુણ્ય ધર્મકાર્યો કરી 'વધારા'નું પાણી 'દરવાજા' ખોલી છોડવું જોઈએ, તો જ નવી આવક સચવાય!

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મુંઝવણમાંથી માર્ગ મળે, કાર્યબોજ હળવો થાય, નાણાંકીય લાભ મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) વાદવિવાદથી દૂર રહેવું, અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)સંતાન અંગેની ચિંતા દૂર થાય, આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.**
**કર્ક : (ડ.હ.) નવિન લાભની તક સાંપડશે, નવા આર્થિક આયોજનોને સફળતાથી પાર પાડી શકશો.**
**સિંહ : (મ.ટ.)વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે, પારિવારીક જીવનમાં આનંદ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) અગત્યના કાર્યમાં રૂકાવટ આવે, આરોગ્ય બાબતે ચિંતા અનુભવી શકાય.**
**તુલા : (ર.ત.) મનની મુરાદ બર ન આવે, કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**વૃશ્ચિક : (ન.ય.) પ્રિયજન સાથે ચકમક ઝરે, મનમાં મૂંઝવણ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) માનસિક શાંતિમાં વધારો થાય, કાર્યક્ષેત્રમાં યશની પ્રાપ્તિ થાય.**
**મકર : (ખ.જ.) આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે, પડવાકજ-વાગવાથી સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.) નવિન શુભ સમાચાર મળે, સામાજિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠામાં વધારો થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવળે, ગૃહવિવાદ અંગે સંભાળવું.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

રશિયાના આધુનિક સંસ્કારજીવનના ઘડવૈયા પુશ્કિનનો જન્મદિન છે. એમનો જન્મ તા.૨૬/૫/૧૭૯૯ના રોજ મોસ્કોમાં થયો હતો.

૧૮૨૨માં 'કોકેસસનો કેદી' અને ૧૮૨૭માં 'બખ્શી સરાઈનું ઝરણું' બહાર પડ્યાં. ૧૮૨૫માં 'બોરિસગોજુનફ'નું કરણાન્તક નાટક લખ્યું. ૧૮૩૨માં એમની કીર્તિદા 'યુજિનઓનેજિન' તેમજ ગદ્યમાં 'કેપ્ટનની કુંવરી' નવલકથા 'કાળીની રાણી' નવલિકા સર્વોત્કૃષ્ઠ છે.' આ મહાન સાહિત્યકારનું તા.૮/૨/૧૮૭૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા.૨૮.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૬૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૫.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૦૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૬૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૩૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૬૩૩ પોઈન્ટ થી ૧૦૬૪૭ પોઈન્ટ, ૧૦૬૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૨૫.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૨૪૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૩૩૩ પોઈન્ટના પ્રથમ અને ૨૬૪૦૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૧૬૦ પોઈન્ટ થી ૨૬૦૭૬ પોઈન્ટ, ૨૬૦૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૧૨૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**જસ્ટ ડાયલ (૫૦૪) :- પબ્લીસીગ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૪૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૪૭૪ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૫૧૭ થી રૂ.૫૨૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૫૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**અદાણી પોર્ટસ (૩૮૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૬૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૩૯૬ થી રૂ.૪૦૪ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ભારતી એરટેલ (૩૭૮) :- રૂ.૩૬૦ નો પ્રથમ તેમજ રૂ.૩૪૭ ના બીજા સપોર્ટથી ટેલીકોમ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૩૯૩ થી રૂ.૩૯૯ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ઇક્વિટાસ હોલ્ડિંગસ ( ૧૫૯ ) :- હોલ્ડીગ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૩ થી રૂ.૧૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડિયા સિમેન્ટ (૧૩૧) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૯ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સિમેન્ટ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૩૭ થી રૂ.૧૪૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**અમરરાજા બેટરી (૭૮૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો પાર્ટસ સેક્ટર નો આ સ્ટોક રૂ.૮૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૭૬ થી રૂ.૭૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૮૧૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રામકો સિમેન્ટ (૭૮૫) :- રૂ.૮૦૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૮૧૮ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૭૬૭ થી રૂ.૭૫૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૮૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**અરવિંદ લિમીટેડ (૩૯૨) :- ટેક્ષટાઈલ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૪૦૪ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૩૮૩ થી રૂ.૩૭૭ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**હિન્દ પેટ્રો (૨૯૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેટ્રો સેકટરનો આ સ્ટોક રૂ.૩૧૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૮૮ થી રૂ.૨૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૩૨૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા મોટર્સ (૨૯૪) :- રૂ.૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૮૬ થી રૂ.૨૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# મુખ્યમંત્રીના જળ સંચય અભિયાનથી વાવ-થરાદ જેવા અછતગ્રસ્ત વિસ્તારોને વિશેષ ફાયદો થશે - ખેડુત અમરાભાઇ વેણ

**જીવદયાપ્રેમી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ લોકો અને પશુ-પક્ષીઓના કલ્યાણ માટે જળ સંચયનું સરસ અભિયાન ઉપાડ્યું છે**



પાલનપુર

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના જળ સંચય અભિયાનથી બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ જેવા અછતગ્રસ્ત વિસ્તારોને વિશેષ ફાયદો થશે. આપણા જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ લોકો અને પશુ-પક્ષીના કલ્યાણ માટે જળ સંચયનું સરસ અભિયાન ઉપાડ્યું છે તેમ વાવ તાલુકાના કુંભારડી ગામના ખેડુત અમરાભાઇ ખાંનાભાઇ વેણે એક મુલાકાતમાં જણાવ્યું છે. ૫૮ વર્ષીય શ્રી અમરાભાઇ વેણ વાવ તાલુકાના કુંભારડી ગામના વતની છે. તેઓ ખેતી સાથે પશુપાલન અને છુટક મજુરી કરે છે. તેમણે કહ્યું કે આપણે નસીબદાર છીએ કે આપણા ગુજરાતને જૈનશ્રેષ્ઠીમ વિજયભાઇ રૂપાણી જેવા કર્મનિષ્ઠ મુખ્યમંત્રી મળ્યા છે.

જળ સંચયના કામો શરૂ કરવામાં આવતા અમારા ગામના લોકોને મનરેગા યોજના હેઠળ મોટા પ્રમાણમાં રોજગારી પણ મળે છે તેમ અમરાભાઇ વેણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે અમારા ગામનું તળાવ ઉંડું થવાથી ગામમાં સિંચાઇની સુવિધા વધશે. સિંચાઇની સુવિધા થવાથી પશુઓને પુરતા પ્રમાણમાં પીવાનું પાણી અને ઘાસચારો મળશે. જેનાથી દૂધની આવકમાં વધારો થશે અને અમારી સુખ-સમૃધ્ધિ અને સુખાકારીમાં વધારો થશે. તેમણે જણાવ્યું કે કેન્દ્રમાં આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતમાં આપણા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની સરકાર અમારા જેવા ગામડાના છેવાડાના વિસ્તારમાં રહેતાં માનવીની સતત ચિંતા કરે છે એટલે જ તો આવા જળ સંચયના કામો સમગ્ર રાજયમાં ગામડે ગામડે થઇ રહ્યા છે.

અમરાભાઇ વેણે સુજલામ સુફલામ જળ સંચય અભિયાનની સરાહના કરતાં કહ્યું કે આ અભિયાનથી અમારા ગામના ખેતરો પણ ફળદ્રુપ બન્યા છે. તળાવ ઉંડુ કરવાથી જે કાંપની ચીકણી માટી નીકળી, તે ખરેખર ખાતરથી પણ સારી છે. આ માટી અમારા ગામના ખેડુતોએ ટ્રેક્ટરો વડે સંખ્યાબંધ ફેરાઓ કરી પોતાના ખેતરોમાં ઠાલવી છે. જેનાથી જમીન ફળદ્રુપ થતાં પાક પણ સારો થશે. તેમણે કહ્યું કે અમારા ગામ કુંભારડીમાં મુખ્યમંત્રીએ તળાવ ઉંડું કરવાનું કામ શરૂ કરાવ્યું હતું.

**અનુસંધાન પાના નં.૬**

# દુઃખદ અવસાન

તા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા નગરના ધરતી મસાલાના વેપારી મુકેશકુમાર ભેમાભાઈ પ્રજાપતિનું ટુંકી માંદગી બાદ નાની વયે અચાનક તા.૨૪/૫/૨૦૧૮ ને ગુરૂવારે અવાસન થતાં પરિવારમાં આભ ફાટી નીકળ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો. માયાળુ સ્નેહાલ સ્વાભાવને કારણે ગ્રાહકોમાં પ્રિયને બહોળુ મિત્રવૃંદ ધરાવતા હતા. સ્વ.ની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં સગાં-સંબંધી મિત્રવૃંદ જોડાઈ સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. સ્વર્ગસ્થનું બેસણું તા.૨૬/૫/૨૦૧૮ ને શનિવારના રોજ પ્રજાપતિ વાસ-જુના ગંજબજાર-થરા ખાતે રાખેલ છે.



# ધાનેરા નગરમાં શ્રીમદ્ ભાગવત-કથાની ધામધૂમપૂર્વક પૂર્ણાહુતી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરની પાવન પવિત્ર ભુમિમાં અધિક મહિના નિમિત્તે પિતૃ-મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું તા.૧૬-૫-૨૦૧૮ થી તા.૨૨/૫/૨૦૧૮ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. કથાના મુખ્ય યજમાન ધાનેરા નગરપાલિકા અધ્યક્ષ બળવંતસિંહ રાવ-પરિવાર તથા સન્માન પત્રકના યજમાન દશરથસિંહ રાવ હતા. કથા દરમ્યાન ગૌ-સેવા સમિતિ, ધાનેરા અને જલારામ આનંદ ગરબા મંડળ દ્વારા વિશેષ સહયોગ આપવામાં આવ્યો હતો કથાના વિશેષ લાભાર્થી દાતાઓ મોડસિંહ રાજપુત (ના. મામલતદાર) હરજીવનભાઈ પટેલ, ડૉ.લાખાભાઈ પ્રજાપતિ, કિશોરસિંહજી રાવ, ગૌભક્ત પુજ્ય ત્ર્યમ્બેકશ્વરજી મહારાજ, મફજી દેવાજી રાવ, બાબુસિંહજી રાવ જળ-સેવાના યજમાન ભુદરભાઈ મોહનલાલ પુજારા, મંડપના યજમાન નારણદાસ હરજીવનદાસ દક્ષિણી (મહાવીર મંડપ, ધાનેરા), પોથીના યજમાન રમેશભાઈ હરજીવન ભાઈ ઠક્કર, કીર્તીભાઈ ભીમજીભાઈ ઠક્કર, ભરતભાઈ શંકરલાલ આચાર્ય, મેવાડા રત્નાજી માંનાજી, હીમાબેન મોહનલાલ પુજારા, મગનલાલ દેવજીભાઈ ઠક્કર, દેવાજી ચુનાજી દરજી, દલપતરામ વાઘજીભાઈ આચાર્ય, ચતુરભાઈ ટેકચંદભાઈ પુજારા, શંકરલાલ વાલજીભાઈ કોટક તથા ઈશ્વરલાલ દેવજીભાઈ દેસાઈ તથા આમંત્રણ પત્રિકાના યજમાન રમેશભાઈ દિપચંદભાઈ ઠક્કર રહ્યા હતા.

કથા દરમ્યાન ડીસા નગરના આગેવાન ભગવાનભાઈ બંધુએ પોતાની વાણી દ્વારા શ્રોતાઓને ધર્મ-અનુલક્ષી માર્ગદર્શન આપ્યું હતું તથા ડીસા નગરનાં જાણીતા કથાકાર પુજ્ય યશવન્ત જી મહારાજ "સુખદેવ" દ્વારા ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું. પૂજ્ય એ સમસ્ત હરિભક્તો ને પુર્ણહુતી સમયે આર્શિવચન પાઠવ્યા હતા તથા કથાનું પૂણ્યફળ સમર્પિત કર્યું હતું. પુર્ણાહુતીના દિવસે ભવ્ય પોથીયાત્રા નગરજનો દ્વારા કરવામાં આવી હતી, સુખદેવ સેવા સંસ્થાન પ્રણેતા પૂજ્ય સત્યનારાયણજી મહારાજે દરેક હરિભક્તોને શુભકામનાઓ પાઠવી હતી સમગ્ર કથાનું સંચાલન સંજયભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કથાની પુર્ણાહુતી બાદ બળવંતસિંહ રાવે (ન.પા.અધ્યક્ષ) સમસ્ત નગરજનો તથા મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો.

# સદરપુર ખાતે શંભુનાથ ટુડીયાના હસ્તે સદગુરૂ કબીર સાહેબ આશ્રમનું ખાતમુહુર્ત



કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી ધારાસભ્યો શશીકાંતભાઈ પંડ્યા દિનેશભાઈ અનાવાડીયા- કિર્તિસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા. ડીસા તાલુકાના સદરપુર ગામે સદગુરૂ કબીર સાહેબ આશ્રમનું ખાતમુહુર્ત રાજય સભાના સંસદ અને અનુ.જાતિ પ્રદેશ અધ્યક્ષ શંભુનાથ ટુડીયા બાપુના હસ્તે થયું હતું. જે પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી, ધારાસભ્યો, કિર્તિસિંહ વાઘેલા અને શશીકાંતભાઈ પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહંતશ્રી શંભુનાથ બાપુએ પ્રાસંગિક પ્રવચનમાં આશ્રમ થકી સમાજ સેવા અને સુધારવાનું કાર્ય વ્યસનમુક્તિ સમાજ અને સંસ્કારવાળુ રાષ્ટ્ર ઘડતરમાં સંતો મહંતોનું યોગદાન રહેલ છે. ભેખ પહેરવો ઘણો જ કઠીન છે સંસારની અનેક મુશ્કેલીમાંથી પસાર થવું પડતું હોય છે. આ આશ્રમમાં પણ સંસ્કારનું ઘડતર થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. સંસદ હરીભાઈએ ગામડાઓમાં શિક્ષણ ક્ષેત્રે આવેલી જાગૃતિને બિરદાવી હતી. જયારે કિર્તિસિંહ વાઘેલાએ સાધ્વીશ્રી નંદાબાઈ દ્વારા શરૂ કરાયેલ સેવાયજ્ઞમાં સમાજમાં સંસ્કાર પીરસવાનું કામ થશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે અન્ય મહાનુભાવોમાં જાગનાથબાપુ, દિનેશભાઈ અનાવાડીયા, વિજયભાઈ ચક્રવર્તી, વિજય ભાઈ ચક્રવર્તી, દિનેશ ભાઈ દવે, ડાયાભાઈ પીલીયાતર, મફાજી સોલંકી, બાબરસિંહ વાઘેલા, રમેશભાઈ દેસાઈ, પૂર્વ ડેલિગેટ સરપંચ પનસિંહ સોલંકી, રમેશભાઈ પટેલ (ડેલીગેટ) રમેશભાઈ દવે, મુકેશસિંહ વાઘેલા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભીલડી આનંદ બંગ્લોઝ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાયો



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના નવી ભીલડી આનંદ બંગલોઝ ખાતે સ્વ.શાંતીલાલ જોષીની પુણ્ય સ્મૃતિ નિમિત્તે ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયુ હતું. આ જ્ઞાનયજ્ઞનું આયોજન સ્વ. ભગવાનદાસ ધનેશ્વરદાસ જોષી પરિવાર (રાધનપુરવાળા) તરફથી કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ જ્ઞાનયજ્ઞ ભીલડી તેમજ આજુબાજુના ગામોના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વક્તા પૂજ્યપાદશ્રી પુરૂષોત્તમભાઈ આચાર્યજીએ લોકોને ભાગવત કથાનું રસપાન કરાવ્યુ હતું. આ પ્રસંગે પથમેડા ગૌશાળાના દત્ત શરણાનંદ સ્વામી તથા ડીસા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા અને દત્ત શરણાનંદ સ્વામીએ પોતાના પ્રવચનમાં ગાય વિશે પ્રવચન આપી પંચદ્રવ્યમાં ગૌમાતાનું મહત્વ સમજાવી ગાયને પૂજ્ય માની ગાયમાતાની સેવા માટેનું મહત્વ સમજાવ્યુ હતું. આ સપ્તાહ યજ્ઞને સફળ બનાવવા માટે તુલસીભાઈ રાધનપુર વાળા વિનોદકુમાર રાવલ, બાબુલાલ દવે, દિનેશભાઈ દવે મહેસાણા, લક્ષ્મણભાઈ ભવાની શંકર મહેશ્વરી, હિંમત સિંહ સોલંકી, મનુભાઈ દવે તેમજ રાજેન્દ્રભાઈ રાજગોરે કાર્યક્રમને સફળ બનાવવા માટે ખડાપગે સેવા આપી હતી.

# પ્રેમ ભક્તિનું પરિણામ

ભગવાન શ્રી કૃષ્ણની લીલાઓની કથા કરતા નાદરજી ક્યારે થાકતા નહીં. તે જ્યાં જ્યાં જતાં ત્યાં ત્યાં ભગવાનની લીલાના ગુણગાન ગાતા રહેતા. એકવાર મહર્ષિ નાદરજી ફરતાં ફરતાં મદ્રદેશના રાજા બ્રહ્મત્સેનને ત્યાં પહોંચી ગયા. ત્યાં પણ તેમણે ભગવાન શ્રી કૃષ્ણની કથા-લીલા વર્ણવી. ત્યાં તે રહ્યાં દરમ્યાન તેમણે શ્રી કૃષ્ણના ખૂબ જ કથાગાન કર્યા. કૃષ્ણ ભગવાનની કથાઓ અને લીલાઓ સાંભળી અને બ્રહ્મત્સેન રાજાની કુંવરી કે જેનું નામ લક્ષ્મણા હતું તેને ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યે પ્રીતિ જાગી. તેણે મનોમન નક્કી જ કરી લીધું કે જો મને મારા પતિ તરીકે ભગવાન શ્રી કૃષ્ણ પ્રાપ્ત થશે તો જ હું પરણીશ. તેણે દરરોજ મનોમન શ્રી કૃષ્ણને પ્રાર્થના કરવા માંડી. તેણે પૂજા પાઠ અને વ્રત, જપ, તપ પણ કરવા માંડ્યા, કે જેથી કરીને શ્રી કૃષ્ણ જ પતિ તરીકે પ્રાપ્ત થાય. આમને આમ તેની ભક્તિ ચાલતી રહી.

રાજકુંવરી તો દિવસે દિવસે મોટી થવા લાગી અને તે પરણવા લાયક થઈ ગઈ તેને જોઈ અને તેના પિતા બ્રહ્મત્સેને લક્ષ્માને પરણવા માટે સ્વયંવર રચવાનો વિચાર કર્યો એટલે દૂરદેશાવરના રાજાઓને તે માટે નિમંત્રણ પણ પાઠવવામાં આવ્યા. તેમાં કૃત્રિમ માછલીને નીચે પાણીમાં તેનું પ્રતિબિંક જોઈ અને બાણ વડે તેને વિંધવાની એવી શરત મૂકવામાં આવેલી કે, જે આ કૃત્રિમ માછલીને બાણ વડે વિંધી નાખે તેને રાજકુમારી લક્ષ્મણા રત્નજડિત હાર પહેરાવી અને તેની સાથે લગ્ન કરે.

લક્ષ્મણા તો ખૂબ જ સ્વરૂપવાન હતી તેથી આ સ્વયંવરમાં તેને વરવા માટે કેટલાય રાજાઓ આવ્યા હતા. એ સૌ રાજાઓ જાતજાતના શસ્ત્રો અસ્ત્રો ચલાવવામાં અને યુધ્ધ વિદ્યાઓમાં નિપૂણ હતા. તે બધા રાજાઓનો યોગ્ય આદર સત્કાર પણ કરવામાં આવ્યો હતો.

જ્યારે સ્વયંવર શરૂ થયો ત્યારે પણ લક્ષ્મણાના હૃદયમાં તો ભગવાન શ્રી કૃષ્ણ જ રહેલા. એક એક કરતા રાજાઓ આવતા ગયા અને કાંઈકને કાંઈક અવદશા થઈ અને લક્ષ્ય વેદ તો ન કરી શક્યા પરંતુ, સૌની હાંસીના પાત્ર બને તેવી ઘટના ઘટાતી. આ રાજા મહારાજાઓમાં કર્ણ, શિશુપાલ, દુર્યોધન, ભીમ, જરાસંગ વગેરેનો પણ સમાવેશ થતો હતો. પરંતુ એ બધાને પીછે હઠ કરવી પડી છેલ્લે મહાન ધનુર્ધારી અર્જુન પણ આવ્યા. પરંતુ એ અર્જુન પણ સાવ નિષ્ફળ ગયો.

અર્જુન જેવાને નિષ્ફળ પામતો જોઈ અને રાજકુમારીના પિતા રાજા બ્રહ્મત્સેન સાવ નિરાશા પામ્યા તેમને લાગ્યું કે, હવે મારી પુત્રી લક્ષ્મણાને લાયક કોઈ પતિ નહીં મળે અને એ તો સાવ કુંવારી જ રહી જશે. તેમ વિચાર કરતાં રાજા બ્રહત્સેન ચિંતામાં પડ્યા.

બરાબર એ સમયે જ ભગવાન શ્રી કૃષ્ણ ત્યાં ઉપસ્થિત હતા. તે પોતાની જગ્યાએથી ઉભા થઈ અને લક્ષ્યવેદની જગ્યાએ પહોંચ્યા અને એક નજર લક્ષ્મણા તરફ નાખી અને મંદ મંદ સ્મિત કર્યું તેથી લક્ષ્મણાને મનોમન થયું કે, જરૂર ભગવાને મારી પ્રાર્થના સાંભળી લાગે છે તેથી આ બધી તેમની જ લીલા છે. તેણે રત્નજડિત હાર પોતાના હાથમાં લઈ લીધું અને નક્કી કરી નાખ્યું કે, હવે મને ભગવાન શ્રી કૃષ્ણને વરવાનો સમય આવી ગયો છે. ભગવાને રમતમાં ધનુષ્ય હાથમાં લઈ તેની પ્રત્યંચા ઉપર બાણ ચડાવી અને ક્ષણવારમાં માછલું વિંધી નાખ્યું. ચારે બાજુ ભગવાન શ્રી કૃષ્ણનો જય જયકાર થયો. રાજકુમારી લક્ષ્મણા રત્નજડિત હાર ભગવાન શ્રી કૃષ્ણને નજીક જઈ તેના ગળામાં પહેરાવી દીધું. દુદુંભી-નગારા વાગવા લાગ્યા, પુષ્પવૃષ્ટિ થઈ.

એ દરમ્યાન જે રાજાઓ લક્ષ્યવેદમાં નિષ્ફળ ગયા હતા તેમાંથી કેટલાક ક્રોધે ભરાયા અને ભગવાન શ્રી કૃષ્ણની પાછળ પડ્યા. પરંતુ ભગવાન શ્રી કૃષ્ણએ પોતે કવચ ધારણ કરેલું અને લક્ષ્મણાને રથમાં બેસાડી હરિફો સાથે યુધ્ધ કર્યું અને બાણાવડી કરી અને તે રથમાં બેઠા એટલે સારથી દારૂકે રથને દ્વારકા તરફ હાંક્યો. દ્વારાકામાં સ્વયંવરના સમાચાર ફેલાયા હતા. સર્વે આનંદ હતો. ત્યાં ભગવાન શ્રી કૃષ્ણ અને લક્ષ્મણાજીનો ભવ્ય સ્વાગત થયું. અને તેમને પણ પ્રેમભક્તિના લીધે પટરાણીનું સન્માન પ્રાપ્ત થયું હતું.

**આજનું ભજન**

દિલમાં વિચારી જો જો રે, કોણ છે કોનું..?
અંતરે ઉતારી લેજો રે, કોણ છે કોનું..?
કોના પિતા, કોના માતા,
કોના ઝુત ને કોના ભ્રાતા
સહુને આવીને જતા રે, કોણ છે કોનું..?
મા-બાપ કહે : બેટો મારો,
આકાશનો જેવો તારો.
ખરેખર એ ખરનારો રે, કોણ છે કોનું...?
પત્ની કહે મને વરિયો
એ તો પ્રેમનો પ્રેમનો દરિયો
દરિયો તો ખારો ભરિયો રે, કોણ છે કોનું..?
પુનિત લ્યો હાથ સાળા
મૂકી ઘો આ ચેન ચાળા
સાય સગા બંસીવાળા રે, કોણ છે કોનું..?

**કનકચંદ્ર સી.વ્યાસ**
**સંકલન : શ્રીમતી રમણતારા કે.વ્યાસ**

**સોલસુંબા જૈન સંઘ-ઊમર ગામમાં જાહેર પ્રવચન**

# પર પદાર્થની સ્પૃહા સૌથી મોટું દુઃખ છે : રાજરક્ષિતવિજયજી મ.



સુરત

શ્રી સોલસુંબા જૈનસંઘ - ઉમર ગામમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજી તથા પંન્યાસ જયભૂષણવિજયજીએ જણાવ્યું કે, સુખ અને દુઃખ જીવનના અનિવાર્ય ભાગ છે. દુઃખ આવે ત્યારે ડગી ન જવું પરંતુ સમતાથી તેનો સ્વીકાર કરવો જોઈએ. આપણા દુઃખને એટલું મોટું ન બનાવીએ કે સમગ્ર પરિવારની ખુશી છીનવાઈ જાય. જેટલા પણ આપઘાત થાય છે તેના મૂળમાં જોશો તો ખ્યાલ આવશે કે દુઃખ કરતાં દુઃખની કલ્પના માણસને હતાશ બનાવે છે. સુખ કરતાં પણ અપેક્ષા એ દુઃખ સારું છે. સુખમાં માણસ બેફામ બને છે. પાપોમાં ચકનાચૂર બને છે. પરંતુ પશુ પણ શરમાઈ જાય તેવા પાપો કરતો હોય છે. કોઈક વિરલ આત્મા હોય છે કે, સુખના સમયે ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, ઘર વિનાને ઘર આપીને આંતરડી ઠારવાનું કામ કરે છે. જે શ્રીમંતો સુખની પળોમાં ગરીબોના આંસુ લૂછવાનો પ્રયત્ન કરે છે તે કળિકાળનો મશીહા કહેવાય છે. તેના જીવનમાં દુઃખનો પડછાયો પણ આવી શકતો નથી. કરૂણતા એવી છે કે જયારે માણસ ગરીબ હોય ત્યારે તેને કોઈ ઓળખતું નથી. જ્યારે તે શ્રીમંત થાય ત્યારે તે કોઈને ઓળખતો નથી. ભરેલુ ખિસ્સુ તમને હજાર રીતે ગેરમાર્ગે લઈ જશે પણ ખાલી ખિસ્સુ જિંદગીની હજાર વસ્તુ સમજાવશે.

# બનાસકાંઠાનો ખેડુતવર્ગ બાજરીનો પાક લેવામાં વ્યસ્ત

## કાળઝાળ ગરમી વચ્ચે મજૂરોની પણ અછત


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં ઉનાળુ સિઝનનો મુખ્ય પાક બાજરીનું કાપણી અને લણણીનું કામકાજ શરૂ થયુ છે. ત્યારે સૂર્યનારાયણ દેવ પણ રૂઠ્યા હોય તેમ આકાશમાંથી અગનગોળા વરસાવી રહ્યા છે તેમ છતાં જિલ્લાનો ખેડુતવર્ગ હિંમત હાર્યા વગર બાજરી પાક લેવામાં વ્યસ્ત જોવા મળી રહ્યો છે.

ચાલુ સિઝનમાં જિલ્લામાં બાજરીના પાકનુ બહોળા પ્રમાણમાં વાવેતર થવા પામ્યુ હતું. જે પાક અત્યારે તૈયાર થઈ જતાં ઠેરઠેર ખેતરોમાં ખેડુતવર્ગ દ્વારા મજુરોની મદદથી બાજરીના પાક લેવાનું શરૂ કર્યુ છે. ચોમાસુ ઋતુનુ આગમન થાય તે પહેલા ખેડુતો બાજરીનો પાક લેવામાં લાગી ગયા છે.

**સારા ભાવો મળી રહે તેવી ખેડુતોને આશા**

દિવસે દિવસે વધતી જતી મોંઘવારીના પગલે બાજરીના પાકને પણ ખુબ સારો ભાવ મળી રહે તેવી ખેડુતવર્ગને આશા જોવા મળી રહી છે. રાજ્ય સરકાર દ્વારા ઘઉં, ચણા, રાયડા સહિતના ભાવોને ટેકાના ભાવ જાહેર કરી ખરીદી કરાય છે. ત્યારે બાજરીના પાકના પણ ટેકાના યોગ્ય ભાવ પાડે જેથી માર્કેટયાર્ડમાં પણ બાજરીના ઉંચા ભાવો મળી રહે તેવી ખેડુતોની આશા રહેલી છે.

અનુસંધાન પાના નં.૬

# થરાદ એસ ટી ડેપોમાં કોન્ટ્રાક્ટરની બેદરકારીથી મુસાફરો પરેશાન : અકસ્માતની દહેશત


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

નવા બની રહેલા થરાદ એસ.ટી.ડેપોની કામ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા ડેપોના તળીયા પર ધૂળની પુરાંત કરવામાં આવી છે. જેના પર એસ.ટી.બસો પુરજોશમાં પસાર થવાના કારણે આખા ડેપોમાં ધૂળનું સામ્રાજ્ય છવાઈ જાય છે. જેના કારણે ડેપોમાં બેઠેલા તથા અવર-જવર કરતાં મુસાફરો નામો અને કપડાં ધૂળથી ભરાઈ જાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીથી થતો પરસેવો અને તેમાં ચોટતા ધુળના પટ થી તેમણે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વળી ઉડતી ધૂળના કારણે કશું જોઈ પણ ન શકાતું હોઈ બે બસો વચ્ચે અથવા તો મુસાફરો સાથે અકસ્માત થવાનો પણ પુરો ભય ઉઠવા પામ્યો છે.આથી એસટી ડેપો દ્વારા સત્વરે પગલા લઈ તાત્કાલિક ધોરણે હટાવવામાં આવે અથવા તો પાણી છાંટીને તેને દાબી દેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# જળસંચય યોજનામાં ગ્રામ્ય તળાવોમાં મચ્છીમારી બંધ કરવા રજુઆત

ડીસા

રાજકોટ મહાજન પાંજરાપોળના ટ્રસ્ટી અને ભારત સરકારના એનીમલ વેલ્ફર બોર્ડ ઓફ ઈન્ડિયાના કો.ઓપ્ટ. મેમ્બર-ડિરેક્ટર રાજેન્દ્રભાઈ આર.શાહે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને જળ અભિયાનના કાર્ય માટે અભિનંદન પાઠવી પત્રમાં રજુઆત કરેલ કે આ કાર્યમાં અનેક ધાર્મિક સંસ્થાઓ, અહિંસા પ્રેમી સંગઠનો અને પૂજ્ય સાધુ સંતોના સહયોગ આશીર્વાદ પ્રાપ્ત થયેલ છે. તેથી જળસંચય અભિયાન સંપુર્ણ સફળ થાય અને મેઘરાજા મહેર કરે તે માટે રાજ્યના અંદરના વિસ્તારના તળાવો, નદી, નાળા, વ્હોળામાં જળાશયોમાં માછીમારી પર પ્રતિબંધ મુકાવો.

માછલા અને જળચર જીવો કુદરતી વ્યવસ્થા અનુસાર પાણીનું શુધ્ધીકરણ કરે છે. તેથી લોકોનું આરોગ્ય તંદુરસ્ત રહે છે. મરડો- કોલેરા- જળોદર જેવા પાણીજન્ય ચેપી રોગોથી બચી જાય છે. તે માટે પણ માછલીઓ જરૂરી છે. જળઅભિયાનની સફળતા માટે યોગ્ય કરો તેવી વિનંતી કરી છે.

# થરાદની એસબીઆઇમાં નો ડ્યુ સર્ટિફિકેટ માટે ખેડુતને ધક્કા મારી બહાર કઢાતાં ચકચાર

પ્રતિનિધિ થરાદ

થરાદના ભડોદરના ખેડૂતે દલાભાઈ નરસેંગભાઈ પટેલે નાયબ કલેક્ટરને કરેલી લેખિતમાં રજૂઆતમાં જણાવ્યું હતું કે પોતે લાંબા સમયથી હાઈવેની એસબીઆઈની થરાદ શાખામાંથી પાક ધિરાણ મેળવે છે.હવે ભાઈઓ ભાગે જમીનની વહેંચણી કરવાની હોઈ સરકારના નિયમ મુજબ જમીન ઉપર કોઈપણ જાતનો બોજો નથી તેવો બેંકનો બોજામુક્તિ નો દાખલો લેવા માટે બ્રાંચ મેનેજર પાસે ગયા હતા. મેનેજરે બેંકના નાણાં ભરવા જણાવતાં ગત ૧૯ ના રોજ ભરી દેતાં અઠવાડિયા પછી દાખલો લઈ જવાનું જણાવતા તે પ્રમાણે દાખલો લેવા જતાં ઉશ્કેરાયેલા મેનેજર પંદર-વીસ દિવસ મળશે તેવો જવાબ આપ્યો હતો.

જોકે બે-ચાર દિવસ બાદ ફરીથી ખેડૂત જતાં થાય તે કરી લે મારે આપવો હશે ત્યારે આપીશું તેમ કહીને ધક્કા મારીને બેંકમાંથી બહાર કાઢી મુકવામાં આવ્યો હોવાનું પણ જણાવ્યું હતું. વળી સિક્યુરીટી દ્વારા ખોટી ફરિયાદો કરવાની બીક બતાવતાં તેઓ બીકથી બેંકમાં પણ જઈ શકતા ન હોવાનો ફફડાટ વ્યક્ત કરતાં ચકચાર મચવા પામી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા થરાદ તાલુકાના એક ખેડૂતની પણ આવા જ પ્રકારની ફરિયાદ શહેરની હાઇવે સ્થિતઆ બેંક સેવાને લઈને ઉઠવા પામી હતી.શહેરની રાષ્ટ્રીયકૃત બેંકમાં ફરજ બજાવતા પૈકી કેટલાક કર્મચારીઓ તરફથી બેંકમાં રોજીદા કામકાજ માટે આવતા ગ્રાહકોને બેંકિંગ સેવાઓ સંતોષકારક રીતે સાથે નહી આપી તેમની સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી બેઈજ્જતી કરતા હોવાની વ્યાપક ફરીયાદો રોષ સાથે ઉઠવા પામીછે.

# ડીસાના વ્હોળા વિસ્તારના રહીશોના મકાનો કાયમી કરવાનો હુકમ



ડીસા

ડીસા નગરપાલિકા દ્વારા ડીસા શહેરના વ્હોળા વિસ્તારમાં આવેલા ૪૦૦ જેટલા મકાનોને હટાવવા માટે નોટીસ આપવામાં આવી હતી. જેના પગલે આ વિસ્તારના લોકોએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને કોર્ટે આ બાબતે રહીશોની તરફેણમાં ચુકાદો આપ્યો છે. ડીસા શહેરના વ્હોળા વિસ્તારમાં આવેલી વિવાદિત જગ્યા પર વસતા લોકો જ્યાં વસવાટ કરે છે એ વિસ્તારમાં ડીસા નગરપાલિકા તળાવ બનાવવા જઈ રહી હતી અને તેના માટે આ વિસ્તારમાં આવેલા લગભગ ૪૦૦ જેટલા મકાનોને દુર કરવા માટે ડીસા નગરપાલિકા દ્વારા નોટીસ પણ આપવામાં આવી હતી. પાલિકાએ આ વિસ્તારના રહીશોને નોટીસ આપ્યા બાદ આ વિસ્તારના રહીશો હાઈકોર્ટમાં ન્યાય મેળવવા માટે ગયા હતા. ત્યારે હાઈકોર્ટે આ મકાનોને કાયમી કરવાનો પાલિકાને હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. હાઈકોર્ટના આદેશના પગલે આજે આ વિસ્તારના રહીશો ડીસા નગરપાલિકામાં રજૂઆત કરવા માટે પહોંચી ગયા હતા અને તેમના મકાનોને કાયમી કરવા અંગેની માંગ કરી હતી.

# કાણોદરમાં વિજ કરંટથી ગાયનું મોત


સુરેશ અગ્રવાલ

**કાણોદર કોમ્પ્લેક્ષમાં વિજ મીટર લગાવવામાં બેદરકારીના કારણે બન્યો બનાવ**

પ્રતિનિધિ છાપી

પાલનપુર તાલુકા ના કાણોદરમાં આવેલા એક કોમપ્લેક્સ માં વીજ કરંટ લાગતા એક ગાયનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જેથી જીવ દયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પાલનપુરના કાણોદરમાં એક કોમ્પ્લેક્ષ ના માલીક ની બેદરકારી ના કારણે કોમ્પ્લેક્ષ ના વીજ મિટરો તેમજ વીજ વાયરો દીવાલની નિચે છુટા લગાવી દેતા એક ગાય દિવાલના છાંયડે આશરો લઈ રહી હતી તે દરમિયાન જીવન્ત વાયર ને અટકી જતા કરંટ લાગતા ગાયનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું ગાયના મોતને લઈ જીવદયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# જગાણા ખાતે નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં યજમાન ટીમની જીત



પ્રતિનિધિ જગાણા

જગાણા યુવક મંડળ આયોજિત નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું હેલીપેડના મેદાન ઉપર આયોજન કરાયું હતું. જેમાં ૩૦ દિવસ સુધી ચાલેલી આ ટુર્નામેન્ટમાં ૬૦ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં જગાણા અને સેમોદ્રાની ટીમ વચ્ચે ફાઈનલ મેચ યોજાઈ હતી. તેમાં સેમોદ્રા ઈલેવનની ટીમે ૧૬ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૨૩૮ રન બનાવ્યા હતા. યજમાન ટીમે ૪ વિકેટે શાનદાર વિજય મેળવ્યો હતો અને આયોજકો દ્વારા ટ્રોફી અને રોકડ રકમ વિજેતા ટીમને અને શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓને પ્રોત્સાહિત કરાયા હતા. દરેક ખેલાડીઓને ખેલદિલીપૂર્વકની ભાવનાથી દર વર્ષે ટુર્નામેન્ટ રમાડવામાં આવે છે.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા જગાણા ગામના સરપંચ ભરતભાઈ ચૌધરી, પ્રાંત અધિકારી જે.કે.જેગોડા, લાલજીભાઈ કરેણ, હિતેષભાઈ ચૌધરી, રતીભાઈ લોહ, ભેમજીભાઈ ચૌધરી, મોતીભાઈ જુઆ, ભાવેશભાઈ કરેણ જેવા અગ્રણીઓ ફાઈનલ મેચમાં હાજર રહ્યા હતા અને ટુર્નામેન્ટને સફળ બનાવી હતી.

# સણાવ ગામે તળાવ ઉંડું કરવાનું ખાત મુહુર્ત

પ્રતિ. કોતરવાડા

દિયોદર તાલુકાના સણાવ ગામે વિચરતા સમુદાય સમર્થનમંચ દ્વારા નવિન કુવાળીયા તળાવને ઉંડું કરવાનું વિચરતા સમુદાય સમર્થન મંચના બનાસકાંઠા સંયોજક નારણભાઈ રાવળ, કાર્યકરો તેમજ સણાવ ગામના સરપંચ દિનેશજી ઠાકોર અને તમામ ગ્રામજનોની હાજરીમાં બનાસકાંઠા જીલ્લાના સંયોજક નારણભાઈ કે.રાવળે જણાવ્યું હતુ કે ચોમાસામાં સારો વરસાદ થાય અને તળાવમાં પાણી ભરાશે જેથી પાણીના જે તળ ઉડા જઈ રહ્યા છે અને પાણીની તંગી સર્જાઈ રહી છે પરંતુ આ તળાવ ઉંડુ થતા તેમાં વરસાદના વહી જતા પાણીનો સંગ્રહ થશે. તેથી ભૂગર્ભ જળ ઉંચકાતા પાણીની સમસ્યાઓનું નિરાકરણ આવશે.

# ઓગડ દેવ દરબાર મઠમાં ગૌશાળાના લાભાર્થે ડાયરો યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં આવેલી ઓગડજી દેવ દરબાર જાગીરમઠ ગૌશાળા દ્વારા ગાયોની સેવા કરવાનું ખુબ જ સુંદર કાર્ય કરવામાં આવે છે. આ ગૌશાળામાં આશય મેળવી રહેલી ગાયોને ગૌશાળા દ્વારા સુંદર સુવિધાઓ પણ આપવામાં આવે છે ત્યારે તાજેતરમાં જ આ ગૌશાળાના લાભાર્થે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.. અને આ લોક ડાયરામાં ગુજરાતના પ્રસિદ્ધ ગાયક કલાકારો પણ પધાર્યા હતા.. જેમાં લલીતાબેન ધોડાધ્રા, લક્ષ્મણસિંહ સોલંકી, ગોપાલભાઈ બરડ સહીત પધારેલા કલાકારો પર ડાયરામાં આવેલા દર્શકોએ ચલણી નોટોનો વરસાદ કર્યો હતો.

# બ.કાં.જિલ્લા સહકારી સંઘના ડિરેકટર પદે બિનહરીફ


પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

વડગામ માર્કેટયાર્ડના ચેરમેન કે.પી.ચૌધરીની બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના ડિરેકટર તરીકે બિનહરીફ વરણી થતા ગત શુક્રવારે વડગામ તા.સહકારી સંઘના ચેરમેન સરદારભાઈ ધુળીયાની અધ્યક્ષતામાં તેઓનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. આ પ્રસંગે મેનેજર કાંમરાજભાઈ ભટોળ, ડિરેકટરો અને તા.ના સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બનાસકાંઠા જિલ્લાના પીઢ સહકારી અગ્રણી કે.પી. ચૌધરીની જિ.સ.સંઘના ડિરેકટર તરીકે બિનહરીફ વરણી થતાં સર્વત્ર આવકાર મળી રહ્યો છે. દરમ્યાન નરાસળના વિજયભાઈ ચૌધરી, તા.ભાજપના મહામંત્રી દશરથજી ઠાકોર, એદરાણાના યુવા સામાજીક કાર્યકર મહામંત્રી દશરથજી ચૌધરી વગેરેએ તેઓને આવકાર્યા હતા.

# ડીસા સાંઈબાબા મંદીર પાસે ઠંડા પાણીની પરબ શરૂ કરાઈ

ડીસા

ડીસામાં ગરમીનો પારો સતત ઉચકાઈ રહ્યો છે ત્યારે અગ્રવાલ સમાજની બહેનોએ રાહદારીઓ માટે પાણીની પરબનું શરૂ કરી ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ડીસા શહેરના સાઈબાબા મંદિર નજીક આ પરબનું ઉદ્ઘાટન કરાયું છે. ડીસા શહેરમાં ઉનાળા દરમ્યાન અસહ્ય ગરમી પડતી હોય છે. ત્યારે બહાર ગામથી આવતા મુસાફરોને પીવા માટે શીતલ જલ મળી રહે તે માટે આ પરબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે અગ્રવાલ સમાજના મહિલા આગેવાન કૌશલ્યાબેન અગ્રવાલ સહીત અન્ય મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા છાસ વિતરણનો કાર્યક્રમ યોજાયો

પાલનપુર

પાલનપુર શહેરના ગુરુનાનક ચોક ખાતે પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા આસપાસ ના ગામડાઓ માંથી આવતા લોકોને કાળઝાળ ગરમીમાં રાહત મળી રહે તે માટે ઠંડી છાસ વિતરણ નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંદાજે ૫૦૦ લીટર જેટલી છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી પરબતભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, શાસક પક્ષના નેતા હસમુખભાઈ પઢીયાર, શહેર ભાજપ યુવા પ્રમુખ અશોક પટેલ, રાષ્ટ્રીય યુવા મોરચાના કારોબારી સભ્ય હિતેશ ચૌધરી, શહેર મહિલા મોરચાના પ્રમુખ જાગૃતિબેન મહેતા સહિત યુવા ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આર્ટસ કોલેજ, લવાણાનું ગૌરવ

પ્રતિ. લવાણા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ દ્વારા માર્ચ/જુન-૨૦૧૮ માં લેવયેલ બી.એ.સેમેસ્ટર-૬ નું પરિણામ જાહેર થયેલ. આર્ટસ કોલેજ, લવાણામાં પ્રથમ ક્રમે ચૌધરી મનિષાબેન જીવાભાઈ (રવેલ)૭૯.૮૫ ટકા, બીજાક્રમે પઢાર (રાજપુત) કિરણસિંહ દુદાભાઈ (ચીભડા) ૭૯.૫૪, ત્રજા ક્રમે ચૌધરી કિંજલબેન વેલાભાઈ (નરાણા)૭૯.૦૮ ટકા, ચોથા ક્રમે રબારી વિમુબેન મશરૂભાઈ (વજેગઢ) ૭૮.૯૨ ટકા તથા પાંચમા ક્રમે વાઘેલા (રાજપૂત) અમિતાબેન પીરાભાઈ (ગણતા) ૭૮.૦૦ ટકા પઢિયાર (રાજપૂત) વિમળાબેન કરશનભાઈ (લવાણા) ૭૮.૦૦ ટકા સાથે ઉર્તીણ થયેલ છે.

પરીક્ષામાં જવલંત સિધ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને માનવનિકેતન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.યુ.કે.રાજપૂત, હિન્દવાણી રાજપૂત સમાજ, કોલેજ પરિવાર તથા સંચાલક મંડળ ખુબ ખુબ અભિનંદન પાઠવે છે. ભવિષ્યમાં આગળ પ્રગતિ કરે તેવી અપેક્ષા રાખે છે.

# ઉત્તર ગુજરાત યુનિ દ્વારા બી.એડ્. સેમીસ્ટર- ૨નું પરિણામ જાહેર

તા.પ્રતિનિધિ થરા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા માર્ચ-એપ્રિલ-૨૦૧૮ માં લેવાયેલ બી.એડ્. સેમીસ્ટર ૨ (બે) નું ૯૭.૬૯ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં ૨૭૬૮ પુરૂષ- ૩૯૯૭ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૬૭૬૨ પરીક્ષાર્થીઓ નોંધાયેલા તે પૈકી ૨૩૯૮ પુરુષ, ૩૭૪૧ સ્ત્રી મળી ૬૧૩૯ પરીક્ષાર્થીઓ પાસ થયેલ ૯૧ પુરુષ, ૫૪ સ્ત્રી મળી ૧૪૫ પરીક્ષાર્થીઓ નાપાસ જ્યારે ૧૫૩ પુરુષ, ૯૭ સ્ત્રી મળી કુલ-૨૫૦ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહેલ. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ડબલ્યુ મિસ્ક- ૧૧૩ પુરૂષ ૯૮ સ્ત્રી પરીક્ષાર્થી તથા ડબલ્યુ હેલ્ડ ૧ પુરુષ ૧ સ્ત્રી જ્યારે રીઝર્વમાં ૧ પુરુષ ૨ સ્ત્રી તથા ૮ પુરુષ ૪ સ્ત્રી પરીક્ષાર્થીના પરિણામ કેન્સલ- રદ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

આ પરીક્ષામાં ૨૩૪૩ જનરલ, ૧૫૩૧ એસ.સી., ૧૦૦૧ એસ.ટી. તથા ૧૭૪ ઓબીસી જાતિના પરીક્ષાર્થીઓ નોંધાયેલ તે પૈકી ૨૧૭૬ જનરલ, ૧૩૪૩ એસ.સી., ૮૪૧ એસ.ટી. તથા ૧૪૯ ઓબીસી જાતિના પરીક્ષાર્થીઓ પાસ થતા બેચલર ઓફ એજ્યુકેશન-બી.એડ. સેમીસ્ટર-૨ (બે) નું પરિણામ ૯૭.૬૯ ટકા જાહેર કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠા જીલ્લામાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન અન્વયે ચાલતાં ૪૩૭ કામો માંથી ૧૩૯ કામો પૂર્ણ થયાં

પાલનપુર

સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અન્વયે બનાસકાંઠા જીલ્લામાં વિશાળ પાયે વિવિધ કામો ચાલી રહ્યાં છે. જળ સંચય અભિયાનના નોડલ ઓફીસર અને કાર્યપાલક ઈજનેર સિપુ યોજનાની કચેરી ડીસા તરફથી મળેલી માહિતી અનુસાર, માસ્ટસર પ્લોોન મુજબ ૫૮૧ કામોના લક્ષ્યાંક સામે તા.૨૩ મે સુધીમાં જિલ્લામાં ૨૮૯ ગામોમાં કુલ-૪૩૭ કામો ચાલી રહ્યા છે. ૧૩૯ જેટલાં કામો પૂર્ણ થયાં છે. ૧૪૫ જેટલી સંસ્થાઓ કામગીરી કરે છે. આ કામો ઉપર ૪,૨૩૫ જેટલા શ્રમીકો અને ૨૨૮ જેસીબી/હિટાચી મશીનો તથા ૪૧૧ ટ્રેકટરો અને ડમ્પેરોથી કામ કરવામાં આવે છે.

આ અભિયાન દ્વારા તળાવો ઉંડા કરવા, તળાવ ડિસીલ્ટીંગ અને તળાવ સુધારણાના કામો, ચેકડેમ ડિસીલ્ટીંગ, આડબંધ સુધારણા, ખેત તલાવડી, માટી પાળા અને બંધપાળાનાં કામ, નદીને પુનઃજીવીત કરવાની કામગીરી, વન તલાવડી રિપેરીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કેનાલ ક્લિનીંગ, જુથ યોજનાના એરવાલ્વ રિપેરીંગ કરવા જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે.

જળસંચય અભિયાનથી વરસાદના વહી જતા પાણીને તળાવો, ચેકડેમો અને જળાશયો વગેરેમાં રોકીને ભરવાથી વિરાટ પ્રમાણમાં પાણી જમીનમાં સંચય થશે ને તે વિસ્તોરનાં ભૂગર્ભજળ સ્તરર ઉંચા આવવાથી ખેડૂતો વધુ વિસ્તાજરમાં ખેતી કરી સારી આવક મેળવી શકશે. સરકાર અને લોકભાગીદારીથી ચાલતા જળ સંચય અભિયાનથી બનાસકાંઠા જીલ્લો લીલોછમ્મી - હરીયાળો બનશે. ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં વધુ પ્રગતિ જોવા મળશે.

જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાં પણ તા.૨૩ મે સુધી કુલ-૨૯ કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ ૧૫ કામો પાલનપુર નગરપાલિકા દ્વારા શરૂ કરાયાં છે.

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓના ૨૮૯ ગામોમાં જળસંચયના ૪૩૭ કામો ચાલી રહ્યા છે. જેની તાલુકાદીઠ વિગત આ પ્રમાણે છે. પાલનપુર-૪૫, ડીસા-૨૮, થરાદ-૩૮, ભાભર-૧૮, ધાનેરા-૨૦, કાંકરેજ-૨૧, લાખણી-૨૬, વડગામ-૨૮, વાવ-૨૨, સૂઈગામ-૧૮, અમીરગઢ-૪૬, દાંતા-૯૭, દાંતીવાડા-૧૩ અને દિયોદર તાલુકામાં ૧૭ કામો ચાલી રહ્યા છે.

# લોકોને રાહત : અમદાવાદમાં ગરમીના પ્રમાણમાં વધુ ઘટાડો

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં એકાએક ઘટાડો થતાં સામાન્ય લોકોને આજે રાહત થઈ હતી. જો કે, બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો બે ડિગ્રીથી વધુ ઘટી ગયો હતો. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ઘટીને ૪૧.૯ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ થયો હતો જ્યાં પારો ૪૩.૭ ડિગ્રી રહ્યો હતો. હવામાન વિભાગ તરફથી મહત્તમ તાપમાન માટે કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તંત્ર સાવધાન છે. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે. વધતી જતી ગરમીના કારણે લોકો હવે વધુમાં વધુ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વધતી ગરમી વચ્ચે પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૧૯ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૭૪૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૯ જ દિવસમાં ૧૭૩ અને ટાઈફોઈડના ૨૦૪ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૯ દિવસના ગાળામાં ૨૭૬ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા.

# વ્હાલા સંતાનો માટે પંદર મીનીટ તો કાઢવી જોઈએ : રાજરક્ષિતવિજયજી મ.સા.

સુરત

શ્રી ભીલાડ પાર્શ્વનાથ ભગવાન પેઢી- ભીલાડમાં પંન્યાસ પ્રવર શ્રી રાજરક્ષિતવિજયજીએ જણાવ્યુ કે, ઈંટ, સીમેન્ટ, રેતી કે પથ્થરમાંથી તો માત્ર મકાન જ બને, જો ઘર બનાવવું હોય તો વડીલોની હૂંફ બહુ જ જરૂરી છે. વડીલોની હાજરી માત્રથી જ કેટલાય વિકટ પ્રશ્નો સાવ સહજતાથી ઉકલી જતા હોય છે. વૃક્ષ ભલે ફળ આપતું બંધ થાય એટલે નકામું બની જતું નથી. છાંયડો તો આપે છે. તેમ વડીલ ભલે ઘરકામમાં મદદ ન કરી શકે પરંતુ તેમની હૂંફ આશિષ ભયંકર સંકટોને ખતમ કરે છે. જેમણે તમને જન્મ આપ્યો છે તે માતપિતા અને જેમણે તમારા માટે જન્મ લીધો છે તે વ્હાલા સંતાનોની પાછળ દરેક વ્યક્તિએ પંદર મિનિટ તો કાઢવી જ જોઈએ. સંપતિ આપણા માટે છે.

અનુસંધાન પાના નં.૬

# જમીન વિકાસ નિગમના કાંડમાં નાસતા ફરતા દેસાઇની ધરપકડ

અમદાવાદ

રાજયભરમાં ખળભળાટ મચાવનારા ગુજરાત રાજય જમીન વિકાસ નિગમના કૌભાંડમાં છેલ્લા ઘણા દિવસોથી નાસતા ફરતાં જમીન વિકાસ નિગમના ભાગેડુ અધિકારી એમ.કે. દેસાઈ આખરે એસીબીના સંકજામાં ઝડપાઈ ગયા છે. ઈન્ચાર્જ મદદનીશ નિયામક એમ.કે.દેસાઈ આ સમગ્ર પ્રકરણમાં છેલ્લાં ૪૩ દિવસથી ફરાર હતા. જેની પાસેથી સર્ચ દરમ્યાન રૂ. ૯ લાખની રોકડ મળી આવી હતી. જમીન વિકાસ લાંચ કૌભાંડમાં હજી પણ બે આરોપીઓ ફરાર છે. એસીબીના અધિકારીઓએ હવે તેઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ગાંધીનગર ખાતે જમીન વિકાસ નિગમ લિમિટેડની કચેરીમાં થોડા દિવસો પહેલા એસીબી દ્વારા પાડવામાં આવેલી રેડમાં ઓફિસમાંથી જ સર્ચ ઓપરેશન દરમિયાન માત્ર એક જ દિવસની જમા થયેલી રકમ રૂ. ૫૬ લાખની રોકડ મળી આવી હતી. રાજયભરમાં ભારે ચકચાર જગાવનાર જમીન વિકસ નિગમના આ ભ્રષ્ટાચારના કૌભાંડમાં એમ.કે. દેસાઈ પાસેથી રૂ.૯ લાખ રોકડ મળી આવી હતી. જ્યારે રેડ વખતથી જ એમ.કે. દેસાઈ ફરાર હતા. પોલીસ તેને શોધી રહી હતી. દરમિયાન તે અમદાવાદ -ગાંધીનગર હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બાતમીના આધારે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. અત્યાર સુધીમાં એસીબી દ્વારા આ કૌભાંડમાં કુલ ૪ આરોપીઓને ઝડપી લેવાયા છે. જ્યારે હજી પણ બે આરોપીઓ ફરાર છે. પોલીસ તેની તપાસ ચલાવી રહી છે. સરકારી કચેરીમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર અંગે એસીબીએ અત્યાર સુધીમાં સૌથી મોટું ઓપરેશન પાર પાડ્યું હતું.

# તંત્રી સ્થાનેથી ...

**રામ બે વાર નિશાન લગાવતા ન હતા અને ન તો બે વાર બોલતા હતા.**

## ગેરરીતિઓને ડામવા યુનિવર્સિટીઓમાં લોકપાલની નિયુક્તિ જરૂરી

રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓમાં સૌથી વધુ ગેરરીતિની ફરિયાદો પ્રકાશમાં આવી રહી છે. આશ્ચર્યની વાત તો એ છે કે કુલપતિઓની નિમણુંક ગેરકાયદે થતી હોવાની ફરિયાદો છેક હાઈકોર્ટ સુધી પહોંચી છે. જે એક શિક્ષણ સંસ્થા માટે યોગ્ય ન કહેવાય. ત્યારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા દરેક રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓમાં ચાલતી ગેરરીતિઓ અને ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિયુક્તિ કરવાની સૂચના અપાઈ છે અને આ સુચના બાદ મધ્યપ્રદેશ સરકાર દ્વારા દરેક યુનિવર્સિટીમાં લોકપાલની નિયુક્તિ માટે ચાર કુલપતિની એક કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ એસ.એન.પટેલને ચેરમેનનું પદ આપવામાં આવ્યું છે, આ કમિટીની પ્રથમ બેઠક આગામી ૩૦ મી એ બોલાવવાની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. આ રીતે પ્રત્યેક યુનિવર્સિટીએ આગળ આવવુ જોઈએ. દેશના દરેક રાજ્યોમાં આવેલી અને રાજ્ય સરકાર સંચાલિત સરકારી યુનિવર્સિટીઓની અંદર ચાલતી ગેરરીતિઓની ફરિયાદો બહાર આવતી રહે છે અને આ ફરિયાદોની તપાસ ઝડપથી કરી શકાય તે માટેની વ્યવસ્થા હાલમાં ઉપલબ્ધ નથી. જેના કારણે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ સમક્ષ ફરિયાદ કરવાની નોબત આવી છે.

રાજ્યના શિક્ષણ વિભાગ પાસે એટલી બધી કામગીરી પડતર હોય છે કે શિક્ષણ વિભાગના સત્તાધિશો જુદી જુદી યુનિવર્સિટીઓની ફરિયાદો પર ધ્યાન આપી શકતા નથી.

દેશમાં પ્રત્યેક ગેરરીતિ માટે કાયદો ઘડવામાં આવે છે પરંતુ યુનિવર્સિટીઓમાં ચાલતી ગેરરીતિ બાબતે કાયદા શાસ્ત્રીઓ પણ કઈ કરી શકે તેમ નથી. ભલે ગમે તેટલી ફરિયાદો ઉભી થાય પરંતુ તેનો કોઈ અર્થ સરતો નથી અને ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિયુક્તિ અતિ જરૂરી છે. આ બાબતે શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકારે દરમ્યાનગીરી કરી આ કોકડુ ઉકેલવા યોગ્ય કર્યા સિવાય છૂટકો જ નથી.

રાજ્યની ઘણી બધી શૈક્ષણિક સંસ્થાઓની અંદર સામાજીક તત્વોનો પગપેસારો થતો હોય છે અને આવા તત્વોને સંસ્થામાંથી દૂર કરવા માટે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ક્યારેક ગુંડા તત્વોને ટકોર કરવામાં આવતી હોય છે. પરંતુ તેનો કોઈ અર્થ સરતો નથી અને આવા તત્વો દ્વારા વિદ્યાર્થીનીઓની છેડતીના બનાવો પણ બનતા હોય છે. જેથી યુનિવર્સિટીઓમાં ફોટાવાળા ઓળખપત્ર વિના અન્ય કોઈ પ્રવેશ કરે તો તેને જેલહવાલે કરવાની જોગવાઈ છે. તેમ છતાં યુનિવર્સિટીઓમાં નિયમોનું ઉલ્લંઘન થયા વિના રહેતું નથી. દિવસે દિવસે યુનિવર્સિટીની વિશ્વસનીયતા છેક તળિયે જઈ રહી છે. તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા દરેક યુનિવર્સિટીઓની ફરિયાદો સાંભળે અને તેના પર કાર્યવાહી કરે તે માટે સ્વતંત્ર લોકાયુક્તની નિમણુંક કરવાનો નિર્દેશ કર્યો હતો. જેના અનુસંધાનમાં તાજેતરમાં મધ્યપ્રદેશ સરકારે તેનો અમલ કરી દીધો છે. જો કે શિક્ષણવિદોનું માનવું છે કે ગુજરાતમાં યુજીસીના નિર્દેશનો સત્તાધીશો પોતાની રીતે અર્થઘટન કરતાં હોય છે. યુજીસીએ કુલપતિની નિમણુંક બાબતે ચોક્કસ નિયમો નક્કી કર્યા છે. પરંતુ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

## ''ગુજરાત દલિત એકતા સમિતિ'' દ્વારા દલિત મહાસંમેલન

ગુજરાતમાં દલિતો માટે કામ કરતી વિવિધ સંસ્થાઓને સંગઠિત કરવાના આશયથી ''ગુજરાત દલિત એકતા સમિતિ'' ની રચના કરવામાં આવી છે. ''ગુજરાત દલિત એકતા સમિતિ'' દ્વારા દલિતો-પીડીતો- વંચિતો ઉપર વધતા અત્યાચારો સામે સંગઠિત થઈ જાગૃતિ લાવવાના આશયથી તા. ૨૭/૦૫/૨૦૧૮ રવિવારે બપોરે ૧૨.૦૦ વાગે દેશી લોહાણા વિદ્યાર્થી ભવન, કાંકરીયા, ફુટબોલ ગ્રાઉન્ડ સામે, અમદાવાદ ખાતે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સંમેલન અંગે માહિતી આપતા આયોજકો નટુભાઈ પરમાર (પ્રમુખ), મોહનભાઈ પુરબીયા, રામજીભાઈ રાઠોડ, નિતિનભાઈ મારૂ, મીનાબેન મકવાણા, લક્ષ્મીબેન વાઘેલા, ગોપાલભાઈ ચૌહાણએ જણાવ્યું કે આ સંમેલનના પ્રમુખ સ્થાને દલિતોનું રખોપુ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમિતભાઈ ચાવડા, મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર, ગુજરાત પ્રદેશ મહામંત્રી વિજયભાઈ દવે, રાજસ્થાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સાંગીલાલ વર્મા, પી.કે.વાલેરા, સુનિલભાઈ વાઘેલા(વાલ્મિકી એકતા મંચ) બનાસકાંઠા જિલ્લાના પંચાયતના સભ્ય દિનેશભાઈ પરમાર અને બાવળાના કોર્પોરેટર પ્રવિણભાઈ ચૌહાણ ઉપસ્થિત રહેશે.

## વારંવાર ભયાવહ સપના આવવા તે રોજિંદા જીવનથી હતાશ થઈ ગયાની નિશાની છે : અભ્યાસ

રાતે ઊંઘનો એક તબક્કો એવો હોય છે જેમાં કુદરતી રીતે જ સપનાં આવે છે. જોકે એ સપનાં હમેશા ડરામણા અને ભય પમાડે એવાં હોય તો એ તમે તમારા જીવનથી હતાશ છો એનું લક્ષણ છે. વારંવાર એક જ પ્રકારનાં ભયાનક સપનાં આવ્યા કરતાં હોય તો તમારી મનૌવૈજ્ઞાનિક જરૂરિયાતો અધૂરી રહ્યાની કે અને તમારો તમારા પોતાનામાં ઓછો આત્મવિશ્વાસ હોવાની નિશાની છે. આવા લોકો પોતાને આવતાં સપનાંઓનું વિશ્લેષણ પણ નકારાત્મક રીતે કરે છે. બ્રિટનની યુનિવર્સિટી ઓફ કાર્ડિફના નિષ્ણાતોએ વ્યકિતના રોજિંદા ફ્સ્ટ્રેશન તેમ જ માનસિક જરૂરિયાતોની અધૂરપને રાતનાં સપનાં સાથે સાંકળીને એમની વચ્ચેનો સંબંધ સમજવાની કોશિશ કરી હતી. અભ્યાસકર્તાઓએ નોંધ્યું હતું કે વારંવાર જેને ખરાબ કહી શકાય એવાં સપનાં આવતાં હોય તો એ તેમની દિવસભરની હતાશાઓનું પ્રતિબિંબ હોઈ શકે છે. જાગ્રત અવસ્થાનમાં જે માનસિક જરૂરિયાતો અધુરી રહી જાય છે એ તમને આવતાં સપનાંઓમાં રિફ્લેકટ થાય છે. આ માટે નિષ્ણાતોએ બે પ્રયોગ કર્યા હતા. એક પ્રયોગમાં ૨૦૦ જણને વારંવાર આવતાં અને યાદ રહી ગયેલાં સપનાં વિશે પૂછવામાં આવ્યું હતું બીજા પ્રયોગમાં ૧૧૦ લોકોને તેમને આવેલાં સપનાનું વિશ્લેષણ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ લોકોને તેમની ડ્રીમ ડાયરી તૈયાર કરવાનું પણ કહેવામાં આવ્યું હતું. બન્ને અભ્યાસના અંતે નિષ્ણાતોએ તારવ્યું હતું કે દિવસ દરમ્યાન રહી ગયેલી અધુરી ઈચ્છાઓ અને કંઈક ન પામ્યાનું કે ગુમાવ્યાનું ફ્સ્ટ્રેશન અનુભવતી વ્યકિતને વારંવાર ભયાનક સપનાં આવે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## એનટીપીસીએ બાલિકા સશક્તિકરણ અભિયાનનું ઉદ્‌ઘાટન કર્યું


ફોટો : શાંતી શાહ

ભારતની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદન કંપની એનટીપીસી મહિલાઓ અને બાલિકાઓની ઉન્નતિમાં અગ્રણી રહી છે અને હંમેશાથી તેમને આત્મનિર્ભર બનાવવા માટે સહાયતા આપે છે. આ જ દિશામાં એક પગલું આગળ વધારતાં એનટીપીસીએ ૨૧ મે, ૨૦૧૮ ના રોજ વિધ્યાંચલ, સિંગરૌલી તથા રિહંદ પ્રોજેક્ટમાં અને તેના આજુ-બાજુના ક્ષેત્રોમાં બાલિકાઓને સશક્ત બનાવવા માટે ''બાલિકા સશક્તિકરણ મિશન'' અભિયાનના પ્રથમ પ્રોજેક્ટના ઉદ્‌ઘાટનની ઘોષણા કરી છે. એનટીપીસી પ્રોજેક્ટના આજુ-બાજુ રહેનાર બાલિકાઓને સંભવિત રીતથી શિક્ષિત અને સશક્ત બનાવવું આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ છે.આ અનોખી સામરિક સીએસઆર પહેલના માધ્યમથી, બાલિકાઓના સશક્તિકરણને વધારો આપવાં માટેના પ્રયાસમાં એનટીપીસી બાલિકાઓને શિક્ષણ, સ્વાસ્થ્ય તથા આત્મ-રક્ષા વિશે જાગરૂત બનાવવા માંગે છે. ચાર અઠવાડિયા સુધી ચાલનાર આ રિહાયશી કાર્યશાળામાં વિધ્યાંચલથી ૧૩૭, સિંગરૌલીથા ૧૨૫ અને રિહંદથી ૧૩૦ બાલિકાઓ ભાગ લઈ રહી છે, જેનું આયોજન આ ક્ષેત્રોના સંબંધિત કર્મચારી વિકાસ કેન્દ્રોનામ કરવામાં આવશે. એનટીપીસી પ્રોજક્ટ્સમાં તથા આજુ-બાજુના ક્ષેત્રોમાંથી ૧૦-૧૨ આયુવર્ગની બાલિકાઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ રહી છે.

આ કાર્યક્રમના માધ્યમથી એનટીપીસી ગ્રામીણ ભારતમાં કન્યા ભ્રૂણ હત્યાથી જોડાયેલ ખોટી અવધારણાઓને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે અને બાળકોને તેમની ક્ષમતા તથા પ્રતિભા પ્રદર્શિત કરવાનો અવસર આપી રહી છે. એનટીપીસી પોતાના સામાજિક ઉત્તરદાયિત્વ હેઠળ સમાજ કલ્યાણ માટે કેટલાંક કાર્યક્રમોનું સંચાલન કરી રહી છે,

**<u>અમન આકાશ પાર્ટી પ્લોટ ખાતે ૧થી ૩ જૂન ૩ દિવસીય કાર્નિવલ</u>**

## પ્રો ક્રિએશન ઈવેન્ટ્સ દ્વારા પ્રથમવાર ૩ દિવસીય સમર કાર્નિવલ એક્સ્પો 'કિડ્ઝો ઝોન-૨૦૧૮'નું અનોખું આયોજન



અમદાવાદ

કાળઝાળ ગરમી છે પણ છતાં યાદગાર એવો ઉનાળુ વેકેશનનો આ સમય છે અને આ એ દિવસો છે કે જેના માટે સ્કૂલે જતા બાળકો રાહ જોતા હોય છે અને તેઓ તેમના માતાપિતા, પરિવારજનો અને સંબંધીઓ સાથે વધુ ગુણવત્તાયુક્ત સમય પસાર કરવા ઈચ્છતા હોય છે.આ થોડા મહિનાઓ કે જેમાં સર્જનાત્મક જોડાણ અને તણાવવિહિન સમય હોય છે જેમાં બાળકોની ખાસ પ્રતિભા, તેમના શોખ અને નવી ચીજો શીખવાની આતુરતા તેમના વાલીઓ દ્વારા બહાર લાવવા પ્રયાસ કરવામાં આવે છે. દરેક આધુનિક સમયના બાળકોના માતાપિતા ખરેખર એ જાણવા માગે છે કે કયા ક્ષેત્રમાં તેમના બાળકો ઉત્કૃષ્ટ છે અને તેઓ તણાવમુક્ત વાતાવરણમાં શું શીખે.આ વિઝન સાથે અને અમદાવાદના બાળકોની સર્જનાત્મક સંભાવનાઓને બહાર લાવવાના હેતુથી પ્રો ક્રિએશન ઈવેન્ટ કે જે મિનલ ભુવા, વિકાસ ડાહિયા અને નાગેશ્વર શુક્લ (ડિરેક્ટર્સ, પ્રોક્રિએશન ઈવેન્ટ્સ પ્રા. લિ.)નું માનસ સંતાન છે તેના દ્વારા પ્રથમવાર ૩ દિવસીય કાર્નિવલ કિડો ઝોન ૨૦૧૮નું આયોજન થયું છે જેમાં વાલીઓ અને બાળકો એકબીજાની વધુ નજીક આવી શકે છે અને જીવનમાં તેઓની વચ્ચે અનોખું જોડાણ સર્જી શકે છે. આ કાર્નિવલમાં તેઓ નવીનતમ ચીજો શીખશે અને નવી સંભાવનાઓ આનંદ અને પડકારો સાથે શોધી શકશે. આ અનોખા ફન એક્સ્પોમાં મનોરંજન અને પ્રોત્સાહનની ખાતરી છે જેનું આયોજન અમન આકાશ પાર્ટી પ્લોટ ખાતે ૧થી ૩ જૂન દરમિયાન સાંજે ૫ વાગ્યાથી શરૂ કરીને રાત્રે ૧૧ વાગ્યા સુધી થશે.એક ખાસ વિશેષતા આ કિડ્સ એક્સ્પોની એ છે કે અનેક સ્કૂલ્સ અને સંસ્થાઓ સાથે આવીને એક સ્થળે બાળકોને પ્રોત્સાહન આપશે. અને અમારી પાસે બાળકો માટે મનોરંજન અને પ્રોત્સાહક વિભાગો છે. વાલીઓ અને બાળકો વચ્ચે ખાસ જોડાણ આ સ્થળે વધુ મજબૂત થઈ શકશે.' '૦-૯ વર્ષના બાળકો માટે કોઈ એન્ટ્રી ફી નથી. અને વાલીઓ અને બાળકો માટે ભાગ લેવો હોય તો કોઈ પાર્ટીસિપેશન ફી પણ નથી. વાલીઓ અને બાલકો માટે ખરીદી માટે ખાસ સ્ટોલ્સ છે. મનોરંજન વિભાગ માટે, જમ્પિંગ જેક, ડાન્સ ફલોર, કાર્ટૂન કેરેક્ટર, વિવિધ રાઈડસ વગેરે છે. જ્યારે પ્રોત્સાહક વિભાગમાં, ફેશન શો, ટેલેન્ટ હન્ટ, બોન્ડિંગ ગેમ્સ વગેરે સામેલ છે. વિજેતાઓને ભેટ પણ આપવામાં આવશે. તેમાં ખાસ ઈન્ટરએક્શન વિભાગ પણ છે જેમાં અનાથ બાળકો અને દિવ્યાંગ બાળકો પણ પર્ફોર્મ કરશે. મૂવી સ્ક્રીનીંગ પણ અહીં યોજાશે.'

## કેમ ઈઝાઝ ખાન તેની બહેન માટે પિતા જેવો અહેસાસ કરે છે.



ઝી ટીવીના વિકેન્ડ ચેટ શો જઝ્ઝબાત્ત સંગીન સે નમકીન તક ઘણાં લોકપ્રિય હસ્તીઓનું જીવન ક્રોનિકલ કરી રહ્યું છે જેમાં રોહીત અને રોનીત રોય, અદા ખાન, દિવ્યંકા ત્રીપાઠી, ધીરજ ધુપ્પર, કીકુ શારદા અને બીજા ઘણાં. શો દ્વારા, દર્શકોને તેમના ચાહિતા કલાકારોના અંગત જીવનની અંદર ડોક્યુ કરવાનો, તેમના પ્રેરણા સ્ત્રોત જેવી વાર્તાઓ, સફળતા અને સ્ટારડમ વિશે જાણવા આગવી તક મળે છે. શો ના આવનાર એપીસોડમાં લોકપ્રિય ખાન્સ ઈકબાલ ખાન અને ઈઝાઝ ખાન દિલ ખોલીને રાજીવ ખંડેલવાલ સાથે વાત કરતાં જોવા મળશે. ૨૦૦૩માં સાથે બોલીવુડમાં કારકીર્દી શરૂ કર્યા બાદ, આ ત્રીપુટએ લાંબી મિત્રતા નિખાવી અને ૧૫ વર્ષ પછી સ્ક્રીન પર સાથે આવ્યા.

બધી જ મજાક અને મસ્તી દરમ્યાન, એક સમય આવ્યો જ્યારે ઈઝાઝે તેના પરિવાર વિશે અને તેના બાળપણ વિશે વાત કરી ત્યારે ભાવુક બની ગયો હતો. તેને જણાવ્યું કે તેની માતાનું મૃત્યું થયું ત્યારે, તેનો પરિવાર ખરાબ સમય માંથી પસાર થયું હતું. થોડાક વર્ષો પછી, તેને તેની બહેન સાથે ફરી જોડાવવાનું નક્કી કર્યું જે તેના નાના-નાની સાથે અલગ રહેતી હતી જ્યારે તે તેના પિતા સાથે મુંબઈ સ્થાયી થઈ. તેના અલગ સંબંધો સાથે, તે તેના વિશે ચોક્કસપણ જાણતો પણ ન હતો પરંતુ તે તેની શોધમાં નિકળી ગયો અને તે બંન્ને ભેગા થયાં. વધુ જાણવા, જુઓ જઝ્ઝબાત્ત....સંગીન સે નમકીન તક દર શનિવારે અને રવિવારે સાંજે ૭ વાગે માત્ર ઝી ટીવી પર

## ''સરદારધામ એકતાના પ્રતિક સાથે આગવી ઓળખ''સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ



સમગ્ર દેશ અને દુનિયામાં સરદાર પટેલ દ્વારા ભારતની સ્વતંત્રતા ચળવળમાં અગ્રિમ ભુમિકા ભજવી અને ખાસ કરીને ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહ બાદ વલ્લભભાઈ પટેલ ''સરદાર'' તરીકે ઓળખાયા અને આઝાદી બાદ દેશને સાચા અર્થમાં સાર્વભૌમત્વ (Sovereignty) અને અખંડીતા સ્થાપવામાં સરદાર પટેલનો સિંહફાળો છે તે સૌ કોઈ જાણે છે. આવા સરદાર પટેલે જેમ એકતા અને અખંડિતતા આપી તે જ સ્વરૂપે પાટીદાર વંશજોએ સમાજની એકતા અને અખંડિતતાનું જતન કરવું અનિવાર્ય છે જેથી સૌ પાટીદારોએ જુદા જુદા વાડાઓ અને ભેદભાવ ભૂલીને ઉત્તરદાયિત્વ નિભાવી રહ્યા છે.ઉક્ત વિભાવનાને સાચા અર્થમાં ચરિત્રાર્થ કરવા માટે પાટીદાર સમાજના અગ્રણી, શ્રેષ્ઠીઓએ પ્રગતિશીલ વિચારધારા સાથે ''સરદારધામના'' બિજ રોપાયા અને તેના પરિપાકરૂપે કાયદાકીય પીઠબળ ધરાવતું ''સરદારધામ'' ટ્રસ્ટની વિધિવત નોંધણી ચેરીટી કમિશ્નર સમક્ષ તા.૦૯-૦૯-૨૦૧૫ના રોજ રજીસ્ટરનં ઈ/૨૦૯૨૪/અમદાવાદ ૮૦(G) No. AAPT 3354 N/ 129/15-16/T-0398/80G(5) થી કરવામાં આવી. આ ટ્રસ્ટના બંધારણના મુખ્ય ઉદ્દેશો સમસ્ત પાટીદાર સમાજનો સર્વાંગી વિકાસ થાય અને તે દ્વારા પાટીદારની આગવી ઓળખના મુલ્યો જળવાય તે માટે સામાજીક સમરસતા, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ થાય તે બંધારણના મુખ્ય ઉદ્દેશો છે અને સરદારધામના મિશન અને વિઝનને લક્ષમાં રાખી પંચામૃતના મુખ્ય વિષય વસ્તુ (Theme) સાથે સમાજનું વૈશ્વિક જોડાણ પગદંડીથી મહાન મુકામ તરફની ઉંડાન, સમાજ સેતુ યોજના, ઉજ્જવળ ભવિષ્ય માટે કારકિર્દી અને ઔદ્યોગિક સાહસ યોજના, સમાજ સેતુ ભવન, અતિથી ભવન જેવા મુખ્ય પાંચ લક્ષ્યબિંદુઓને ધ્યાનમાં રાખી સરદારધામ દ્વારા નવી પેઢીના યુવાનો સિવિલ સર્વિસમાં જોડાય તે માટ UPSC/GPSC ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કેળવણીધામ નિકોલ, યુ.સી.ડી.સી. સોલા, ગાંધીનગર, ભાવનગર, વડોદરા, સુરત, મહેસાણા તેમજ ઊંઝા ખાતે આમ આઠ તાલીમ કેન્દ્રો કાર્યાન્વિત કરેલ છે અને ખૂબ જ ટૂંકાગાળામાં આ કેન્દ્રોમાંથી ૧૭૦ જેટલા વર્ગ-૧, ૨ અને ૩ માં સફળ થઈ સરકારમાં નિમણૂંક મેળવેલ છે. આજ રીતે ''મહેસૂલી માર્ગદર્શન કેન્દ્ર'' પણ સરદારધામની મુખ્ય કચેરીમાં કાર્યાન્વિત કરેલ છે અને તબક્કાવાર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં પણ શરૂ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય લેવાયેલ છે. આજ રીતે કાનુની માર્ગદર્શન કેન્દ્ર, શિક્ષણ સહાય નિધી, દીકરીઓની ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના અમલીકરણ (Action taken) ના ભાગરૂપે સમાજના પ્રથમ હરોળના ૧૦ હજાર ઉદ્યોગપતિઓનું સંગઠન કરવાની જાહેરાત સમિટ દરમ્યાન કરવામાં આવેલ અને તેને મૂર્તિમંત કરવા તા.૨૬-૫-૧૮ના રોજ સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણેથી ''પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ'' ની ઉપસ્થિતીમાં વિધિવત રીતે ''ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન''નું (GPBO) Launching શુભારંભ કરવામાં આવશે અને તે જ દિવસે આ અંગેનું પોર્ટલ તેમજ વેબએપ્લીકેશન પણ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી તેમજ સરદારધામ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટીઓ હોદ્દેદારોની ઉપસ્થિતીમાં કરવામાં આવશે.

**<u>કલાપી અને દાલીયા એજ્યુકેશન ગ્રુપ દ્વારા</u>**

## ગુજરાતમાં સૌપ્રથમવાર પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરી શિક્ષણથી જ બાળકને સક્ષમ બનાવવાનો નવતર અભિગમ



અમદાવાદ

કલાપી અને દાલીયા ગ્રુપ દ્વારા ગુજરાતમાં શ્રેષ્ઠ એકેડેમિક અને ટેક્નોલોજીના શિક્ષણ માટે છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણમાં અગ્રેસર બ્રાન્ડસ સાથે મળીને ૨૧મી સદીનું આઈડીયા, ઈનોવેશન, સેલ્ફ કોન્ફીડન્સ, સ્કીલ તેમજ વિશ્વની શ્રેષ્ઠ ટેક્નોલોજી સાથેના શિક્ષણની મણીનગર (જવાહર ચોક) અમદાવાદ ખાતે નવી શરૂઆત ૨૬-૦૫-૨૦૧૮ને શનિવારના રોજ સાંજે ૬:૩૦ કલાકે થઈ રહી છે. જેમાં સોલારિસ કીડસ, આઈઆઈટી નર્સરી તેમજ ફલોરા-૯ જેવી ત્રણ બ્રાન્ડસ વર્ષ ૩ થી ૧૪ સુધીના બાળકોને પ્રિપ્રાયમરી – પ્રાયમરીનું વિશ્વકક્ષાનું શિક્ષણ આપશે. અમેરિકા, લંડન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુરોપ જેવા વિકસીત દેશોની શિક્ષણ પધ્ધતિ અને ભારતમાં ચાલી રહેલી શિક્ષણ પધ્ધતિ વચ્ચે ૧૦ વર્ષની ઉડી ખાઈ છે, તે પૂરાય તે હેતુથી આ સ્કૂલ શરૂ કરીને વિકસીત દેશોની શિક્ષણ પ્રણાલી ભારતીય વિદ્યાર્થીઓને મળી રહે તેવો અમારો પ્રયાસ છે.

સોલારિસ પબ્લીક સ્કૂલના ડાયરેક્ટર શ્રી અલ્પીત મણીયારે જણાવ્યું હતું કે, બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાનો પાયો બાંધવા લાગણી અને લોજિક(તર્ક) દ્વારા જમણા અને ડાબા બ્રેઈનનો ઉપયોગ સરખી રીતે કરી શકે તેવી ભારતમાં અમારી સૌપ્રથમ શિક્ષણની શરૂઆત છે. શ્રેષ્ઠ શિક્ષકોને વર્ષમાં ત્રણવાર ટ્રેનિંગ અને ડિબેટ સેશન રાખી આજના યુગમાં સતત પરિવર્તનશિલ શિક્ષણ આપી સફળતાના સારથીઓ તૈયાર થાય તેવી ઈશ્ક્ષ (રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ) વિભાગ સ્કૂલમાં બનાવ્યો છે.

## ઝી ક્લાસિક રજૂ કરે છે, કલ્ટ મૂવી 'કયામત સે કયામત તક' ૨૫મી મે, ના રોજ સાંજે ૬.૪૫ વાગ્યે



એક મૂવી જેને રોમાન્સને કંઈક નવો અર્થ આપ્યો છે, તે પણ રિયાલિસ્ટિક પ્લોટની સાથે અને તે સંબંધિત પાત્રોનની સાથે, કયામત સે કયામત તક, એ એક કલ્ટ ફિલ્મ બની ગઈ, જેના દ્વારા આમિર ખાન અને જુહી ચાવલા જેવા નવા કલાકારોને રાતોરાત સ્ટાર બનાવી દીધા હતા. મૂવીએ તાજેતરમાં જ ૩૦ ભવ્ય વર્ષો પૂરા કર્યા અને હજી પણ તે કલ્ટ સ્ટેટસ સાથે દર્શકોનું દિલ જીતી રહી છે, તેના કેટલાક યાદગાર ડાયલોગ્સ અને હ્રદયસ્પર્શી સંગીતની સાથે. આમિર ખાન અને જુહી ચાવલાને મુખ્ય પાત્રમાં ચમકાવતી આ ફિલ્મમાં દિલિપ તાહિલ, રીમા લાગુ અને આલોક નાથ પણ અગ્રણી ભૂમિકામાં જોવા મળશે, આ મૂવી ઝી ક્લાસિક, તેની પ્રસ્તાવના વો ઝમાના કરે દિવાના હેઠળ, મન્સુર ખાનના માસ્ટરપીસ તરીકે, શુક્રવાર, ૨૫મી મે, ૨૦૧૮ના રોજ સાંજે ૬.૪૫ વાગ્યે રજૂ થશે.ગ્રામ્ય ભારતના બેકડ્રોપર પર આધિરીત, કયામત સે કયામત તક એ બે દુશ્મન ધનરાજ સિંઘ (દિલિપ તાહિલ) અને રણધિર સિંઘ(ગોગા કપૂર)ની વાર્તા છે. જ્યારે તેમના બાળકો રાજ (આમિર ખાન) અને રશ્મિ (જુહી ચાવલા) બંને એકબીજાના પ્રેમમાં પડે છે, ત્યારે તેઓની વચ્ચે દુશ્મની ચરમસીમાએ પહોંચે છે. પરિવારની વચ્ચે આટલી દુશ્મની છતાં પણ આ બંને જોડી દરેક મુશ્કેલીઓનો સામનો કરે છે અને સાથે મળીને દરેક અડચણોમાંથી બહાર આવે છે. આ દુશ્મનાવટથી દૂર સ્વર્ગ સ્થાપવાના નિર્ણય સાથે આ જોડી ભાગી જાય છે. જો કે, તેમના પિતાઓના એકબીજા માટેના ગુસ્સા અને તિરસ્કારથી અંધ આ જોડીને અલગ કરવા માટે દરેક પ્રયાસ કરી જાય છે.શું રાજ અને રશ્મિ ક્યારેય સાથે મળશે? કે પછી નસીબ આ બંને પ્રેમીઓને અલગ કરી નાખશે?

## હોન્ડાકાર્સ ઈન્ડિયા દ્વારા ભારતમાં સંપૂર્ણ નવી બીજી પેઢીની હોન્ડા અમેઝ ગુજરાતમાં લોન્ચ કરવામાં આવી



અમદાવાદ

પ્રીમિયમ કાર્સની અગ્રણી ઉત્પાદક હોન્ડા કાર્સ ઈન્ડિયા લિ. (એચસીઆઈએલ) દ્વારા ભારતીય બજારમાં બહુ પ્રતિક્ષિત સંપૂર્ણ નવી બીજી પેઢીની હોન્ડા અમેઝ રજૂ કરવામાં આવીહતી. નવા મંચ પર નિર્મિત બીજી પેઢીની અમેઝ ગ્રાહકોને ખુશી આપવા માટે સંશોધન અને વિકાસમાં નાવીન્યતાના હોન્ડાના જોશને સમાવેછે. કારતેની સંપૂર્ણ નવી બોલ્ડ ડિઝાઈન, આધુનિક અને મોકળાશ ભર્યું ઈન્ટીરિયર, વધુ કાર્યક્ષમ પાવરટ્રેન, અનન્ય ડ્રાઈવિંગ ગતિશીલતા, આધુનિક ફીચર્સ અને સુરક્ષાની ટેકનોલોજીઓ સાથે પ્રીમિયમ અનુભવ કરતાં એક ક્લાસ ઉપર લઈ જાય છે. સંપૂર્ણ નવી અમેઝમાં ભારતીય બજારમાં ઉદ્યોગની સૌ પ્રથમ ડીઝલ સીવીટીટેકનોલોજી છે, જે શક્તિશાળી અને આસાન ડ્રાઈવિંગ અનુભવ આપે છે. આ આધુનિક સીવીટી સાથે હોન્ડાનું પ્રથમ ડીઝલ એન્જિન છે અને ભારત આ ટેકનોલોજી લોન્ચ કરનાર પ્રથમ બજાર બની રહેશે. ભારતીય ગ્રાહકોને આધુનિક ટેકનોલોજીઓ આપવાની અમારી કટિબદ્ધતાની રેખામાં અમેઝ આધુનિક ડીઝલ સીવીટી સાથે આવેછે, જે દુનિયામાં હોન્ડાની પ્રથમ આવી ટેકનોલોજી છે અને ભારતીય બજારમાં ઉદ્યોગમાં પ્રથમ છે. સંપૂર્ણ નવી બીજી પેઢીની હોન્ડા અમેઝ હોન્ડા આરએન્ડડી એશિયાપેસિફિકકં. લિ. ખાતે ભારતીય ગ્રાહકોની જરૂરતો અને આકાંક્ષાઓને પાર જવાના લક્ષ્ય સાથે વ્યાપક બજાર સર્વેક્ષણોને આધારે વિકસાવવામાં આવી છે. ભારત વૈશ્વિક સ્તરે હોન્ડા માટે મુખ્ય બજાર છે. સંપૂર્ણ નવી અમેઝનું લોન્ચ કરનાર આ પ્રથમ દેશ છે.

## શ્રી રાજારામજીએ ઠાકુરને કહ્યું 'સમજવો હોય તો પ્રભુનો આદેશ સમજો'

**જ્ઞાન સરિતા**
**-મુકેશ આંજણા**

શ્રી રાજારામજી મહારાજે ગામના ઠાકુરને ત્યાં હાળીનું કામ કરવાની શરૂઆત કરી. તેઓ ખૂબ જ નાની ઉંમરથી સુખ અને દુ:ખને સમાન દ્રષ્ટિકોણથી જોયું હતું.

એક ક્ષણ પણ શ્રી રાજારામજીને બેસી રહેવામાં માનતા ન હતા, કારણકે પરિશ્રમ કરવાથી આનંદ પ્રાપ્ત થાય છે. હાળીનું કામ કરવા માટે અથાગ પરિશ્રમ કરવો પડતો હોય છે.

બાળ શ્રી રાજારામજી તનતોડ મહેનત કરવાથી તેના વળતરરૂપે માત્ર બે સમયનું ભોજન મળતું હતું. આવી કઠીન પરિસ્થિતિ હોવા છતાં પણ ભગવાન સામે કોઈ પ્રકારની ફરિયાદ ન હતી પરંતુ આ પરિસ્થિતિ નિર્માણ થવા બદલ ઈશ્વરનો આભાર વ્યક્ત કરતા હતા.

ઘણીવાર એવું બનતું હોય છે કે માણસ બીજાનું સુખ જોઈને નાખુશ થાય છે. શ્રી રાજારામજી સખત પરિશ્રમ કરીને ભોજન પ્રાપ્ત કરતા હતા તેવા સમયે ગામના નાઈને પસંદ ન હતું. શ્રી રાજારામજીને સુખ મળતું હતું તે છીનવી લેવા માટે કોશિશ કરવામાં આવી. એક દિવસ નાઈએ ઠાકુરને કહ્યું કે હુકમ! તમે જે રાજુને(શ્રી રાજારામજી) હાળી રાખ્યો છે તે તમને ખૂબ જ મોટું નુકસાન પહોચાડી રહ્યો છે. જે ભોજન માટે રોટલીઓ આપવામાં આવે છે તે માંથી અડધી રોટલીઓ કુતરાઓને ખાવા માટે આપી દે છે, એવી રીતે તમારા અન્નનો બગાડ કરે છે. હુકમ કે જેટલી રોટલી આપીએ તેના કરતાં અડધી આપી શકીએ તો પણ ચાલી શકે તેમ છે.

દેશમાં લોકશાહી સ્થાપિત થઈ ન હતી તે સમયે ઠાકુરનો ખૂબ જ ત્રાસ હતો. ઠાકોરની ખુશામત કરનાર તેઓની આજુબાજુ રહેનાર લોકો સત્યથી વાકેફ થવા દેતા ન હતા. તેના પરિણામે વિચાર કર્યા વગર, વિવેક વગર કોઈ નિર્ણય લઈ લેવામાં આવતા.પૈસાદારો અને ગરીબો વચ્ચે મોટું અંતર રાખવામાં આવતું હતું. ગરીબ લોકોનું શોષણ થતું હતું. લોકો ખૂબ જ ગરીબ હોવાના લીધે મજૂરી કરીને જીવન પસાર કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો.

ચતુરાઈથી ઠાકુરની ખુશામત કરનાર નાઈના કહેવાથી સાચી વાત માનીને શ્રી રાજારામજીને બારના બદલે માત્ર છ રોટલી ભોજન માટે મોકલવામાં આવી.પરંતુ શ્રી રાજારામજીના સ્વભાવમાં કોઈ પરિવર્તન આવ્યું નહી તેઓ તે માંથી અડધો ભાગ કુતરાઓને રોટલી આપી દેતા હતા, થોડો સમય બાદ ચાર રોટલી મોકલવામાં આવી તેમાંથી અડધી રોટલીઓ કુતરાઓને ખાવા માટે આપી દેતા હતા.

ઠાકુરની ખુશામત કરનાર નાઈ આટલાથી સંતોષ મળ્યો નહી, તેણે ફરીથી ઠાકુરને કહ્યું 'માઈ બાપ' તમે એવી વ્યવસ્થા કરો કે શ્રી રાજારામજી રાવળે (ઠાકુરની હવેલી)માં આવીને ભોજન કરે અને એવું કરીશું તો ભોજનનો અડધો ભાગ કુતરાઓને આપશે નહીં પરિણામે અન્ન પણ બચી જશે અને શ્રી રાજારામજીની ટેવ પર અંકુશ પણ લાગી જશે. ઠાકુરને નાઈની વાત પસંદ આવી અને હવેથી શ્રી રાજારામજીને ભોજન રાવળે આવીને કરવાનું રાખે તેવા સંદેશ મોકલવામાં આવ્યો.

આધ્યાત્મિક ગુણો ધરાવનાર શ્રી રાજારામજી ઠાકુરના આદેશનું પાલન કર્યું અને ભોજન લેવા માટે રાવળે પહોચ્ચી ગયા. તેઓએ ભોજન કરવા માટેનો પ્રારંભ કર્યા અને ત્યારે ઠાકુરની દાદીમા -રાણીઓ પણ હાજર હતી અને ખુદ ઠાકુર પણ ત્યાં જ હતા. શ્રી રાજારામજી રોટલા ખાવાની શરૂઆત કરી અને એક પછી એક ખાતા જ ગયા, થોડી વારમાં સોળ રોટલા શ્રી રાજારામજી ખાઈ ગયા, પરાતમાં મોળેલો લોટ સમાપ્ત થઈ ગયો હતો. ફરથી લોટ મોળીને રોટલા બનાવવામાં આવ્યો તે સમાપ્ત થઈ ગયો. સ્તબ્ધ કરી નાખે-નવાઈ લાગે એવી ઘટના રાવળાના લોકો દેખતા રહી ગયા....

શ્રી રાજારામજી સોળ રોટલા ભોજનમાં પીરસ્યા બાદ ઠાકુરની માતાએ કહ્યું કે ' રાજુ હજી ... ત્યારે શ્રીરાજારામજી અતિ સહજ ભાવથી કહ્યું 'ભુખ છે તે ત્યાં સુધી ખવડાવજો'

આ પ્રથમ ચમત્કાર શ્રી રાજારામજીનો હતો. ઠાકુર અને તેના પરિવાર તમામ સભ્યો આ ઘટનાથી સમજી ગયા હતા કે સામે બેસીને રોટલાની માંગ કરનાર કોઈ સામન્ય વ્યક્તિ નથી પરંતુ કોઈ ચમત્કારી પુણ્યાત્મ છે.

શ્રી રાજારામજીએ જાણે બાળક જેમ ફરીથી કહ્યું કે ' જેટલું ખાઉં એટલું તો આપો' ત્યારે ઠાકુરએ શ્રી રાજારામજી સામે બે હાથ જોડીને કહ્યું ' અમારાથી ભૂલ થઈ ગઈ છે અને અમે લોકો તમને સમજી શક્યા નહીં' તેવા સમયે મારવાડની ધરતી પર શ્રી રાજારામજીએ માનવ સમુદાયને અતિ ઉપયોગી થાય તે માટે ટૂંકમાં આધ્યાત્મિક પ્રથમ પ્રવચન આપ્યું હતું.

શ્રી રાજારામજીએ કહ્યું કે ''સમજવ હોય તો પ્રભુનો આદેશ સમજો, પોતાનું દુ:ખ-પીડા સમજો , પોતાના કર્તવ્યને સમજો, માફી માંગવી હોય તો મારી સામે નહીં પરંતુ તેની જોડે માંગો કે જેમને તમે જાણે- અજાણે સતાવ્યા હોય...અને રહી વાત ભૂલની. ભૂલ કરવી તે માણસનો સ્વભાવ છે અને ભૂલ કરીને માણસ પછતાય છે તેણે ભગવાન માફ કરી દે છે. આટલું કહીને શ્રી રાજારામજી ઉભા થઈ ગયા અને હાથ જોડીને બોલ્યા: હું હવે ચાલુ છું તમારે ત્યાં માત્ર આટલ જ દિવસોના દાણા- પાણી હતા હવે ક્યાંક બીજે આસરો મળશે. રામ ...રામ....

ઠાકુરે રોકવા માટેનો ખૂબ જ પ્રયાસ કર્યા પણ દ્રઢ સંકલ્પ અને આત્મવિશ્વાસથી ભરેલ, પ્રભુની પરમ ભક્તિમાં લીન શ્રી રાજારામજી બધાને રામ રામ કહીને ત્યાંથી નીકળી ગયા.....

**(માહિતી સ્ત્રોતઃ વિનય સંકોચી લિખિત પુસ્તક 'રાજેશ્વર ધામ-એક પાવન તીર્થ')**

(ક્રમશ)

**- મુકેશ આંજણા**

## અભિનેત્રી, મોડલ અને કાર્યકર્તા મન્નુ સંધુએ વુમન્સ ઈકોનોમિક ફોરમમાં 'એક્સેપ્શન વુમન ઓફ ધ યર' એવોર્ડ મેળવ્યો



દિલ્હીમાં યોજાયેલા વુમન્સ ઈકોનોમિક ફોરમમાં અભિનેત્રી, મોડલ અને કાર્યકર મન્નુ સંધુને 'એક્સેપ્શન વુમન ઓફ ધ યર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ છ દિવસીય એન્યુઅલ ફોરમમાં ૪૦થી વધુ સેક્ટર્સ ઉપર ૫૦૦થી વધુ સેશન યોજાયાં હતાં.

મન્નુ સંધુએ ભારતમાં આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીતીને સાબિત કર્યું કે તેઓ માત્ર સુંદર ચહેરો જ નથી ધરાવતા, પરંતુ ઘણાં પ્રતિભાશાળી છે. એક અભિનેત્રી અને મોડલ હોવાની સાથે તેઓ વાનકૂવર ઈન્ટરનેશનલ સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલના પ્રોડ્યુસર પણ છે તથા તેઓ પર્યાવરણ બચાવવાની ઝુંબેશમાં પણ સામેલ થવા બદલ પણ જાણીતા છે.તાજેતરમાં તેમણે 'દાદર બીચ કેમ્પેઈન'ને પોતાનો ટેકો જાહેર કર્યો હતો, જેમાં અભિનેત્રી અને કાર્યકર દિયા મિરઝા, યુવા સેનાના પ્રેસિડેન્ટ આદિત્ય ઠાકરે પણ જોડાયા હતાં. મન્નુ સંધુએ મુંબઈમાં વૃક્ષારોપણ અને ઘરોમાં પ્લાસ્ટિકની ચીજોનો ઉપયોગ બંધ કરાવવા સંબંધિત જાગૃતિ અભિયાનમાં પણ સક્રિયપણે ભાગ લીધો છે. તેઓ પર્યાવરણની સુરક્ષાને પ્રોત્સાહન આપવા તેમજ વૈશ્વિક સ્તરે સાતત્યપૂર્ણ જીવન સંબંધિત જાગૃતિ ફેલાવવા માટે પ્રયત્નશીલ રહ્યાં છે.




સંતાએ બંતાથી પૂછ્યા
પ્રેમ અને મિત્રતામં શું ફરક છે
બંતાએ જવાબ આપ્યા - પ્રેમ સોના છે અને મિત્ર હીરા
સોના તૂટીને ફરીથી બની જાય છે
પણ હીરા તૂટીને બીજો નહી બને....

ooooooooo

એક અકસ્માત દરમિયાન એક માણસે પોતાનાં હાથ ગુમાવતાં બે બુમો પાડી રહ્યો હતો. હે ભગવાન, મારા હાથ કપાય ગયા. હવે હું શું કરીશ...ત્યાં ઉભેલા બંતાએ તેને આશ્વાસન આપતાં કહ્યું, તું આટલો કેમ રડી રહ્યો છે....જો પેલાએ તો પોતાનું માથું ગુમાવ્યું તો પણ ચુપચાપ પડી રહ્યો છે.

સંતા :- આપણે બંને એકબીજાને પ્રશ્ન પુછીએ.જે જવાબ ન આપી શકે તે દસ રૂપિયા આપે.

બંતા :- તું મારા કરતાં વધુ ભણેલો છે એટલે તારે વીસ રૂપિયા આપવાનાં હતાં.

સંતા :- સારું બંતા, ત્રણ પુંછડી, ચાર આંખ અને ચૌદ પગ હોય એવું પ્રાણી ક્યું ?

બંતા :- મને નથી ખબર, આ લે વીસ રૂપિયા, અને હવે તું એ જાનવરનું નામ કહે.

વિજુ :- મને પણ નથી ખબર, આ લે દસ રૂપિયા

ooooooooooo



# મધુવન

**'થોડુંક ધન કુબેરોનું મને પણ મળે તો ઠીક,**
**હું પણ તમારી જેમ ક્યાં બાંધી જનાર છું'**

શીર્ષક શે'ર માં સ્વ.જલન માતરી કુબેરોના ધનની વાત કરે છે. જગતની જે કુલ સંપત્તિ છે એ સંપત્તિનો મોટો હિસ્સો માત્ર દસ ટકા વ્યક્તિઓ પાસે જ છે. જ્યારે બાકીના નેવું ટકા વ્યક્તિઓ પાસે માત્ર દસ ટકા જ સંપત્તિ છે. આપણી સંસ્કૃતિમાં જોકે સંપત્તિને ઓછું મહત્વ અપાયું છે એટલે જ દરીદ્રનારાયણ જેવા શબ્દો આપણામાં સાંભળવા મળે છે. કોઈક વિચારકે કહ્યું છે કે આ પૃથ્વી પર જ્યાં સુધી ધર્મ, સિક્કા અને કપડાં ચાલશે ત્યાં સુધી માણસ જાતને સુખી કરવી મુશ્કેલ છે. કોઈ સમ્રાટ સંપત્તિ સાથે લઈને જતો નથી છતાંય ન જાણે કેમ આ સંપત્તિની અસમાન વહેંચણીથી માનવ ખુબ દુ:ખી છે.

**'નથી ખોટો સિક્કો એ પુરવાર કરવા,**
**ઘણીવાર મારે ખખડવું પડયું છે'**

'દિલહર' સંઘવીના આ શે'ર માં સાચા ખોટા સિક્કાની વાત થઈ છે. આપણે જાણીએ છીએ કે પાણીના પાણીમાં ને દુધમાં આખરે દુધમાં રહે છે. એક અંધ માણસ શાકભાજી વેચવાનો ધંધો કરે, સૂર્યપ્રકાશ હોય ત્યારે થોડુંક જોઈ શકે, નાનકડા ગામમાં એ શાકભાજી વેચેપ સાંજ પડે ગામલોકો એને સાચા સિક્કાની સાથે ખોટા સિક્કા આપી જાય, પધરાવી જાય, સિકકાને હાથમાં લેતાં જ એને સ્પર્શથી ખ્યાલ આવી જાય કે સિક્કો ખોટો છે પણ ચલાવી લે અને હસતાં હસતાં એ શાકભાજી આપી દે. અંતે એ મરવા પડયો અને છેલ્લી પ્રાર્થના કરી કે હે ખુદા મેં આજીવન ખુબ ખોટા સિક્કાઓ ચલાવી લીધા છે આજે તારી પાસે એક ખોટો સિક્કો આવે છે તું પણ એને ચલાવી લેજે.

**'પગ પસારૂં કે ટુંટીયું વાળું,**
**તોય ચાદર તો વેંત ખુટે છે,**
**મોંઘવારીનું સત્યાનાશ જજે,**
**બાર સાંધુને તેર તુટે છે'**

ખલીલ ધનતેજવીના આ મુકતકમાં ચાદર હોય એટલા જ પગ લંબાવવાની વાત વ્યકત થઈ છે. મોંઘવારી એ માઝા તો કયારનીય મુકી દીધી છે.પણ ભોળી પ્રજા બાળક જેવી છે એ જ્યારે રડે છે ત્યારે એના હાથમાં રંગીન ઘુઘરો પકડાવી દેવાય છે. બીજી વાતે વાળી દેવાય છે. લાખોના જીવ આ મોંઘવારીએ લીધો છે. ખેતીપ્રધાન દેશમાં જગતનો તાત ગણાતો ખેડૂત દેવામાં આત્મહત્યા કરે છે તો બીજી તરફ લાખો લુંટીને આપણા લોકો વિદેશ નાસી જાય છે.

**'પુરાને વકત કા સિક્કા હું મુજકો ફેંક ન દે,**
**લુટે દિનોં મેં યે મુમકીન હૈ મૈં ભી ચલ જાઉં'**

મોહંમદ અલવી જરા જુદા અર્થમાં વાત કરે છે પણ આપણે આજના મધુવનના સંદર્ભે વાત કરીએ તો જુના સમયમાં એક રૂપિયાના સિક્કા પર ઘઉં દોરેલા હતા. રૂપિયામાં અનાજ મળતું હતું. ગામલોકો કહેતા કે રૂપિયાનો સિક્કો ગાડાના પૈડા જેવડો હતો. મતલબ કે એનાથી ઘણું બધું ખરીદી શકાતું હતું. આજના રૂપિયાના સિક્કા પર અંગુઠો છપાયેલો છે. આપણને જાતે છેતરાયાની લાગણી થાય છે, નોટબંધી વખતે એક નવું સરસ વાકય ફરતું થયેલું કે, 'બહુ મોટી નોટ થઈને ન ફરતા નહીં તો ખબર પણ નહીં પડે ને બજારમાંથી ફેંકાઈ જશો.' આજની બેંકોની હાલત જોતાં સ્વામી સચ્ચિદાનંદજીની વાત સાવ સાચી લાગે છે. જુના લોકો પોતાની કમાણીનો અમુક હિસ્સો દાન-ધર્મમાં વાપરતા, તો અમુક હિસ્સો જમીનમાં દાટી દેતા. અંતે જોઈએ રાજેશ વ્યાસ 'મિસ્કીન' નો આ સુંદર શે'ર.

**'તારૂં કશુંય ન હોય તો છોડીને આવતું**
**ને તારૂં બધું જ હોય તો છોડી બતાવતું'**

**ધેંગાભાઈ એન'સરહદી'**
ગુરૂકૃપા બંગલોઝ-૨ નાની પાવડ (થરાદ)
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## ફળોનો રાજા

શહેનશાહ અકબરે એક દિવસ બધા દરબારીઓ માટે ભોજન રાખ્યુ, બીરબલ પર તેમને વિશેષ પ્રેમ હતો આથી તેઓ તેને આગ્રહ કરી-કરીને જમાડી રહ્યા હતા. બીરબલ ખાઈ ખાઈને હેરાન થઈ ગયો આથી તેને શહેનશાહ જોડે માફી માગી અને કહ્યું કે. "મારા પેટમાં જગ્યા ન હોવાથી હવે હું નહિ ખાઈ શકુ, તમારી આજ્ઞા માની નહી શકુ." એટલામાં જ એક સેવક કેરી કાપીને લાવ્યો, બીરબલનું મન કેરી જોઈને લલચાયું.

બીરબલે પોતાનો હાથ લંબાવીને, કેરીની થોડી ચીરીઓ પેટમાં ઉતારી લીધી. તેને આ રીતે કેરી ખાતો જોઈને અકબરને ગુસ્સો આવ્યો કે હું પ્રેમથી જમાડતો હતો ત્યારે આના પેટમાં જગ્યા નહોતી અને હવે કેવી રીતે ખવાઈ રહી છે. તેમણે તરતજ ગુસ્સામાં બૂમ પાડીને બીરબલને બોલાવ્યો.

બીરબલ સમજી ગયો એમના ક્રોધનું કારણ. તે અકબરની સામે જઈને ઉભો રહ્યો અને હાથ જોડીને બોલ્યો "જ્યારે રસ્તા પર ખૂબ ભીડ હોય છે, અને ચાલવા માટે એક પગ મૂકવા જેટલી પણ જગ્યા નથી હોતી ત્યારે જો તમારી સવારી નીકળે તો તેવી પરિસ્થિતિમાં પણ બધાએ પોતાની મેળે જગ્યા બનાવીને તમને રસ્તો આપવો પડે છે. તેવી જ રીતે કેરી પણ બધા ફળો પર રાજ કરે છે તે પણ તમારી જેમ જ ફળોનો રાજા છે તેથી તેને જોઈને પેટમાં જગ્યા બની જ જાય છે".

તેનો જવાબ સાંભળી અકબર ખુશ થઈ ગયા, તેમણે મીઠી કેરીની એક ટોપલી મંગાવી અને એક કિંમતી ભેટની સાથે તે ટોપલી બીરબલને આપી. બીરબલ આ મીઠી ભેટ મેળવીને ઘણો ખુશ થઈ ગયો.

# ખાબોચિયા જેવા સંસારમાં કઈ રીતે જીવવું?

એક નદી હતી. નદી ખળખળ વહેતી હતી. એની પાસે એક ખાબોચીયું હતું. તે બંધીયાર હતું.

બંધીયાર ખાબોચીયામાં ત્રણ માછલીઓ રહેતી હતી ત્રણે સરખી સહેલીઓ અને પાક્કી બહેનપાણીઓ હતી. પણ દરેકની ખાસિયત જુદી જુદી હતી.પહેલી માછલી અતિ બુધ્ધિશાળી હતી. તે પાણી પહેલા પાળ બાંધવામાં માનતી હતી. અને થોડી બીકણ પણ હતી.બીજી માછલી ચબરાકને વ્યવહારું હતી. સમય વર્તે સાવધાન થવામાં માનતી હતી. ભવિષ્યમાં ભયથી જ ભડકી જાય તેવી નહોતી.નીડર હતી. જ્યારે ત્રીજી માછલી મુર્ખ હતી. તેને કશીપણ ગતગમ નહોતી. વળી થોડી લાલચુ પણ હતી.

એક દિવસની વાત છે ત્યાં એક માછીમાર આવ્યો. તેણે ખાબોચિયામાં આ માછલીઓને જોઈ. એની દાઢમાં સળવળાટ થયો. એ ત્યાં ઉભો રહ્યો. અને ધ્યાનથી જોવા લાગ્યો... પછી સ્વગત બાલ્યો...'' વાહ! કેવી સરસ માછલીઓ છે.! આજે જાળ લાવ્યો હોત તો મજા પડી જાત. ચાલો કાલે આવીશ.''

બૃધ્ધિશાળી માછલીએ આ જોયું. એણે માછીમારની વાત સાંભળી લીધી. અને ધ્રાસકો પડયો. બુધ્ધિશાળી માછલીએ પોતાની સહેલીઓને કહ્યું ''હવે એક પળ પણ અહી ન રહેવાય. યમદૂત ઘર ભાળી ગયો છે કાલે માછીમાર આવશે.. જાળ નાંખશે... અને આપણને પકડીને લઈ જશે....''

વ્યવહારુકુશળ માછલી બોલી '' એમ ડરીએ તો કેમ ચાલે ? આ તો આપણું વતન છે. વતન છોડીને ક્યાં જવું ? પાણીમાં રહેવું ને મગરથી બીવું એ ક્યાંની વાત ? જ્યારે થાય ત્યારે જોવાશે. પણ હા ઉંઘતા ન ઝડપાઈએ એ માટે જાગૃત રહેવાની જરૂર છે ''ચેતતા નર સદા સુખી'' ડરીને નાસી જવું એ તો કાયરતા કહેવાય... જ્યારે મૂર્ખ માછલીએ તો આ બાબતમાં ક્યાં જરાય ધ્યાન આપ્યું જ નહી.

રાત પડતાં જ બુધ્ધિશાળી માછલીએ ઉચાળા ભર્યા .જતાં જતાં કહ્યું '' ચાલો આવવું હોય તો... હું તો આ ચાલી... ખળખળ વહેતી નદીમાં... માથે મોત ભમતું હોય, ત્યાં રહેવું નરી મૂર્ખતા છે'' અને તે માછલી છીછરા વહેણમાં આળોટતી, ઘસડાતી, પછાડતી નદીમાં ચાલી ગઈ. પણ વ્યવહારું અને મૂર્ખ માછલીઓએ પોતાની જગ્યા ન છોડી

સવાર પડી ઉપર સળવળાટ થયો. થોડા ખળભળાટ પણ થયો. માછીમાર આવી ગયો છે. એવું લાગ્યું...

વ્યવહારું માછલીએ ઉપર જોઈ ડોકીયું કર્યું. માછીમાર આવ્યો છે. એની ખાત્રી કરી લીધી... પછી પોતાની મૂર્ખ સહેલીને કહ્યું '' અલી ચાલ ! તળીયે જઈ કોઈ ખૂણામાં સંતાઈ જઈએ. આજે ઉપર રહેવામાં ખૂબ જ જોખમ છે.''

અને તે ઝડપથી નીચે જઈ ક્યાંક સંતાઈ ગઈ.... પણ મૂર્ખ માછલી તો '' હોતી હે ચલતી હૈ... અભી ક્યા જલ્દી હૈ ? તેલ દેખો... તેલકી ધાર દેખેં.. એમ કરતી ખાબોચીયામાં ફરતી રહી... માછીમારે માછલીઓને ઉપર લાવવા ખાવાની વસ્તુઓ ખાબોચિયામા નાંખી. મૂર્ખ માછલીને તો મજા પડી ગઈ. એ તો ચપચપ ખાવા લાગી.. પણ વ્યવહારું માછલી તો એવી સંતાઈ ગઈ કે બહાર નીકળી જ નહી. લાલચમાં આવી જ નહી.

માછીમારે જાળ નાંખી. મૂર્ખ માછલી સપડાઈ ગઈ. પણ ''અબ પછતાએ ક્યા હોવત હૈ... જબ ચિડીયાં ચુગ ગઈ ખેત''અને મૂર્ખ માછલી માછીમારનો કોળિયો બની ગઈ.

આ વાર્તા ઉપરથી બોધપાઠ મળે છે કે '' સંસાર ખાબોચિયું છે શયતાન માછીમાર છે. માનવી માછલીઓ જેવો છે માનવીએ શયતાનની જાળમાંથી હંમેશા જાગૃત રહેવું જોઈએ.

જે પોતાની જાતને શયતાનની જાળથી બચાવી શકતો નથી. તેનું ઈમાન શ્રધ્ધા ખતમ થઈ જાય છે. સંસારમાં રહીને જ શયતાનથી બચનાર સાચો માણસ છે. લોભ લાલચ બુરી બલા છે.અસ્તુ.**મહેબુબ ઘાસુરા જુનાડીસા**

## સાંજ

મસ્તી મસ્તીમાં સાંજ ઢળી
સોના જેવી સાંજ ઢળી...જી..
આકાશ આખું કેસરી થયું
સોના જેવી સાંજ ઢળી....જી...
ચાંદલા તારલા ચમચમ ચમકયા
સોના જેવી સાંજ ઢળી જી....
માણસો ખેતરેથી આવ્યા
સોના જેવી સાંજ ઢળી જી....
પંખીઓ માળામાં આવ્યા
સોના જેવી સાંજ ઢળી જી...
પ્રાણીઓ પોતાની ગુફામાં આવ્યા
સોના જેવી સાંજ ઢળી જી...
મસ્તી મસ્તીમાં સાંજ ઢળી
સોના જેવી સાંજ ઢળી જી..

**અજય જે.ડાભી** (પાંથાવાડા)

## સાચો શિલ્પી

શેરી વચ્ચે શિલ્પી કહેતો રોજી કોઈ અપાવો
મુજ ગરીબની દયા લાવી પથ્થર હોય તો લાવો
પથ્થરમાંથી શ્યામ બનાવું જાણે હમણાં બોલે
વાંસલડી પકડાવું એવા દેખી રાધા ડોલે
વડવાઓની ખેતી આ તો તેથી કરતો દાવો
શેરી વચ્ચે શિલ્પી કહેતો રોજી કોઈ અપાવો
સાંભળતાની સાથે લોકો આવી પહોંચ્યા ચાર
ઉપરાઉપરી પથરા નાખી પાછા ફરતા દ્વાર
સૌજનોને વાયદો કીધો વીસમા દને આવો
શેરી વચ્ચે શિલ્પી કહેતો રોજી કોઈ અપાવો
કારીગરનું કામ જોઈને ગામ ગયું છે ઝુકી
આખું જીવતર રાખ્યો છતાં નીતી કદી ના ચુકી
આજે નથી તો પણ એના નામનો વાગે પાવો
શેરી વચ્ચે શિલ્પી કહેતો રોજી કોઈ અપાવો

**મંગળ રાવળ સ્નેહાતુર**

# હીરાનો માલિક

એકવાર એક વ્યક્તિ રાજદરબારમાં આવીને ફરીયાદ કરવા લાગ્યો કે 'મહારાજ ! મારે ન્યાય જોઈએ છે. મારા માલિકે મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે.'

મહારાજે કહ્યું પહેલાં તારો પરીચય આપ પછી મને કહે કે વાત શું છે ?'

મહારાજ મારૂં નામ નામદેવ છે. હું અને મારો માલિક કોઈ કામ અર્થે હવેલીમાંથી બહાર નીકળ્યા. બહાર ખુબ જ તડકો હોવાથી માલિકે મને છત્રી લઈને સાથે આવવાનું કહ્યું. પછી અમે સાથે ચાલતા ચાલતા પંચમુખી શિવ મંદિર પાસે પહોંચ્યા ત્યારે તેજ વાવાઝોડું ફુંકાયું અને વાવાઝોડાથી બચવાને માટે મંદિરના પાછળના ભાગમાં જઈને ઉભા રહ્યા.

'પછી શું થયું ?'

પછી મહારાજ ! અચાનક મારી નજર ખુણામાં પડેલ એક લાલ રંગની થેલી પર પડી. માલિકની રજા લઈને હું તે પોટલી લઈને આવ્યો. તેને ખોલીને જોયું તો તેમાં બે કિંમતી હીરા હતા. મહારાજ ! હીરા જોઈને અમારી આંખો અંજાઈ ગઈ. જોકે આ હીરા તો રાજયની અમાનત કહેવાય પરંતુ મારા માલિકે મને કહ્યું, નામદેવ ! જો તું તારૂં મોં બંધ રાખે તો એક હીરો તને આપીશ!'

હું તો લાલચમાં આવી ગયો અને મેં મારા માલિકની વાત માની લીધી. હું પણ મારા માલિકની ગુલામીથી તંગ આવી ગયો હતો. એટલે મેં વિચાર્યું કે આ હીરો વેચીને હું કોઈ કામધંધો કરીશ પરંતુ હવેલી પર આવતાં જ મારા માલિકે મને એક હીરો આપવાની ના પાડી.મેં એને ખુબ જ સમજાવ્યો પરંતુ તે માન્યો નહીં એટલે છેવટે મારે તમારી પાસે આવવું પડયું.. હે મહારાજ ! મને ન્યાય અપાવો. તમે તો સાક્ષાત ધર્મરાજા છો..'

સમ્રાટ કૃષ્ણદેવ રાયે તરત જ નામદેવના માલિકને દરબારમાં બોલાવ્યો અને પુછપરછ કરી. ત્યારે માલિકે કહ્યું, મહારાજ ! આ નામદેવ એકદમ જુઠો અને મક્કાર છે. મારી પાસે ઈશ્વરે આપેલું બધું જ છે. મેં જ એને હીરા આપીને કહ્યું હતું કે, નામદેવ ! તું જઈને આ હીરાને રાજ-કોષમાં જમા કરાવી લાવ. તે હીરા લઈને જતો રહ્યો.પછી બે દિવસ પછી મેં રસીદ માંગી ત્યારે તે આનાકાની કરવા લાગ્યો અને મને ધમકાવીને તે અહીંયા ફરીયાદ કરવા આવી ગયો. મને ખબર નથી કે તેણે તમને શું વાર્તા કહી હશે ?

મહારાજે માલિકને કહ્યું, શું તું સાચું બોલી રહ્યો છું ?

હા મહારાજ !

શું તે હીરા કોઈની સામે નામદેવને આપ્યા હતા?

હા મહારાજ ! મેં મારા અન્ય ત્રણ નોકરોની સાક્ષીમાં નામદેવને એ હીરા આપ્યા હતા.

ત્યારબાદ મહારાજે ત્રણ નોકરોને રાજ દરબારમાં બોલાવ્યા અને પુછ્યું ત્યારે એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે માલિકે અમારી સામે જ તે હીરા નામદેવને આપ્યા હતા.

મહારાજે ત્રણેય સાક્ષીઓને બેસાડીને તેનાલીરામ અને મંત્રીને બોલાવીને વિચાર વિમર્શ કરવા લાગ્યો. મહારાજે તેનાલીરામને કહ્યું કે, તેનાલી ! આ સમસ્યાનું નિરાકરણ લાવ.

તેનાલીરામે મહારાજને કહ્યું કે, આપ અહીંયાં કયાંક સંતાઈ જાવ ! મહારાજા એક પડદાની પાછળ સંતાઈ ગયા.

તેનાલીરામે ત્રણેય સાક્ષીઓને વારાફરતી પોતાના રૂમમાં બોલાવ્યા અને હીરાના રંગ અને આકાર વિશે પુછ્યું.

ત્રણેય સાક્ષીઓનો જવાબ અલગ અલગ હતો. ત્યારે મહારાજ પડદા પાછળથી બહાર આવ્યા અને ગુસ્સામાં આવીને ત્રણેય સાક્ષીઓને સજા આપવાનું વિચાર્યું ત્યારે પેલા ત્રણેય સાક્ષીઓ મહારાજના પગમાં પડીને માફી માંગવા લાગ્યા અને કહેવા લાગ્યા કે અન્નદાતા માલીકે અમને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપી હતી એટલે અમે જુઠું બોલ્યા હતા.

હવે મહારાજાને સાચી વાત સમજાઈ.

થોડીવાર પછી મહારાજા, મંત્રી તેનાલીરામ સાથે દરબારમાં આવ્યા. તેમની પાછળ ત્રણેય સાક્ષીઓ પોતાનું માથું નમાવીને આવી રહ્યા હતા.

મહારાજે નામદેવના માલિક તરફ ઈશારો કરીને આદેશ આપ્યો કે, આ દગાબાજ વ્યક્તિને પકડીને જેલમાં પુરી દો તથા એના ઘરની તલાશી લેવામાં આવે.

ત્યારબાદ હીરા માલિકના ઘરમાંથી પ્રાપ્ત થયા. મહારાજે તે હીરાને જપ્ત કરીને રાજકોષમાં જમા કરાવ્યા અને માલિકને દંડ સ્વરૂપ હજાર સુવર્ણ મુદ્રાઓ નામદેવને અપાવ્યા. તથા વીસ હજાર સુવર્ણ મુદ્રાઓ દંડ તરીકે રાજકોષમાં ભરાવ્યા.આનંદમાં આવીને નામદેવે રાજા કૃષ્ણદેવરાય અને તેનાલીરામનો જય જયકાર કર્યો.

વાસ્તવમાં આ બધું તો તેનાલીરામની બુધ્ધિનો જ ચમત્કાર હતો.

**કમલેશ કંસારા**

# બાળકની બહાદુરી

ગુજરાત રાજ્યમાં ડાંગ જિલ્લાની આ વાત છે. ડાંગ એટલે લાકડી. તે ઉપરથી આ જિલ્લાનું નામ ડાંગ જિલ્લો પડ્યું છે. ગુજરાતમાં સૌથી નાનો જિલ્લો છતાં અખૂટ વનસ્પતિથી ભરપૂર ગિરિ કંદરાઓ અને કુદરતી સૌદર્યથી આચ્છાદિત આ પ્રદેશ ગિરા પૂર્ણા, ખાપરી અને અંબિકા એમ ચાર નદીઓના ખીણ પ્રદેશમાં વહેંચાયેલો છે.

ડાંગ પ્રદેશના જંગલોમાં પહાડો ઉપર ઉંચા ઉંચા વૃક્ષો અને મોટા મોટા અજગર જેવા વેલાઓ છે અને જોતાઅ પણ ચક્કર આવી જાય તેવી ઉંડી ખીણો આવેલી છે.

આવા ગીચ વનરાજી ધરાવતા પ્રદેશમાં મોટા ગામો હોતા નથી. પરંતુ આ ડુંગરી અને પેલી ડુંગરી એમ ડુંગર ઉપર છુટાછવાય વનવાસીઓના ઝુંપડા જોવા મળે છે. શરીરે પોતડી અને તીરકા મઠાવાળા અહીંના વનવાસીઓ માંડ ચારથી સાડા ચાર ફૂટ ઉંચાઈના સીસમવર્ણા અને મજબુત બાંધાના હોય છે. તેમનું ડાંગી નૃત્ય ભારત ભરમાં મશહુર છે ડાંગ પ્રદેશ બહાદુરી માટે જાણીતો છે...

ડાંગડા વનવાસીઓ વચ્ચે બારતેર વર્ષનો એક બાળક રહેતો હતો. તેનું નામ રતનસિંહ હતું. સૌ વનવાસીઓ તેને રત્નો કહીને બોલાવતા. રત્નાના પિતા વન અધિકારી હતા. તે ખૂબ બહાદુર અને કામગીરીમાં પણ કાબેલ હતા. તેઓ વનમાં વૃક્ષછેદન કરતા કે શિકાર કરવા આવતા લોકોને પકડતા અને વનનું રક્ષણ કરતા.

એક વખત રત્નાના પિતા જંગલમાં તપાસ કરવા નીકળેલા ત્યારે એક જગ્યાએ કેટલાક લોકો કુહાડીઓ કરવતો વિગેરેથી સાગના કિંમતી ઝાડો કાપતા હતા. તેમને રોકવા જતાં હથીયારધારી માણસોએ રત્નાના પિતા ઉપર હુમલો કર્યો. તેમની પાસે પણ બંદુક હતી તેથી તેમણે પણ બરાબર સામનો કર્યો. પરંતુ વૃક્ષોની ચોરી કરવા આવેલા ચોરોએ પાછળથી કુહાડીનો કારમો ઘા કર્યો અને રત્નાના પિતા મરણને શરણ થયા. આ વાત આટલેથી અટકી નહિં. ગુન્હાઓ કરતાં અટકાવનાર આ વનઅધિકારીનું વેર લેવા તેઓએ તેના કવાર્ટર પર જઈ તેમની પત્ની એટલે કે રત્નાની માતાનું પણ ખૂન કર્યું. તે વખતે બાળક રત્નો ત્રણ ચાર વર્ષની ઉંમરનો હતો. તે બહાર રમવા ગયેલો તેથી બચી ગયો. તેણે ઘેર આવીને જોયું તો તેના માતા લોહીમાં તરબોળ ઘાયલ થઈને પડી હતી. તેનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. આ દ્રશ્ય જોઈ બાળક રત્નો ખૂબ રડવા લાગ્યો.

થોડે દૂર ઝુંપડીમાં રહેતી એક વનવાસી વૃદ્ધ સ્ત્રીને તેની ખબર પડતાં તે દોડી આવી અને બાળકને પોતાની ગોદમાં લઈ છાનો રાખ્યો.

તેણે રત્નાને પોતાનો પુત્ર સમજી ઉછેરવા માંડ્યો. છાસ અને મકાઈનો રોટલો ખાઈ વનવાસીઓ ભેગો રત્નો મોટો થવા લાગ્યો. તેણે એક વખત વૃદ્ધ સ્ત્રીએ તેના મા-બાપ વિશે પૂછ્યું. વૃદ્ધને થયું કે વેરનો તાંતણો લંબાવવો જોઈએ નહીં. તેથી તેણે રત્નાને કહ્યું કે'તારી માતાને વનમાં રહેનારાં વરૂએ મારી નાખી છે. અને તારા પિતા વનમાં તેની તલાશમાં ગયા છે.તેઓ રોજ સવારમાં ખાખી ડગલી પહેરી, બાંડિસ બાંધી બાંધી વનમાં જતા. માથે મોટી હેટ પહેરતા અને ખંભે બંદુક ભરાવતા. બેટા... તું ચિંતા ન કરતો. તું જ્યારે મુશ્કેલીમાં હોઈશ ત્યારે જરૂર તેઓ તારી મદદે આવી પહોંચશે !

એક દિવસની વાત : શિયાળની રાત્રીનો સય હતો. આકાશમાં તારા ટમટમતા હતા. સામે એક ડુંગર ઉપર લાકડા સળગાવી તાપણુ કરી ડાંગી વનવાસીઓ તેમના નૃત્યમા મશગુલ હતા. જાત જાતના ને ભાત ભાતના વાજીત્રોના તાલમા તાલ મિલાવી ગીતો ગાતાં હતા. ત્યાં સામેના જંગલમાં સાગના પાંદડા ખડ ખડ ખડ ખખડવા લાગ્યા.

લાલ લાલ દિવા જેવી બે આંખો તગતગતી હતી. પાંદડાનો ખડખડાટ અને પગલાનો અવાજ નજીક આવતો જતો હતો. રત્નાનું ધ્યાન એ તરફ ગયું. કાળ જાણે સામે આવીને ઉભો હતો ! તેણે પોતાનું તીર કામઠું ઉઠાવ્યું અને સનનન કરતું એક તીર તેમાંથી છોડ્યું. તે ભેગા જ એક ભારે ગર્જના થઈ વનમાં વૃક્ષો બધા ફફડી ઉઠ્યા. અને પંખીઓએ કીલકીલાટ કરી મુક્યો. નૃત્ય અને સંગીતમાં મશગુલ બનેલા વનવાસી નરનારીઓના પગ થંભી ગયા. સૌ કોઈ ગર્જનાથી વ્યાકુળ બની ગયા અને જેને જે મલ્યું તે ઝાડ ઉપર ચડી ગયા.

છેલ્લે મેદાનમાં એક માત્ર રત્નો હતો. તે જરા પણ ડગ્યો નહીં તેણે પણ છ પર બીજું તીર ચડાવ્યું અને જે તરફથી ગર્જનાનો અવાજ આવેલો તે તરફ છોડ્યું. આ તીર છોડતાં જ ભયંકર ત્રાડ સાથે એક વાઘે રત્ના પર છલાંગ મારી. ગુડ ઉપરના સૌ વનવાસીઓનાં કાળજા ધડકવા લાગ્યા કે હમણા વાઘ આ નાના બાળકને કોળિયો કરી જશે.

પરંતુ રત્નાએ જરાય ગભરાયા વગર છલાંગ મારતા જોઈ તીર કામઠું ફેંકી દઈ હાથમા સળગતું લાકડું લઈ વાઘ સામે વીંઝવા માંડ્યું. વાઘ સામે ઉભો ઉભો ઘુરકતો હતો. એટલામાં બંદુકની ગોળીનો અવાજ આવ્યો. અવાજ સાંભળતાં જ વાઘ નાસવા લાગ્યો. શિયાળની ઠંડી રાત્રીમાં એક સન્નાટો છવાઈ ગયો. રત્નો દોડતાં તે એક માણસ સાથે અથડાઈ પડ્યો. માણસે ખાખી ડગલી પહેરી હતી માથે મોટી હેટ પગે બાંધીલા બાંડીસ અને રૂઆબદાર ચાલ. એ માણસ ગીરધારી સિંહ હતા. તેમની નિમણુંક રત્નાની પિતાની જગ્યાએ થઈ હતી. તેમણે બાળક રત્નાને ઉંચકી લીધો અને શાબાશી આપતાં કહ્યુંકે 'ખરેખર તું બહાદુર બાપનો બહાદુર પુત્ર છે. બેટા.. તારી બહાદુરી જોઈ હું ખૂબ ખુશ થયો છું મારી અહીં વન અધિકારી તરીકે નિમણુક થઈ ત્યારથી જ હું તને શોધું છું. આજે તું અચાનક જ મળી ગયો.

બાળક રત્નો પણ કાકા કહીને ગીરધારી સિંહને વળગી પડ્યો ત્યારે બન્નેની આંખમાં આંસુ આવી ગયાં. બાપને જાણે દીકરો મળ્યો અને દીકરાને પિતા મળી ગયા !

**નટવર હેડાઉ**

## ચકચારી...

પાના નં.૧ ચાલુ

પોલીસે પૂછપરછમાં તેણે પાલનપુરના દિનેશગીરી પોપટગીરી ગોસ્વામી, અરવિંદસિંહ શેતાનસિંહ અને અન્ય બે ઈસમો સાથે મળી લૂંટ કરી હોવાની કબુલાત કરી હતી. તેથી વધુ તપાસ અર્થે તેને વડગામ પોલીસ હવાલે કરવાની તજવીજ હાથ ધરી હતી.

## થરાદના...

પાના નં.૧ ચાલુ

કરતા મિલનસાર સ્વભાવના ખુશાલભાઈના આકસ્મિક મોતથી તેમના પરિવાર પર આભ તૂટી પડયાની વેદના અનુભવાતી હતી. સરહદી પંથકમાં પણ અરેરાટી સાથે ઘેરા શોકની લાગણી ફેલાવા પામી હતી. રેફરલ હોસ્પિટલમાં ખુશાલભાઈના પરિવારના કરુંણ આક્રંદથી ભારે ગમગીનીનો માહોલ ફેલાવા પામ્યો હતો.મૃતકના ભાઈ પ્રતાપજી સોનાજી રાજગોર રહે ધરણીધર સોસાયટી શિવનગરની ફરિયાદના આધારે થરાદ પોલીસે નાસી છુટેલા ટ્રકચાલક સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

નગરના પ્રવેશસમા હાર્દસમા અને મોતના માર્ગ બની રહેલા આ નેશનલ હાઈવે ઉપર છેલ્લા વર્ષોથી અનેક યુવાનો રોડ અકસ્માતમાં મોતને ભેટે છે તથા છાશવારે સર્જાતા અકસ્માતોથી અનેક વાહનચાલકો ,રાહદારીઓ ગંભીર ઈજાગ્રસ્ત બનવાના બનાવો પણ બનવા પામ્યા છે. જેને લઈને પ્રજાજનો દ્વારા નેશનલ હાઈવે વિભાગ પાસે આ રોડ બંને બાજુ પહોળો કરી વચ્ચે ડીવાઈડર મૂકી આવવા જવાનો માર્ગ અલગ બનાવવામાં આવે તેમજ તે ન બને ત્યાં સુધી મૂકીને બેફામ દોડતા વાહનો ને નિયંત્રણમાં લેવામાં આવે તેવી વારંવાર માગણીઓ કરવા છતાં પણ આ અંગે પગલા નહીં ભરાતા ભારે રોષ સાથે આક્રોશની લાગણી ફેલાવા પામી ઊઠવા પામી છે.માનવ જીંદગીઓ મોતનાં મુખમાં હોમાઈ રહી હોવા છતાં પણ વહીવટીતંત્ર દ્વારા કોઈ જ પગલાં ભરવામાં નહી આવતાં જનઆંદોલનનો સળવળાટ પણ ઉઠવા પામ્યો છે.

## ડીસામાં...

પાના નં.૧ ચાલુ

સગાએ બાબુભાઈને વાત કરી હતી કે દીકરી ગોમતીબેનને આબુ ખાતે રહેતા એક ઈસમ સાથે એક લાખ રૂપિયા લઈને પરણાવી દઈએ.આ વાત ગોમતીબેને સાંભળતા પેટમાં ફડક પેસી ગયી હતી,અને રાધનપુરમાં સગાઈ કરી હોવા છતાંય પૈસા લઈને બીજે પરણાવી દેશે તો શું થશે તેવી બીક પેસી જતા બીજા દિવસે સવારે ડીસાથી સીધા જ રાધનપુર સગાઈ કરી હતી ત્યાં પહોંચી ગયા હતા અને સઘળી વાતથી સાસરિયાને માહિતગાર કર્યા હતા. જેથી સાસરિયાઓએ હૈયાધારણ આપીને પોતાની દીકરી હોય તેમ સાચવી હતી.અને ધવલકુમાર અને ગોમતીબેન બંને રાજી હોઈ પહેલા વરાણા ખાતે ખોડિયાર માતાજીના મંદિરે સાસરિયાઓ સાથે જઈને એકબીજાને ફૂલહાર પહેરાવી માતાજીની સાક્ષીએ લગ્ન કર્યા બાદ વલ્લભનગર ખાતે આવીને સમાજના અગ્રણીઓની હાજરીમાં ફેરા ફરી લીધા હતા.અને કાયદેસર નોટરી કરાવીને પણ લગ્ન કરી લીધા હતા.

## મુખ્યમંત્રીના જળ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

તે કામ થવાની અમારા ગામની રોનક પણ બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે અમે ભૂતકાળમાં અછતમાં ચોકડીઓ ખોદીને... ખોદીને..... થાકી ગયા હતા... આ....તો... આ સરકાર આવી અને અમારા વિસ્તારમાં નર્મદાના નીર પહોંચાડી અમારું જીવતર સુધાર્યું છે. તેમણે કહ્યું કે અમારા માટે દુ:ખના દિવસો હવે પુરા થયા છે અને સુખની શરૂઆત થઇ છે ત્યારે આ સરકારને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછા છે.

કુંભારડી ગામની બાજુમાં આવેલ રતનગઢ ગામના પ્રેમચંદભાઈ ધરમાભાઈ પંડ્યાએ જળ સંચય અભિયાન વિશે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકારે જળ સંચયનું અભિયાન ઉપાડ્યું છે જેનાથી સમગ્ર ગુજરાતને ફાયદો થશે. તેમણે કહ્યું કે આ અભિયાનથી પશુઓને પડતી ઘાસચારાની તંગી નિવારી શકાશે. તથા પશુપાલનનો વ્યવસાય વધુ સમૃધ્ધ બનશે. પંડ્યાએ કહ્યું કે આ અભિયાનથી ગામડાઓ, ખેડુતો અને ગામડામાં રહેતા લોકોનો આર્થિક વિકાસ ખુબ ઝડપથી થશે. તેમણે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

તે કામ થવાની અમારા ગામની રોનક પણ બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે અમે ભૂતકાળમાં અછતમાં ચોકડીઓ ખોદીને... ખોદીને..... થાકી ગયા હતા... આ....તો... આ સરકાર આવી અને અમારા વિસ્તારમાં નર્મદાના નીર પહોંચાડી અમારું જીવતર સુધાર્યું છે. તેમણે કહ્યું કે અમારા માટે દુ:ખના દિવસો હવે પુરા થયા છે અને સુખની શરૂઆત થઇ છે ત્યારે આ સરકારને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછા છે.

કુંભારડી ગામની બાજુમાં આવેલ રતનગઢ ગામના પ્રેમચંદભાઈ ધરમાભાઈ પંડ્યાએ જળ સંચય અભિયાન વિશે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકારે જળ સંચયનું અભિયાન ઉપાડ્યું છે જેનાથી સમગ્ર ગુજરાતને ફાયદો થશે. તેમણે કહ્યું કે આ અભિયાનથી પશુઓને પડતી ઘાસચારાની તંગી નિવારી શકાશે. તથા પશુપાલનનો વ્યવસાય વધુ સમૃધ્ધ બનશે. પંડ્યાએ કહ્યું કે આ અભિયાનથી ગામડાઓ, ખેડુતો અને ગામડામાં રહેતા લોકોનો આર્થિક વિકાસ ખુબ ઝડપથી થશે. તેમણે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વ્હાલા સંતાનો...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આપણે સંપતિ માટે નથી. સમય તો મર્યાદિત છે માત્ર સંપત્તિ કમાવા માટે નહીં પરંતુ પરિવાર માટે પણ થોડો સમય અનામત રાખવો જોઈએ. જે સંતાનોને માતપિતાની હૂંફ મળતી નથી. તે સંતાનો કોઈની હૂંફ મેળવવા લફરું કરે તો તેમાં દોષ કોનો?? આજના પિતાઓ મેડ આફટર મની છે અને માતાઓ કીટી પાર્ટીઓમાંથી ઊંચી નથી આવતી. બાળકો છતે માતાપિતાએ અનાથતાનો અનુભવ કરે છે. લાગણી અને પ્રેમની સામે પૈસાનું મૂલ્ય નહિવત છે. પૈસા અને પ્રેમની લડાઈમાં પ્રેમની હાર ન થાય એનું ધ્યાન રાખવું કારણ કે ગમે તેટલો પૈસો આપીને પ્રેમ ખરીદી નહીં શકાય.

## બનાસકાંઠાનો...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેથી જિલ્લામાં ૪૪ ડિગ્રીના ધોમધખતા તાપ વચ્ચે પણ ખેડુતો બાજરીનો પાક લેવામાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. જિલ્લામાં ઉનાળુ સિઝનના લેવા ટાંણે જ ગરમીએ માઝા મુકતા પ્રજાજનો પરેશાન થઈ ઉઠ્યા છે. બાજરીની કાપણીનું કાર્ય પૂરજોશમાં ચાલુ થતાં બાજરીની કાપણી માટે સમયસર ખેતમજુરો પણ મળી રહ્યા નથી. જેથી ખેડુતો 'અપના હાથ જગન્નાથ' ની જેમ સમગ્ર ખેડુત પરિવાર ધોમધખતા તાપમાં પણ જાતે જ ખેતરોમાં બાજરીની લણણી શરૂ કરી છે. આ વર્ષે જિલ્લામાં બાજરીનું ઉત્સાહજનક વાવેતર થયુ છે. જેથી આગામી ટુંક સમયમાં માર્કેટયાર્ડોમાં ઉનાળુ બાજરીની આવક પણ શરૂ થશે.

બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે ખુબ સારા પ્રમાણમાં વાવેતરના પગલે તેમજ રાજસ્થાન વિસ્તારોમાં કેનાલોમાં ચાલુ સિઝનમાં પાણી ન મળતા ત્યાંના મજુર વર્ગ જિલ્લામાં બાજરીના કાર્યમાં જોતરાયા છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજસ્થાની મજુર વર્ગનું આગમન થઈ રહ્યું છે. ૧ વિઘાની બાજરીની કાપણી માટે ૪ થી ૫ મણ બાજરી લઈને મજુર વર્ગ કામે લાગતા હોય છે. તેમ છતાં મજુર વર્ગની ખુબ જ અછત જોવા મળી રહી છે. જે મજુર વર્ગ આવી ગયા છે. તેઓ બાજરીના કામકાજમાં જોતરાઈ ગયા છે. જેથી અન્ય ખેડુતોને મજુર વર્ગને મેળવવા ભારે મુશ્કેલીઓ પડી રહી છે.

## થરા શાકમાર્કેટમાં...

પાના નં.૮ ચાલુ

જિલ્લા આરોગ્ય ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ઈન્સ્પેક્ટરો હપ્તાખોરીની પદ્ધતિમાં એટલા બધા અટવાયેલા છે કે દર મહિને એકાદ- બે નક્કી કરેલી દુકાને હપ્તો ઉઘરાવી લઈને રફુચક્કર થાય છે. જિલ્લા કલેક્ટર આરોગ્ય ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને કડક આદેશ કરે તો કાંકરેજ તાલુકાના થરા પાલિકા વિસ્તારમાંથી હજ્જારો કિલ્લો કાર્બાઈડથી પકવવામાં આવતા કેરી- ચીકુનો જથ્થો તથા ઠંડા પીણા- પેપ્સી પીણાંની મોટી ફેક્ટરીઓ જે બિનકાયદેસર ચાલી રહી છે તે પકડાય તો થરા પાલિકાના જાહેર રોડના ફુટપાથની ગટરોમાંથી ઓવરફ્લો થઈને આવતું ગંદુ પાણીને દુર્ગંધ મારતો કાદવ તથા પીવાના પાણીમાં ભળતુ આ ગંદુ પાણી લોક આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યું છે. જેનો પર્દાભાષ થાય. આ ગટરમાં નાસ્તા હાઉસ- ખુલ્લી ફાસ્ટફુડની લારીઓ ચાની હોટલોનું અને સર્વિસ સ્ટેશનનું ગંદુ પાણી સતત ઠલવાઈ રહ્યું છે. ત્યારે જિલ્લા કલેક્ટર આ અંગે ગંભીર નોંધ લઈ તપાસના આદેશો આપે તેવું પ્રજા ઈચ્છે છે.

## દાંતીવાડા...

પાના નં.૮ ચાલુ

અચાનક બદલીને પગલે બનાસકાંઠા જીલ્લામાં ચકચાર મચાવી દીધી છે. માનવામાં આવી રહ્યું છે કે આ બંને અધિકારીઓની બદલી પાછળનું કારણ એ.સી.બી.ની ટ્રેપ હોવાનું મનાઈ રહ્યું છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે બનાસકાંઠા જીલ્લામાં આ એ.સી.બી.ટ્રેપની તપાસમાં નવું શું શું બહાર આવે છે.

## કંબોઈમાં ...

પાના નં.૮ ચાલુ

પીએમ માટે શિહોરી રેફરલ હોસ્પિટલ ખાતે લઈજવામાં આવી હતી શિહોરી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી અને લાશને વાલી વારસોની સોંપી દીધી હતી. મૃતક યુવાન અસ્થિર મગજ નો હોવાનું તેના પરિવારજનોમાં ચર્ચાતી વાતો પરથી જાણવા મળ્યું હતું.

## ધ ા ન ા ` ર ા ન ા ા કોમર્શીયલ...

પાના નં.૮ ચાલુ

વેડફાતું હોય છે.આ પાણી બચાવવા માટે પણ પાલિકા તંત્ર લોકોને જરૂરી સૂચનાઓ આપી રહ્યું છે. બળવંતસિંહ બારોટ, (પ્રમુખ, ધાનેરા નગરપાલિકા) એ જણાવ્યું હતું કે ધાનેરામાં વધતો જતો પાણીનો બગાડ અટકાવવા ધંધાકીય ઉપયોગમાં લેવાતા નળ જોડાણો પર પાણીના વપરાશ મીટર નાખવાનો પણ નિર્ણય કર્યો છે.પાણીનો વેડફાટ અટકાવવા માટે ધાનેરા ખાતેના સર્વિસ સ્ટેશન,અન્ય ઉધોગ, ફેકટરીઓ તેમજ મિલોના પાણીના જોડાણ પર મીટર મુકવાની તૈયારીઓ નગરપાલિકા દ્વારા શરૂ કરી દેવાઈ છે ત્યારે આ પગલાંથી પાણીનો વ્યર્થ બગાડ અટકાવવામાં સફળતા મળશે તેવો આશાવાદ પણ પાલિકા પ્રમુખે વ્યક્ત કર્યો છે.

# રણબીર અને અજય દેવગન ફરીવખત એક સાથે દેખાશે

ફિલ્મ રાજનીતિમાં સાથે કામ કરી ચુકેલા અભિનેતા અજય દેવગન અને રણબીર કપુર ફરી એકવાર સાથે કામ કરવા જઈ રહ્યા છે. એવા અહેવાલ મળી રહ્યા છે કે સોનુ કે ટીટુની સ્વીટી નામની ફિલ્મ બનાવી ચુકેલા નિર્દેશક લવ રંજન હવે નવી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. જેમાં અજય દેવગન અને રણબીર કપુર સાથે નજરે પડનાર છે. રણબીરે પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે તે અજય દેવગનની ખુબ પ્રશંસા કરે છે. તેમનુ ખુબ સન્માન પણ કરે છે. તેમની સાથે ફિલ્મમાં કામ કરવાને લઈને તે ખુબ ઉત્સાહિત છે. તેમની કામ કરવાની રીત ખુબ જ પ્રભાવિત કરે છે. તે અને લવ પણ છેલ્લા કેટલાક સમયથી સાથે કામ કરવા માટે ઈચ્છુક હતા. આ ફિલ્મ અમારા લોકો વચ્ચે સારી શરૂઆત તરીકે રહેશે. રણબીર હાલના દિવસોમાં રાજકુમાર હિરાની ફિલ્મ સંજુને લઈને ભારે વ્યસ્ત છે. જ્યારે અજય દેવગનની હાલમાં જ રેડ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. બંને ટોપ સ્ટાર સાથેની ફિલ્મમાં અભિનેત્રી તરીકે કોણ રહેશે તે સંબંધમાં હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. જો કે ફિલ્મમાં ટોપ સ્ટારને લેવામાં આવે તેવી શક્યતા છે. કારણ કે બંને મોટા સ્ટાર છે. રણબીર કપુર યુવા પેઢીમાં સૌથી લોકપ્રિય સ્ટાર પૈકી એક તરીકે છે. તેની સાથે તમામ ખુબસુરત સ્ટાર અભિનેત્રીઓ સાથેના સંબંધની ચર્ચા રહી ચુકી છે. જેમાં નરગીસ, દિપિકા, કેટરીના કેફનો સમાવેશ થાય છે. હાલમાં તે આલિયા ભટ્ટની સાથે વધારે જોવા મળી રહ્યો છે. આલિયા બોલિવુડમાં સૌથી આશાસ્પદ ઉભરતી સ્ટાર તરીકે છે. આલિયા અને રણબીર કપુર વચ્ચેના સંબંધને લઈને દર રોજ નવી વિગતો સપાટી પર આવે છે. તમામ જગ્યાએ સાથે પણ નજરે પડી રહ્યા છે. બંને વચ્ચે મિત્રતા નવા સંબંધની દિશામાં છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦
સોનુ તોલો ૩૧૫૦૦-૩૨૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૨૦૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૪૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૨૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૦૫
૨ લી. ૧૬૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૨૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૯૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૦૦-૨૨૦
**ભીંડા ૨૦૦-૩૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૯૦૦-૧૦૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૨૪૦-૫૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :....................... પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ...............ઉ.વ.
પરિચયઃ ...........................................................
સરનામુ : .......................................................
મોકલનારની સહી : ..............................................

## એક અછાંદસ કાવ્ય

કાગળ કલમને મેજ છે
બસ એટલે આંખોમાં થોડો ભેજ છે
આકાળ સર્જે છે
ઈન્સાન બોલ્યો
ભગવાન ખુદગર્જ છે
ખુદા બોલ્યા ખુદાનો ખૌફ
દુનિયા ઉપર ઉતરશે ત્યારે
ઈન્સાનની જીંદગી છેલ્લી ક્ષણોની
ઈંતેજારીમાં હશે બસ હવે કંઈ કેવું નથી
સમજાતી વાત , છતાં કોઈનેય
પડી નથી ફરતી થઈ ગઈ છે
બનાવટી નોટો આજે એટલે
ફુગાવાને છાકમછોળ છે
આ વાતમાં પણ
જાણે સોનાનો ઢોળ છે
માણસ નેતા બનવા ઓળઘોળ છે
હા એમને મોટાં માન સન્માન મળે છે
જેમની પત્નીઓ એમ.એલ.એ.થઈ ગઈ છે
આકાળ સર્જે છે...

**ડૉ.બી.પાટણવાડીયા**

## ઉનાળાનો કહેર

પાણી વિના સૌ ટળવળે પશુના ભુંડા હાલ
ભુસ્તરમાં પાણીનાં તળ ઉંડા ગયાં થઈ સરકાર બેહાલ
ઉનાળાના વાયરા ફુંકે, ખેતર થયા સુકાભઠ્ઠ
માનવીનાં મન જાણે ટુંકાં થયાં પ્રભુએ પકડી હઠ
ઉનાળાની શુષ્ક હવામાં ગાવલડી પાડે ત્રાડ,
વૃક્ષોન પાન ખરી પડયાં માવલડી કોને કરે રાડ
અગનજવાળા સૂર્યની વગડો લાગે છે ભેંકાર
પાણી માટે લોક વલખાં મારે કરે સરકારને પોકાર
નદીનાળાં પર બંધ બાંધી ઘણી યોજના કરે સરકાર
ધાર્યુ કંઈકને થાય કંઈક કોઈનું ના ચાલે લગાર
સૃષ્ટી પર સૌ સરખા નથી બુધ્ધિજીવી કરો વિચાર
સૌ લોકો હળી મળીને રહો, આપો સાથ સહકાર
બે ઋતુઓ તો પસાર થાય લોકો સુખથી કરે લહેર
વીરા ઉનાળો તો તોબા પોકરાવે, વર્તાવે કાળો કહેર

**વીરાભાઈ સી.ચાવડા**
(કાણોદર)

## વાવડ

આદર નહીં વદતા સતને, નહીં બાળુડા તણો સ્નેહ
હાસ્ય કર્યું હરીનું પુજતા દુર્જનને પવીત્ર કરી
ગુણવંતા દેખી ભાગ્યા, ઠગોથી કર્યો સંગ
નવરાને નીંદા ઘણી વિનાશ્રમેં ખાયા
મિથ્યા કરી વાતો, અહં તણા કર્યા ઢગલા
વાવડ દીધા ન ઈ સાચના
જુઠમાં જીંદગી ખોઈ, સ્વપ્નને નિરખ્યું નહીં
ભુલ્યા રાહ અંધ બની, દીનને દેખ્યા નહીં
પંપાળતા અમીરોને, દેખી ભ્રમ માયાનો
ઉંચકાયું પડળ ભ્રમ તણું
તો બ્રહ્માંડમાં ન રહ્યું કોઈ
કાંટામાં આંટા માર્યા, કરી પસ્તાવો !
ભુતળમાં ભુતેય નહીં ને હું એકલો ઉભો

**બી.જે.હડીયલ**

## ચોમાસું

મને ચોમાસે પડતો વરસાદ ગમે
વરસાદમાં મોરલા ટહુકયા કરે
મને ચોમાસે પડતો..
ધડબડાટ કરતો ને ખડખડાટ કરતો,
મને ચોમાસે પડતો...
બાળકો નાચતાને કુદતાને રમતા
મને ચોમાસે પડતો..
વાયરા વંટોળા ધોધમાર આવતા
મને ચોમાસે પડતો..
વરસાદમાં વીજળી ચમચમાટ કરતી
મને ચોમાસે પડતો.

**અજય જે.ડાભી**
(પાંથાવાડા)

## એ જ શુભેચ્છા

માનવ આતમને દાનવ બનાવતી
મહાન જીવોને પાપે રગદોળતી
એ અજ્ઞાનની અંધારી ખાડીમાં
ધર્મ ભાવનાની પ્રકાશ પાંખડીઓ ફેલાવે
આ નવ વર્ષ એ જ શુભેચ્છા

**સલીમભાઈ કુંભાર**(ભીલડી)

## સારૂં નથી લાગતું

જ્યાં જાય છે લોકો ત્યાં જવું સારૂં નથી લાગતું
ખોટી વાતો ખામોશીથી સાંભળવી સારૂં નથી લાગતું
મને દુશ્મન સામે જીતવાની ઉમ્મીદ છે
પણ બધી જ વાતે જીતવું એ સારૂં નથી લાગતું
ઉંચાઈ પર માટીની સુગંધ નથી આવતી
આ એ ડાળીઓ છે જેને વૃક્ષ પર સારૂં નથી લાગતું
પ્રેમમાં દરેક સમયે મુશ્કેલી પડે છે
પણ દરેક મુશ્કેલીમાં પડવુ એ સારૂંનથી લાગતું

**સંકલન :ભાવેશ શ્રીમાળી**
(પીલુચા)

## કયા ખબર હતી

ઝાકળ બીંદુને કયાં ખબર હતી કે
સૂર્ય ઉગતા અદ્રશ્ય થવાનું હોય
સૂર્યને કયાં ખબર હતી કે
સમય સાથે જ આથમવાનું હતું
ચંદ્રની ચાંદનીને કયાં ખબર હતી
કયારે અમાસ રાત્રી બનવાની હતી
ફુલને કયાં ખબર હતી કે દિવસો જતાં કરમાવાનું હતું
નદીને કયાં ખબર હતી કે એણે પથ્થરની કેડીમાં વહેવાનું હતું

**સંકલન : ભાટચા રમેશભાઈ કુરશીભાઈ**
(આગથળા)

## પાટણ પાલિકા દ્વારા જન્મ- મરણ અને લગ્નની ઓનલાઈન નોંધણી શરૂ

પાટણ

પાટણ નગરપાલિકા તંત્ર દ્વારા ગત ૯ મેથી ઈ- નગર પ્રોજેક્ટ અંતર્ગત જન્મ- મરણ અને લગ્નની નોંધણીની કામગીરી ઓનલાઈન કરવામાં આવી છે. હવે લોકો ગમે ત્યાંથી પાલિકામાં ઓનલાઈન અરજી કરી જરૂરી દાખલા મેળવી શકશે. પાલિકાના જણાવ્યા અનુસાર સરકારના જ્યુ.ડી. એમ. વિભાગ દ્વારા રાજ્યની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, વગેરેની અદ્યતન અને ડિજિટલ કરવા માટે ઈ- નગર પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે, જેમાં પ્રથમ તબક્કામાં ૧૪ નગરપાલિકાઓમાં ઈ- નગર પ્રોજેક્ટ અમલમાં મુક્યા બાદ તેની સફળતા જોઈને રાજ્યની પાટણ સહિત ૧૪ નગરપાલિકાઓમાં ઈ - નગર પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં પાટણ નગરપાલિકા સહિત ૧૪ પાલિકાઓમાં ઈ- નગર પ્રોજેક્ટ અમલમાં મુકાયો છે. જેમાં પાલિકામાં જન્મ, મરણ અને લગ્નની નોંધણી અરજદારો હવે ગમે તે સ્થળેથી ઓનલાઈન મેળવી શકશે. નિયત કરેલ દિવસો બાદ અરજદારોને ઓનલાઈન દાખલા પણ મળી રહેશે. જન્મ અને મરણના દાખલામાં વર્ષ ૨૦૧૧ ની સાલમાં જન્મ થયો હોય અને મૃત્યુ થયુ હોય તેવા તમામ દાખલાઓની ઓનલાઈન એન્ટ્રી કરીને જ દાખલા મળશે.

## મહેસાણા રેલવે સ્ટેશનના બાથરૂમમાં ભિક્ષુક મહિલા પર દુષ્કર્મઃ આરોપીની ધરપકડ

મહેસાણા

મહેસાણા રેલવે સ્ટેશન પર બાથરૂમમાં એક ભિક્ષુક મહિલા પર એક આધેડ ભિક્ષુકે સાથે રહેવાની લાલચ આપી દુષ્કર્મ આચરતા ચકચાર મચી છે. જો કે પોલીસે આરોપીની ગણતરીના દિવસોમાં અટકાયત કરી છે અને આરોપીની સિવિલમાં મેડીકલ તપાસાર્થે તજવીજ હાથ ધરી છે. મહેસાણા રેલવે પોલીસ મથકમાં રાજસ્થાનના ફાલનાની અને હાલમાં ઉનાવા પાસે રહેતી અને ટ્રેનોમાં ભિક્ષાવૃત્તિ કરી બાળકોનું ગુજરાન ચલાવતી મહિલાએ મુળ બક્ષરના અને હાલ મુંબઈના માહિમ વિસ્તારમાં ભીખ માગી ગુજરાન ચલાવતા ભરત ગોરધનજી ઠાકોર ઉર્ફે મહેબુશા મુરાદશા ફકીર ઉર્ફે સલીમ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીની દિકરીનું પિડીતાના ભાઈ સાથે લગ્ન થયા હતા, અને થોડા સમય બાદ છુટાછેડા થઈ ગયા હતા. જો કે આરોપી અને પિડીતા રેલવેમાં ભીખ માગતા હોવાથી એકબીજાના પરિચયમાં આવ્યા હતા. પિડીતા બે બાળકો સાથે એકલી રહેતી હતી. જેથી આરોપીએ તેને સાથે રાખવાની લાલચ આપી હતી. અને ૧૭ મે ના રોજ પિડીતા રેલવેના બાથરૂમમાં નહાવા ગઈ હતી ત્યારે આરોપીએ ત્યાં જઈ દુષ્કર્મ આચર્યું હતું. આ બાબતે પિડીતાએ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની અટકાયત કરી તેને સિવીલમાં ચેકઅપ માટે લઈ જઈ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| પીલૂડા | | રજકાબા. | ૩૮૨-૪૧૫ |
| રાયડો : | ૭૨૦ થી ૭૫૧ | થરા | |
| એરંડા : | ૭૫૫ થી ૭૭૧ | જીરૂ | ૨૫૭૦-૩૨૫૩ |
| જીરું : | ૨૬૨૫ થી ૨૯૧૧ | એરંડા | ૭૬૪-૭૮૧ |
| સુવા : | ૮૦૦ થી ૮૦૦ | રાયડો | ૭૧૦-૭૧૫ |
| ઈસબગુલ : | ૧૨૫૦ થી ૧૪૩૮ | ઘઉં | ૩૨૦-૩૯૦ |
| અજમો : | ૧૫૨૦ થી ૨૦૧૧ | બાજરી | ૨૩૫-૨૫૦ |
| ચીકુડી : | ૧૧૪૫ થી ૧૨૭૦ | વરી. | ૧૧૦૦-૧૫૮૫ |
| અસાળીઓ | ૮૭૦ થી ૮૭૦ | ગવાર | ૬૯૦-૭૦૦ |
| રજકો | ૨૩૫૦ થી ૨૬૨૬ | સિધ્ધપુર | |
| ડીસા | | જીરૂ | ૨૭૩૬ |
| ઘઉં | ૩૨૭-૩૫૨ | વરી. | ૧૨૩૧ |
| બાજરી | ૨૩૨-૨૬૫ | ઈસ. | ૭૫૫-૧૧૮૧ |
| રાજગરો | ૧૦૫૧-૧૧૮૨ | રાયડો | ૬૯૧-૭૫૫ |
| જીરૂ | ૨૭૩૫-૨૭૬૫ | એરંડા | ૭૩૦-૭૮૨ |
| તમાકુ | ૧૦૭૧-૧૪૦૧ | ઘઉં | ૩૨૦-૪૪૦ |
| રાજગરો | ૧૧૮૦-૧૨૭૩ | મેથી | ૫૧૫-૫૨૧ |
| ઈસ. | ૧૨૪૨ | ગવાર | ૭૦૬-૭૧૪ |
| એરંડા | ૭૭૦-૭૮૦ | જુવાર | ૬૨૨-૭૩૩ |
| રાયડો | ૭૦૦-૭૩૨ | જવ | ૨૭૦ |
| લાખણી | | કપાસ | ૭૦૦-૯૦૦ |
| એરંડા | ૭૫૭-૭૭૫ | બાજરી | ૨૦૧-૨૬૨ |
| રાયડો | ૭૦૦-૭૩૧ | સવા | ૮૪૫-૮૬૨ |
| વરી. | ૧૦૦૦-૧૩૮૫ | પાટણ | |
| ઈસ. | ૧૧૦૦-૧૨૦૫ | જીરૂ | ૨૨૦૦-૨૮૭૧ |
| સુવા | ૮૦૦-૮૯૦ | વરીયાળી | ૧૧૫૦-૧૬૮૦ |
| રાજગરો | ૧૧૨૩ | મેથી | ૩૦૦-૫૧૧ |
| અસાળીયો | ૭૧૧ | સુવા | ૬૦૦-૧૦૩૦ |
| ચીકુડી | ૧૧૫૦-૧૨૪૯ | રાયડો | ૬૫૦-૭૬૬ |
| રજકો | ૨૬૭૧ | એરંડા | ૭૬૦-૭૮૨ |
| અજમો | ૧૦૧૧ | ઈસ. | ૧૦૦૦-૧૩૦૦ |
| ગવાર | ૬૮૦-૭૦૨ | અજમો | ૫૦૦-૧૧૨૦ |
| પાંથાવાડા | | ઘઉં | ૩૦૦-૪૦૧ |
| ઘઉં | ૨૮૦- ૩૬૨ | બાજરી | ૨૦૦-૨૫૯ |
| બાજરી | ૨૧૫- ૨૩૦ | રજકો | ૨૦૦૦-૨૮૫૧ |
| રાજગરો | ૧૦૧૬-૧૧૫૧ | જવ | ૨૭૦-૨૮૭ |
| ઈ.ગુલ | ૧૧૫૦-૧૧૮૧ | ચીકુડી | ૧૨૨૫-૧૨૯૫ |
| ચણા | ૬૩૦ | ગવાર | ૬૮૧-૭૨૦ |
| એરંડા | ૭૬૦- ૭૭૦ | થરાદ | |
| રાયડો | ૭૦૧- ૭૪૦ | રાયડો | ૭૨૩-૭૫૭ |
| ધાનેરા | | એરંડા | ૭૬૦-૭૭૨ |
| ઘઉં | ૩૧૧-૩૫૦ | જીરુ | ૨૫૦૦-૩૧૨૫ |
| બાજરી | ૨૩૦-૨૬૧ | વરીયાળી | ૧૧૪૦-૧૩૦૦ |
| જવ | ૨૯૦-૩૦૦ | ચિકુડી | ૯૫૦-૧૨૭૧ |
| ગવાર | ૭૧૨-૭૨૩ | ઈસબગુલ | ૧૩૦૦-૧૬૦૦ |
| રાયડો | ૬૭૦-૭૨૬ | અજમો | ૧૦૦૦-૨૦૦૦ |
| એરંડા | ૭૬૧-૭૭૮ | મેથી | ૪૫૧-૧૦૦૦ |
| સુવા | ૭૯૮-૯૧૨ | સોવા | ૭૦૦-૮૭૧ |
| વરી. | ૧૦૯૨-૧૩૧૧ | ગવાર | ૭૦૦-૭૧૫ |
| ઈસ. | ૧૦૦૦-૧૪૫૪ | રજકો | ૨૦૦૦-૨૭૦૧ |
| તલ | ૧૪૨૬-૧૫૦૦ | રાહ | |
| રજકો | ૨૩૧૨-૨૫૭૧ | રાયડો | ૭૦૦-૭૨૫ |
| જીરૂ | ૨૭૭૮-૨૯૦૫ | એરંડા | ૭૬૦-૭૭૦ |
| રાજગરો | ૧૦૦૦-૧૧૨૫ | ચિકુડી | ૧૧૦૦-૧૨૬૦ |
| અજમો | ૫૦૦-૧૬૦૦ | સોવા | ૭૯૦-૮૪૫ |
| ચીકુડી | ૧૦૯૪-૧૨૭૦ | બાજરી | ૨૪૦-૨૬૫ |

## શ્રી બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ઊંઝા ખાતે ૨૫૦ દિવ્યાંગ લાભાર્થીઓને વિવિધ સાધનોની સહાય

પાટણ

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ન્યુ દિલ્હી અનુદાનિત અને શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ, પાટણ તથા માનવ મંદિર ''પરિશ્રમ સેવા ટ્રસ્ટ, ઉંઝાના સહયોગથી મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતે ૨૦૫ દિવ્યાંગ લાભાર્થીઓને ટ્રાયસિકલ, વ્હીલચેર, બગલઘોડી, જયપુરીફુટ, કેલીપર્સ વગેરે જેવા સાધનોની સહાય પુરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય, માન. નારણભાઈ લલુભાઈ પટેલ, ગોતરકા આશ્રમના નિજાનંદ બાપુ, ચેરમેન એ.પી.એમ.સી. ઉંઝાના ગૌરાંગભાઈ એન. પટેલ, રાજસ્થાનના પંડિત ગોપાલલાલ હિરાલાલ વ્યાસ, પરિશ્રમ સેવા ટ્રસ્ટના પ્રમુખ, ભરતભાઈ હિરાભાઈ પટેલ વગેરે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નરેશકુમાર બી. દવેએ દિવ્યાંગો માટે ઘણા સમય પહેલા ચાલતી મહર્ષિ અષ્ટાવક્ર યોજનાનું પુનઃ ચાલુ કરવા માટે અનુરોધ કર્યો હતો. તથા વિધવા બહેનોને નિરાધાર વિધવા સહાય યોજના અંતર્ગત લાભાર્થી બહેનોને જે તે ગ્રામ્ય કક્ષાએથી ગામના તલાટી ફોર્મ ભરી દે જેથી તેનું પેન્સન ચાલુ થઈ જાય તેવુ આયોજન કરવાના સરકારમાં પ્રેસ મીડિયા તરફ આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થા દ્વારા ટ્રાયસિકલ- ૬૬, વ્હીલચેર-૨૮, પેડીયાટ્રીક વ્હીલચેર-૨, સીપી ચેર-૧, બગલઘોડી-૨૦, વોકર- ૯, સ્ટીક-૧૬, જયપુર ફુટ, કેલીપર્સ- ૨૭ વગેરે સાધનો લાભાર્થીઓને વિતરણ કરાયા હતા.

આમ સંસ્થા દ્વારા છેલ્લા ૨૦૧૨ થી દિવ્યાંગોને સાધન સહાય આપવાની કામગીરી કરવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૯૫ લોકોને આનો લાભ આપવામાં આવેલ છે.

## લાડોલ ગામે નર્સના ક્વાર્ટરમાંથી ચોરી કરનાર શખ્સ ઝડપાયો

મહેસાણા

વિજાપુરના લાડોલ ગામે આવેલા સરકારી આરોગ્ય વિભાગના ક્વાર્ટરમાં થયેલી ચોરીનો ભેદ પોલીસે મોબાઈલના લોકેશન પરથી ઉકેલી નાંખ્યો હતો. ગત બુધવારે આ ચોરીમાં સંડોવાયેલા આરોપીને લાડોલ ગામમાં ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

લાડોલમાં આવેલ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતી સ્ટાફ નર્સના બંધ મકાનમાં છ માસ પૂર્વે અજાણ્યા શખ્સોએ લોખંડના સળીયાથી નકૂચો તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. અને મોબાઈલ તથા રૂા. ૧૫ હજારની રોકડ ચોરી કરી હતી. આ અંગે લાડોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન મહેસાણા એલસીબીને મળેલી બાતમીના આધારે પી.આઈ. આર.એસ. પટેલ તેમજ એએસઆઈ ઝહીરખાન સહિત પોલીસ સ્ટાફે આરોપી પરમાર પ્રકાશજી ઉર્ફે બાલાજી કનુજીની ધરપકડ કરી હતી. મોબાઈલ લોકેશનના આધારે પોલીસે આરોપીને પકડી લીધો હતો.

## પાટણ જિલ્લામાં પાણીની તંગી નિવારવા ખાનગી બોરમાંથી પાણી વિતરણ થશે

પાટણ

પાટણ જિલ્લામાં પાણીની ભારે તંગી સર્જાઈ છે. જેના પગલે તંત્ર હરકતમાં આવ્યું છે, અને ખાનગી બોરમાંથી પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે. જિલ્લાના ૧૯ ગામોને ભાડે લીધેલા ટ્યુબવેલ દ્વારા પાણી અપાશે. પાટણ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા પાણી સમિતિની બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા પાણી પુરવઠા અધિકારી દ્વારા સમી તાલુકાના બાદરગંજ ખાતે નવીનબોર, બાસ્પા ખાતે નવી મશીનરી મેવાડા ખાતે નવો બોર, તેમજ પડલા ખાતે નવા પંપીંગ કામોની મંજુરી માટે રજુઆત થઈ હતી. નર્મદા મુખ્ય નહેર તથા કચ્છ શાખા નહેરમાં પાણીનો જથ્થો નહિવત હોવાથી ઝઝામ અને કલ્યાણપુરા પાસેથી પાણી મેળવતા ગામોને ખાનગી બોર ભાડે રાખી તેમજ ટેન્ડર વડે પાણીનો જથ્થો પુરો પાડવામાં આવશે.

પાણી- પુરવઠા તંત્ર દ્વારા નવા બનાવેલા ટ્યુબવેલને ઝડપથી વીજ કનેક્શન આપવા માટે રજુઆત કરવામાં આવી હતી.

ઉનાળાની પરિસ્થિતિને ધ્યાને લઈ પાણી પુરવઠા વિભાગની પેટા વિભાગીય ધ્યાને લઈ સાંતલપુર તાલુકાના ૧૫ ગામોને ટ્યુબવેલ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવાનું આયોજન હાથ ધરાયું છે.

## શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર- સાવરકુંડલા દ્વારા અંતરીયાળ ગામો માટે હરતું ફરતું દવાખાનુ શરૂ કરવામાં આવ્યું



સાવરકુંડલા

સાવરકુંડલામાં શ્રી વીધાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર (નિઃશુલ્ક હોસ્પિટલ) અમરેલી જિલ્લાના સાવરકુંડલા ખાતે છેલ્લા સાડા ત્રણ વર્ષથી કાર્યરત છે. પૂ. મોરારીબાપુના આશિર્વાદથી હાલ જનરલ ઓ.પી.ડી., ગાયનેક, ડાયાલી સીસ સેન્ટર, પેથોલોજી વિભાગ, ફીઝીયોથેરાપી, હોલી સ્ટીક હેલ્થકેર સેન્ટર, ડેન્ટલ, પીડીયાટ્રીક, રેડીયોલોજી, સર્જીકલ આઈસીયુ, ભોજન શાળા, દવાનો વિભાગ જેવા વિભાગો સંતોષજનક રીતે કાર્યરત છે. દરેક વિભાગમાં દર્દીઓને તદ્દન નિઃશુલ્ક (મફત) ધોરણે સારવાર આપવામાં આવે છે. આજ સુધી અંદાજીત ૪ લાખથી વધુ દર્દીઓએ આ સેવાનો લાભ પ્રાપ્ત કરેલ છે. આ ૧૦૦ ટકા નિઃશુલ્ક હોસ્પિટલ દર્દીનારાયણને વધુમાં વધુ સારી આરોગ્ય સેવા આપવા માટે તત્પર છે. હાલમાં જ પૂ.બાપુની પ્રસન્નતા સાથે હોસ્પિટલના સેવાકીય પ્રકલ્પમાં એક સેવા સુવિધાનો વધારો કરવામાં આવ્યો છે. સાવર કુંડલા આસપાસના અંતરિયાળ ગામો કે જેમાં પ્રાથમિક આરોગ્યસેવાની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. આવા ગામોમાં દર્દીઓ માટે મોબાઈલ ડીસ્પેન્સરી (હરતું- ફરતું દવાખાનું) શરૂ કરવામાં આવ્યું. ડૉક્ટર સહિતની આ મોબાઈલ ડિસ્પેન્સરી અઠવાડી યાના ૪ દિવસ અલગ- અલગ ગામોની મુલાકાત લે છે. ત્યાંના દર્દીઓને દવા સહિતની પ્રાથમિક સારવાર સાથે રહેલા આરોગ્ય મંદિરના મેડીકલ ઓફિસર દ્વારા આપવામાં આવે છે. હજી વધુને વધુ અંતરિયાળ ગામોના દર્દીઓને પ્રાથમિક આરોગ્ય સારવાર આપવી તેવી આરોગ્ય મંદિર પરિવારની નેમ છે તેવું ફાઉન્ડેશનના સ્થાનિક ટ્રસ્ટી ભરતભાઈ જોષીની યાદીમાં જણાવાયું હતું.

## પાટણમાં જાહેર માર્ગ પર કચરો સળગાવતા પ્રદુષણની ભિતી

પાટણ

પાટણ શહેરમાં રાત્રી દરમ્યાન કરવામાં આવતી રોડ રસ્તાની સફાઈ બાદ એકઠો કરેલો કચરો જે તે વિસ્તારમાં સળગાવવામાં આવતો હોવાથી શહેર-વિસ્તારમાં દુર્ગંધ મારતા ધુમાડાથી પ્રદુષણ ફેલાઈ રહ્યું છે. વર્ષોથી આ પ્રક્રિયા જારી છે, આ સંદર્ભે ફરિયાદો અને રજુઆતો ધ્યાને આવતા ગત રવિવારે પાટણ પાલિકાના સોનેટરી ઈન્સ્પેકટરે તમામ વોર્ડ ઈન્સ્પેકટરોને સૂચના આપી હતી કે, તેમના વોર્ડના સફાઈ કામદારો મારફતે કચરાના ઢગલા સળગાવવામાં આવે છે. તેનાથી પ્રદુષણ ફેલાય છે. લોકોના ઘરમાં ધૂમાડાના ગોટા જતા હોય છે. જેથી લોકોનું સ્વાસ્થય અને આરોગ્ય જોખમાય તેમ હોવાથી હવે જે તે વોર્ડ વિસ્તારમાં કચરો સળગાવવામાં આવશે તો જે તે વોર્ડ ઈન્સ્પેકટરની જવાબદારી ગણીને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે, આ બાબતે જે તે વોર્ડમાં કચરો સળગાવનારા કામદારોનો રિપોર્ટ કરવા તાકીદ કરવામાં આવી છે.

### જળસંચય અભિયાન અંતર્ગત

## સાબરકાંઠાના હિંમતનગરના કાંકણોલ અને જામળા ગામના તળાવની મુલાકાત લેતાં મંત્રી પરબતભાઈ પટેલ



હિંમતનગર

સમગ્ર રાજ્યવ્યાપી આરંભાયેલા સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં આરંભ થયેલા કામોનું નિરીક્ષણ જિલ્લા પ્રભારી તથા પાણી પુરવઠા અને સિંચાઈ મંત્રી શ્રી પરબતભાઈ પટેલે કર્યુ હતું. જિલ્લાના હિંમતનગર તાલુકાના કાંકણોલ અને જામળા ગામના તળાવ કામનું નિરીક્ષણ કર્યુ હતું.

આ પ્રસંગે ગ્રામજનોને સંબોધતા મંત્રીશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશનું સૌથી મોટુ જળ સંચય અભિયાન ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યું છે. રાજયભરમાં જન શક્તિથી આરંભાયેલુ આ જળ શક્તિનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. આ તબક્કે મંત્રીશ્રીએ જામળા ગામના મનરેગા અંતર્ગત કામ કરતા શ્રમિકો સાથે સંવાદ કરી તેમના કામની વિગત મેળવી હતી. ગામની મુલાકાત વેળાએ જિલ્લા સમાહર્તા શ્રી પ્રવિણા ડી.કે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્તુતિ ચારણ, ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, અગ્રણી શ્રી જેઠાભાઈ પટેલ સહિત અમલીકરણ અધિકારી ઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વિસનગરમાં કેનાલની કામગીરીમાં સળીયાની ચોરી કરનાર કોન્ટ્રાક્ટરની કામગીરી સ્થગિત

મહેસાણા

વિસનગર પાલિકાનો કોન્ટ્રાક્ટર વરસાદી પાણીના નિકાલની પાકી કેનાલ બનાવવાની કામગીરીમાં સળીયા કાઢી ચોરી કરતાં ઝડપાયો હતો. જેનું પાલિકા દ્વારા પંચનામું કરવામાં આવેલ. પરંતુ ઈન્ચાર્જ ચીફ ઓફિસર દ્વારા હજુ સુધી કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, ત્યારે કોન્ટ્રાક્ટરને કામગીરી સ્થગિત કરવા પાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી છે.

જાણવા મુજબ વિસનગરમાં જમાઈપરા- ઠાકોરવાસના પાછળના ભાગે આવેલ વરસાદી પાણીની કાચી કેનાલમાં પાકી કેનાલ બનાવવા પાલિકા દ્વારા પરેશ એસ.પટેલ (રહે. હિંમતનગર) ને વર્કઓર્ડર આપવામાં આવ્યો હતો. કોન્ટ્રાક્ટર દ્વારા કેનાલમાં ૧૦ મીટરની લંબાઈ અને ૧૨ મીટર પહોળાઈમાં કેનાલના તળીયામાં સીસી કામ કરવામાં આવ્યું હતું. જેમાં સીમેન્ટ- કપચી અને રેતીનું કોંક્રેટ કરવામાં આવતા પહેલા કોન્ટ્રાક્ટરે બે ટન સળીયા કાઢી લેતા પાલિકા સભ્ય ગીરીશ પટેલે કોન્ટ્રાક્ટરની ચોરીની તપાસ કરવા પાલિકામાં રજુઆત કરતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતુ અને પાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને કામગીરી સ્થગિત કરવા નોટીસ આપી કામગીરી હાલ પુરતી બંધ કરી દેવામાં આવી છે. પાલિકા પ્રમુખ શકુન્તલાબેન પટેલ અને ઈન્ચાર્જ ચીફ ઓફિસર સોલંકીના જણાવ્યા અનુસાર આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## શંખેશ્વર મહાતીર્થના તળાવને ઉંડુ કરવા ૪૦૦જીવદયાપ્રેમીઓ અને ટ્રસ્ટીઓએ શ્રમદાન કર્યું

પાટણ

પાટણ જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે ત્યારે શંખેશ્વર તાલુકાના શંખેશ્વર મહાતીર્થના તળાવ પર ૪૦૦ જીવદયાપ્રેમીઓ અને ટ્રસ્ટીઓએ શ્રમદાન કરી તળાવ ઉંડુ કરવાનું કાર્ય હાથ ધરી અનેરૂ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

પાટણ જિલ્લામાં જળસંચય અભિયાન શંખેશ્વર તાલુકા મથકે તળાવના ચાલી રહેલા કામ ઉપર સમસ્ત મહાજનના ૪૦૦ વ્યક્તિઓએ શ્રમદાન કરેલ છે. જેમાં ભારતભરથી પધારેલા જીવદયાપ્રેમીઓએ ગુજરાત સરકારના સુજલામ સુફલામ અભિયાનમાં સમસ્ત મહાજનની ભાગીદારીથી થઈ રહેલાં મહાતીર્થના તળાવ ઉપર ૪૦૦જીવદયા પ્રેમીઓએ અને ટ્રસ્ટીઓએ કોદાળી-પાવડો, તગારા લઈને ખોદકામ કરી માટી ટ્રેક્ટરમાં ભરી હતી અને પોતાનું યોગદાન આપ્યું હતું.

## બહુચરાજીમાં સોમવારે આત્મારામ કાકાની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે રક્તદાન કેમ્પ

ચાણસ્મા

જાણીતા સહકારી આગેવાન આત્મારામભાઈ પટેલ (કાકા) ની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે બહુચરાજી નાગરિક સહકારી બેંક અને ઉમિયા કો.ઓ.ક્રેડીટ સોસાયટી દ્વારા જાયન્ટસ ગૃપના સહયોગથી તા.૨૮/૫/૨૦૧૮ ને સોમવારના રોજ બહુચરાજીની ઉમિયાવાડીમાં રક્તદાન કેમ્પનું આયોજન કરાયું છે. જેનું ઉદ્ઘાટન બેન્કના ચેરમેન વિઠ્ઠલભાઈ લાટીવાળાના હસ્તે કરવામાં આવશે. બેંક અને ક્રેડીટ સોસાયટી તરફથી રક્તદાતાઓને સ્મૃતિભેટ તેમજ ભોજન વ્યવસ્થા કરાઈ હોવાનું બેન્ક મેનેજર કનુભાઈ બી.પટેલે જણાવ્યું છે. રક્તદાન કેમ્પ સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી ચાલશે.

## વાડાનો કબજો પડાવી લેતા ખેડૂતોએ આત્મવિલોપનની ચિમકી આપી

(જી.એન.એસ) પાટણ

પાટણમાં ચંદ્રાવતી ગામના ખેડૂત ઠાકોર દલપુજી આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી ફરાર થઈ ગયા છે. વાડાનો કબજો કેટલાક લોકોએ પડાવી લેતા ખેડૂતે આત્મવિલોપનની ચીમકી આપી હતી. આ ખેડૂતે સિદ્ધપુર પ્રાંત કચેરી અને રેવન્યુ વિભાગમાં આત્મવિલોપનની અરજી કરી છે. અગાઉ પણ ૧૦૦ લોકોના ટોળાએ ઘરનું છાપરું તોડી ધમકી આપી હતી. જે ઘટનાની ગૃહમંત્રી ગાંધીનગર સચિવાલયમાં અરજી કરી હતી. અરજી કરવા છતાં પોલીસ ફરિયાદ અને અરજીનો ઉકેલ નહી આવતા આત્મવિલોપનની ચીમકી આપી છે, જે ચીમકીને લઈને અરજદારની ઘરની બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.

## ધ્રાંગધ્રાંના મોટી માલવણ ગામે પાટીદાર ન્યાય મહાપંચાયત યોજાશે

ચાણસ્મા

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ દ્વારા ૨૬ મીને શનિવારે ધ્રાંગધ્રાના મોટી માલવણ ગામે પાટીદાર ન્યાય મહાપંચાયતનું આયોજન કરાયું છે. આ સાથે રાજયમાં વિધાનસભાની ચૂંટણી પછી સુષુપ્ત અવસ્થામાં રહેલા પાટ-ીદાર આંદોલનના પાર્ટ-૩ નો આરંભ થઈ રહ્યો છે. આ પાટ-ીદાર ન્યાય મહાપંચાયતમાં ભાગ લેવા મહેસાણા સહિત ઉત્તર ગુજરાતમાંથી ૨૫૦૦ થી વધુ પાટીદારો જનાર હોવાનું પાસના સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા ચૂંટણી પહેલાં પાટીદારો સામેના તમામ કેસો પાછા ખેંચવાની અને શહીદ યુવાનના પરિવારોને સહાય- નોકરી આપવાની જાહેરાત કરાઈ હતી. જેનું સરકાર દ્વારા પૂર્ણપણે પાલન કરવામાં આવ્યું નથી. જે મુદ્દે હાર્દિક પટેલની આગેવાનીમાં શનિવારે સાંજે ૭ વાગે મોટી માલવણમાં પાટીદાર ન્યાય મહાપંચાયતનું આયોજન કરાયું છે. જેમાં રાજ્યભરમાંથી પાટીદારો ઉમટી પડનાર છે. પાસના કન્વીનર હર્ષદભાઈ એ.પટેલના જણાવ્યા મુજબ, આ મહાપંચાયતમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી અંદાજે ૨૫૦૦ જેટલા પાટીદારો હાજર રહેવાના છે. જે માટે ૧૫ જેટલી લકઝરીઓ તેમજ ૫૦૦ થી વધુ કાર સહિતના વાહનોની વ્યવસ્થા કરાઈ છે. બહુચરાજી તાલુકાના પાટીદારો માટે મોટપથી બપોરે ૧૨-૩૦ કલાકે અને બહુચરાજી નારણપુરા વાડીથી બપોરે ૨ કલાકે લકઝરી બસ ઉપડનાર છે.

# પાલનપુર નજીક ડ્યુક પ્લાસ્ટો કંપનીના કોન્ફરન્સ હોલમાં આગ લાગતાં દોડધામ


સંજય જોશી

પાલનપુર

પાલનપુર- ડીસા હાઈવે પર આવેલી એક ફેકટરીમાં ગત વહેલી સવારે શોર્ટ-સર્કિટથી આગ ભભૂકી ઉઠતા સ્ટાફમાં અફરા- તફરી મચી જવા પામી હતી. દરમિયાન પાલનપુર પાલિકાના ફાયર તેમજ સ્ટાફે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.

પાલનપુર- ડીસા હાઈવે પર ડ્યુક પ્લાસ્ટો ફેકટરીના કોન્ફરન્સ હોલમાં વહેલા પરોઢિયે સવારે શોર્ટ- સર્કિટથી આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં

**આગ હોનારતમાં માલ સામાન બળીને રાખ : સદ્નસીબે જાનહાની ટળી**

ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા હતા. ઘટનાને પગલે સ્ટાફમાં ભારે અફરા-તફરી મચી જવા પામી હતી. દરમિયાન પાલનપુર પાલિકામાં જાણ કરવામાં આવતાં સ્ટાફ ફાયર ફાયટર સાથે દોડી આવ્યો હતો. જેમણે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

જોકે, ત્યાં સુધીમાં કોન્સફરન્સ હોલના પંખા, એસી, ખુરશી, ટેબલ સહિતનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાની ન થતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો.

# સામલા (વ.)પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે રહેતા અને કલર કામનો ધંધો કરતા અને મુળ કુટરા તા.કાલપી જી.જાલોન (ઉત્તર પ્રદેશ)ના વતની અનુપકુમાર સુઘરસિંહ પાલ (વાઘેલા) તા.૨૪-૫-૨૦૧૮ના રોજ રાત્રીના સમયે ભાભર તરફથી દીઓદર તરફ બાઈક ઉપર આવી રહ્યા હતા ત્યારે સામલા(વ.) પાસે રાત્રીના સમયે કોઈક અજાણ્યા વાહન ચાલકે અનુપકુમારના મોટર સાયકલ એચ.એફ. ડીલક્ષ નં.GJ08 BK-7046 ને જોરદાર ટક્કર મારતાં બાઈક સવાર અનુપકુમાર રોડ ઉપર પટકાતાં ગંભીર હદે ઈજાઓ થવા પામેલ.

આ ઘટનાની જાણ સ્થાનિક લોકોને થતાં તેઓએ તાત્કાલીક ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ના પાયલોટ દિનેશભાઈ નાઈ અને



ઈ.એમ.ટી. મુકેશભાઈ ગૌસ્વામી તુરંત ઘટના સ્થળે પહોંચી અકસ્માતમાં ગંભીર હદે ઘવાયેલા ઈસમને સારવાર અર્થે દીઓદર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડેલ.

જ્યાં ગંભીર હદે ઘવાયેલા ઈસમનું સારવાર દરમ્યાન મોત થવા પામેલ. આ અંગેની ફરીયાદ મૃતકના ભાઈએ દીઓદર પોલીસ મથકે કરતાં દીઓદર પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જમીન ધોવાણની સહાયમાં અન્યાય થતાં**

# થરાદના દાંતીયા ગામના ખેડૂતોએ આત્મવિલોપનની મંજૂરી માંગી

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના દાંતીયા ગામે ગત બે જ સ્તરમાં આવેલા વિનાશક પુરમાં અનેક ખેડૂતોની જમીન પરથી નદીના વહેણ વહેતા જમીન બંજર થઈ જવા પામી હતી. જેમાં સરકાર દ્વારા ચુકવવામાં આવેલી સહાયમાં અન્યાય થતાં ૨૮૭ ખેડૂતોએ બનાસકાંઠા મદદનીશ નિયામકને લેખિત રજૂઆત કરી આત્મ વિલોપન કરવાની મંજૂરી માંગતા ચકચાર મચી જવા પામી હતી.

બનાસકાંઠામાં ગત બે હજાર સ્તરમાં આવેલા વિનાશક પુરમાં થરાદ તાલુકાના દત્તે ગામમાંથી અનેક નદીના વહેણ વહેતા ખેડૂતોને મોટાભાઈ નુકસાન થવા પામ્યું હતું જે નુકસાનના પગલે સરકાર દ્વારા ખેડૂતોને સહાય ચુકવવામાં આવી હતી જોકે લાગવગ ધરાવતા ખેડૂતોને નીતિ નિયમ મુજબ ૮૦ હજાર રૂપિયા પ્રમાણે ચૂકવાયા હતા અને અને ખેડૂતોને અન્યાય થયો હતો. જે બાબતે ખેડૂતોએ વારંવાર વહીવટી તંત્રને રજૂઆત કરવા છતાં તેમને કોઈ ન્યાય ન મળતાં આખરે જિલ્લા કક્ષાએ રજૂઆત કરતા જિલ્લા મદદનીશ નિયામક રૂબરૂ બોલાવી આ અંગે યોગ્ય પગલાં ભરવાની ખાતરી આપી હતી જોકે આજ દિવસ સુધી કોઈ પગલાં ન ભરાતાં દાંતીયા ગામના ૨૮૭ ખેડૂતોએ લેખિત રજૂઆત જિલ્લા મદદનીશ નિયામકને કરી હતી કે અમારી રજૂઆતના પગલે આ સાહેબે શું પગલાં ભર્યા તે દિન સાતમાં વિગતવાર લેખિતમાં માહિતી આપવી અન્યથા અમો તમામ ખેડૂતોને આત્મવિલોપન કરવાની મંજૂરી આપવા વિનંતી છે. જો કે ખેડૂતોએ કરેલી રજૂઆતના પગલે ચકચાર મચી જવા પામી હતી.

# કંબોઈમાં યુવાનની લાશ મળી


સજનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના કંબોઈથી ફતેગઢ જતા રોડ પર કંબોઈના મહાદેવ મંદિર પાસે એક અજાણ્યો યુવાન રોડ પર મૃત હાલતમાં પડેલ હતો, ત્યારે સવારે લોકોની અવર જવર થતા કોઈકે શિહોરી પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ કરી, યુવાન ના ખીસ્સા તપાસતા ખીસ્સામાંથી મોબાઈલ ફોન મળ્યો હતો અને ફોન મા રહેલ નંબર થી તપાસ કરતા મૃત્યુ પામેલ યુવાન કાંકરેજ તાલુકાના નાથપુરા ગામનો હોવાનું જાણવા મળેલ, તેનું નામ મધુભાઈ મગનભાઈ સુથાર (ઉ.વ .૨૦) હોવાનું જાણવા મળતા મોબાઈલ ફોન નંબરરના આધારે નાથપુરા તેના વાલીઓ ને જાણ કરી હતી તેથી તેના વાલીઓ તાત્કાલિક ઘટના સ્થળે આવી લાશને

અનુસંધાન પાના નં.૬

**જમીન - ધોવાણ - ૨૦૧૭ પ્રકરણ...**

# ઢીમાના ૯ પીડીતોના સલવાયેલા રૂા.૩,૬૯,૦૦૦ નું સૂરસુરીયું

તાલુકા પ્રતિનિધિ વાવ

૨૦૧૭ માં અતિભારે પૂર આવતા સરહદી વાવ પંથકમાં હજારો હેક્ટર જમીનનું ધોવાણ થઈ ગયુ હતું. જેની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈ સર્વે કરી પીડીતોને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી. જેમાં ઢીમા ગામના ૨૧ પીડીતોને વાવ તાલુકા પંચાયત તરફથી રૂા. ૮ લાખથી વધુ રકમનો ચેક દેનાબેન્ક થરાદ શાખામાં મુકવામાં આવ્યો હતો. જેમાં થરાદ દેનાબેન્ક શાખાના ગંભીર છબરડાથી ૯ પીડીતોના રૂા. ૩,૬૯,૦૦૦/- અન્ય એક ખાતેદારના ખાતામાં જમા થઈ ગયા હતા. જેની તાલુકા પંચાયત વાવને ખબર પડતાં ગત તા. ૧૧/૪/૧૮ ના રોજ દેનાબેન્ક થરાદ શાખા અને જે અરજદારના ખાતામાં નાણાં જમા થયા છે તે ઢીમાના અરજદારને નાણાં પરત ભરવાની નોટીસ પાઠવવામાં આવી હતી. પરંતુ જે નોટીસ પાઠવ્યાને દોઢ મહિનો થવા છતાં હજુ સુધી પીડીતોને નાણા મળ્યા નથી. ૯ માંથી માત્ર ૨


વિષ્ણુ પરમાર

અરજદારને નાણાં ચુકવ્યા છે જ્યારે બાકીના ૭ અરજદારોને આજદિન સુધી નાણા મળ્યા નથી. જે બાબતે તાલુકા પંચાયત વાવનું જવાબદારતંત્ર ચૂપ કેમ છે? નોટીસને આજે દોઢ માસ વીતવા છતાં કોઈ જવાબ મળતો નથી. છતાં ટી.ડી.ઓ. કસૂરવારો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતાં કેમ ખચકાય છે? શું જમીન ધોવાણ-૨૦૧૭ ગેરરીતિ કાંડમાં જવાબદાર તંત્ર સામેલ છે ? તેવા પ્રશ્નો સરહદી પંથકમાં ચર્ચાના ચગડોળે ચડ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી આ બાબતે તપાસ હાથ ધરે તે જરૂરી છે.

# થરા શાકમાર્કેટમાં ખુલ્લેઆમ કાર્બાઈડથી કેરી - ચીકુ પકવાતા હોવાની રાવ

**જન આરોગ્ય સાથે ગંભીર ચેડાં છતાં તંત્ર મૌન**

તા.પ્રતિનિધિ થરા

ગુજરાતમાં કાળઝાળ ગરમીનો આંક દિન-પ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે ઠંડા પીણા- જ્યુસ સેન્ટરોમાં આ કુદરતી આફતનો લાભ લઈ લોકોને લૂંટવાની સાથે આરોગ્ય સાથે ચેડા કરવામાં કંઈ જ બાકી રાખતા નથી. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કચેરીના તાબામાં આવેલ કાંકરેજ તાલુકાના થરા પાલિકાના શાક માર્કેટયાર્ડમાં ખુલ્લેઆમ કાર્બાઈડ ચાઈનીઝ પાવડરથી કેરી- ચીકુ જેવા ફળ પકવીને વેચવામાં આવી રહ્યાં છે. કેરી- ચીકુની પેટીમાં કાર્બાઈડની પડીકીઓ મુકીને ફળ પકવ્યા બાદ આ પડીકીઓ જાહેરમાં રખડતી જોવા મળે છે. જેમાં સડેલા ફળ હોવાથી


યશપાલસિંહ ટી.વાઘેલા

રખડતી ગાયો- આખલા ખાવાથી ભોગ બને છે. કાર્બાઈડથી પકવતા ફળો ખાવાથી ડાયાબીટીસ કેન્સર- બ્લડપ્રેશર સહિત અનેક રોગો થવાની ચેતવણી આરોગ્ય વિભાગ આપે છે. કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકાની આરોગ્ય - સેનીટેશન ટીમ તથા અનુસંધાન પાના નં.૬

# રાધનપુરમાં પાણીનો બોર ફેઈલ થતા કેટલાક વિસ્તારોમાં 'ટેન્કર રાજ'


કમલ ચક્રવર્તી

(પ્રતિ.) રાધનપુર

રાધનપુર નગરપાલિકાનો અરગુસર બગીચામાં આજથી દસેક વર્ષ પહેલા પાલિકા દ્વારા બનાવેલો પાણીનો બોર ફેઈલ થવાથી શહેરના કાઝીવાસ, બંદૂકવાસ, પિરવાળીશેરી, ઠાકોરવાસ, સિંધીવાસ, ભરવાડવાસ, દેવીપૂજકવાસ, મહાજનવાડા પાસેનો વિસ્તાર, દેવડીવાસ, વાલ્મીકીવાસ સહિતના વિસ્તારોના બે હજારથી વધુ પરિવારો પાણી વિના હાલાકી ભોગવી રહ્યા છે ત્યારે પાલિકાના સત્તાધીશોએ ભરઉનાળામાં અને રમઝાન તેમજ અધિક માસ ચાલતો હોઈ લોકોને હાલાકી ના પડે તે માટે બે ટેન્કર દ્વારા જ્યાં જરૂર પડે ત્યાં પાણી મોકલી આપવામાં આવે છે. આ ઉપરાંત શાંતિધામથી પાઈપલાઈન દ્વારા પણ પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ઝમઝમ વિસ્તારનો નવીન બોર તૈયાર થઈ ગયો હોઈ વીજ કનેક્શન માટે વીજ કંપનીમાં એસ્ટીમેન્ટ ભરી દેવામાં આવ્યું છે, જેથી વીજ કનેક્શન ચાલુ થઈ જતા જરૂરિયાતવાળા વિસ્તારોમાં પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવનાર છે. શુક્રવારે પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવા, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ, પાલિકાના ચીફ ઓફિસર રૂડાભાઈ રબારી, પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી.પરમાર સહીત ઉપસ્થિત રહ્યા હતા અને જે જગ્યા એ બોર ફેઈલ થયો છે, તે જગ્યાએ નવીન બોર મંજુર કરી તાત્કાલિક પાણીની સમસ્યા દૂર કરવા રજુઆત કરવામાં આવી હતી. પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી.પરમારના જણાવ્યા મુજબ જણાવ્યા મુજબ લોકોને પાણી વિના હાલાકી ના પડે તે માટે પાલિકાનું તંત્ર સતત પ્રયત્નશીલ છે.

# ફોરેસ્ટ વિભાગના બે અધિકારીઓની બદલી

(પ્રતિ.) દાંતીવાડા

બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા તાલુકાના રેંજ ફોરેસ્ટ ઓફિસર તાજેતરમાં જ ૧૨ હજાર રૂપિયાની રંગે હાથ લાંચ લેતા ઝડપાયા બાદ આજે નાયબ ડીસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફિસર તેમજ ઓફીસ સુપ્રિટેન્ડેન્ટની બદલી કરવાના આદેશ જારી કરવામાં આવ્યા છે. અચાનક થયેલી બદલીને પગલે બનાસકાંઠા જીલ્લામાં ચકચાર મચી ગઈ છે.

તાજેતરમાં જ દાંતીવાડાના રેંજ ફોરેસ્ટ ઓફિસર લાંચ લેવાના ગુન્હામાં રંગે હાથ ઝડપાયા બાદ હવે આ ઘટનાનો રેલો જ નાયબ ડીસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફિસર સુધી પહોંચી ગયો છે. અને આજે બનાસકાંઠા જીલ્લાના નાયબ ડીસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફિસર અને ઓફીસ સુપ્રિટેન્ડેન્ટની બદલીના આદેશ જાહેર કરવામાં આવ્યા છે. દાંતીવાડા રેંજ ફોરેસ્ટ ઓફિસર પર થયેલી ટ્રેપ બાદ અન્ય મોટા અધિકારીઓના નામ ખુલવાની પણ ચર્ચા ઉઠી રહી છે ત્યારે આજે આ બંને અધિકારીઓની

અનુસંધાન પાના નં.૬

**પાલનપુર ખાતે બનાસકાંઠા ડાક સેવકોની રેલી**

# પડતર માંગણીઓ સંદર્ભે બનાસકાંઠાના ૭૦૦ જેટલા ડાક સેવકો હડતાળ પર



સંજય જોશી

પાલનપુર

સરહદી બનાસકાંઠામાં ડાક સેવકો સાતમા પગારપંચની પોતાની માંગણીને લઈ ને અચોક્કસ મુદત્તની હડતાલ પર ઉતરી ગયા છે. જેઓએ આજે પાલનપુર ખાતે રેલી યોજી હતી. જેમાં જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહી વિરોધ વ્યક્ત કર્યો હતો.

બનાસકાંઠા જીલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં આવેલી પોસ્ટ ઓફિસના ૭૦૦થી વધુ ડાક સેવકો સાતમા પગારપંચના મુદ્દે આંદોલન ઉપર ઉતર્યા છે. જેઓએ આજે પાલનપુરમાં રેલી યોજી સરકાર સામે વિરોધ દર્શાવ્યો હતો. આ અંગે ડાક સેવકોએ જણાવ્યું હતુ કે, જિલ્લામાં ૭૦૦ થી પણ વધુ ડાક સેવકો હડતાલ પર ઉતરી ગયા છે. સાતમાં પગારપંચ સહિતની માગણીઓને લઈને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

સાતમાં પગાર પંચનો લાભ આ ડાકસેવકો નહી મળે તો તેઓએ અચોક્કસ મુદતની હડતાલ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી હતી. જોહડતાલ નહી સમેટાય તો ગ્રામિણ પોસ્ટની કામગીરી ઉપર અસર થશે.

# ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)નું પરિણામ ૩૧ મેના રોજ જાહેર થશે

**માર્કસીટ-પ્રમાણપત્રનું વિતરણ થશે**

તા.પ્રતિ. થરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ ધો.૧૨ (એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ, ઉ.બુ.વ્ય. પ્રવાહ, સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનું પરિણામ તા.૩૧/૫/૧૮ ગુરૂવારના રોજ જાહેર કરવામાં આવશે. ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય પોતાની શાળાની માર્કસીટ/પ્રમાણપત્ર મુખત્યારપત્ર રજુ કરી સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ સુધી જિલ્લાના વિતરણ કેન્દ્ર પરથી મેળવી લેવાના રહેશે. એમ પરીક્ષા સચિવ આર.એચ. જુણકીયા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# ધાનેરા તાલુકાના ડાકસેવકો હડતાળ ઉપર ઉતર્યા

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના ગ્રામીણ ડાકસેવકો પોતાની માંગણી ન સંતોષાતા તા. ૨૨/૫/૧૮ થી અચોક્કસ મુદતની હડતાળ ઉપર ઉતર્યા છે.


એન.કે.મોદી

ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક યુનિયન બનાસકાંઠા ડીવીઝન ધાનેરા એસ.ઓ.ની માંગણીઓ શ્રી કમલેશચંદ્ર કમીટીનો રિપોર્ટ તાત્કાલિક લાગુ કરવો. ૮ કલાકની ડ્યુટી ફાળવવી મદ્રાસ હાઈકોર્ટના હુકમનો અમલ કરવો (પેન્સન આપવુ) ટારગેટ બાબતની કનડગત બંધ કરવી વગેરે માગણીઓ તંત્ર દ્વારા ધ્યાને ન લેવાતાં હડતાળ ઉપર ઉતર્યા છે.

# ડીસા સહીત જિલ્લામાં અગન વર્ષા : જનજીવન પ્રભાવિત

**બાળકો, વૃધ્ધો અને પશુ-પંખીઓની દયનીય હાલત**

પ્રતિ. વડાવળ

ગુજરાત ભરમાં છેલ્લા અઠવાડીયાથી ગગનમાંથી અગનવર્ષા થતી હોય તેમ ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે દિન-પ્રતિદિન ગરમીનો પારો આકાશને આંખી જતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે છેલ્લા ચાર દીવસથી એકાએક ગરમીનો પારો ઉંચકાતાની સાથે સમગ્ર પંથક અગન ભઠ્ઠામાં ફેરવાઈ ગયો છે વધતી જતી ગરમીના કારણે ડી. હાઈડ્રેશન ના કેસો પણ વધતા જોવા મળ્યા છે તો વળી નાના ભૂલકા, વૃધ્ધો, અબોલ જીવો અને પક્ષીઓની સ્થિતિ વધુ દયનીય બની ગઈ છે ગરમીના કારણે બપોરના સમયે રસ્તા ઉપર કર્ફયું જેવો માહોલ જોવા મળે છે ત્યારે લોકો એ


નરસિંહ દેસાઈ

બપોરના સમયે બહાર નીકળવાનું ટાળ્યું હતુ ખાસ પ્રસંગમાં લોકોને જવાનું થતુ હોય તો પણ સવાર સાંજે જવાનું વધારે પસંદ કરતા હોય છે બપોરના સમયે લોકો ફરજીયાત ઘરે રહેવાનું પસંદ કરે છે. દેવતાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા સમગ્ર પથક અગન ભઠ્ઠામાં શેકાયુ છે ડીસા સહિત જિલ્લામાં ૪૦ ડીગ્રી ઉપર તાપમાન નોધાયું હતુ જેથી તાપમાન વધતા રીતસરના લોકો અકળાઈ ઉઠ્યા છે. વધતી જતી ગરમીથી પ્રાણીઓ અબોલ જીવો-પક્ષીઓની હાલત વધારે દયનીય બની હતી અબોલ જીવો ગરમીમાં તરસ છીપાવવા માટે ફાંફા મારતા જોવા મળ્યા હતા વહેલી સવારે ૧૦ વાગ્યાથી આકાશમાંથી અગનવર્ષા ચાલુ થઈ જતાં મોડી રાત સુધી ગરમીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે હવામાનની આગાહી મુજબ હજુ ત્રણેક દિવસ ગરમીનું જોર જળવાઈ રહેશે.

# ધાનેરાના કોમર્શીયલ વિસ્તારમાં હવે પાણીના મીટર લગાવાશે

**પાણીનો બગાડ અટકાવવા પાલીકા પ્રમુખની પહેલ**

(તા.પ્રતિ.) ધાનેરા

હાલ રાજ્ય વ્યાપી જળ સંચય અભિયાન ચાલી રહ્યું છે ત્યારે બનસકાંઠાની ધાનેરા નગર પાલિકાએ પણ પાણીના વ્યર્થ બગાડ પર અંકુશ મેળવવા માટે પરિણામલક્ષી એક્શન પ્લાન ઘડી શહેરના કોમર્શિયલ વિસ્તારમાં પાણીના મીટર લગાવવાનો આકરો નિર્ણય કર્યો છે.

ગુજરાત સરકાર હાલ પાણી માટે પરસેવો પાડી રહી છે. આગામી સમયમાં પાણીની વિકટ સમસ્યા ઉભી ના થાય તે માટે હાલ સરકાર નક્કર પગલાં ભરી રહી છે. ત્યારે ધાનેરા નગર પાલિકાના પ્રમુખ બળવંતસિંહ બારોટે પણ પાલિકાની પાણી પુરવઠા શાખાના કર્મચારીઓને હાલ ઘરે ઘરે ફરતા કરી દીધા છે.ધાનેરા ખાતે પણ પીવાના પાણીની સમસ્યા વિકટ બને તે પૂર્વે ચોમાસાના આગમન પહેલા ધાનેરા નગરપાલિકાના પ્રમુખે પાણીનો બેફામ ઉપયોગ નિવારવા માટે જનજાગૃતિ કેળવવાના આશયથી પરિણામ લક્ષી કામગીરી હાથ ધરી છે. પાલિકા પ્રમુખે ધાનેરા નગરપાલિકાના કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી છે. આ ટિમો નગરપાલિકા દવારા અપાતા પાણીનો બગાડ અટકાવવા માટે પાણી છોડવાના સમયે ઘરે ઘરે જઈ પાણીના કરકસરયુક્ત વપરાશ નું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યા છે.

મુખ્યત્વે લોકો પાણી આવે ત્યારે કુંડીમાં ખુલ્લી પાઈપથી પાણી ભરતા હોઈ પાણીનો બગાડ થતો હોય છે.જેથી હાલ પાલિકાની ટીમ નળ નાખવા માટે લોકોને સમજણ આપી રહી છે. સાથે સાથે નળમાંથી ટપકતું પાણી બચાવવા માટે પણ કર્મચારીઓ લોકોને જાગૃત કરી રહ્યા છે. હાલ મોટા ભાગે દરેક ઘરમાં પીવાના પાણી માટે આરો પ્લાન્ટ મુકવામાં આવ્યા છે. જેમાં પાણીના શુદ્ધિ કરણ માટે ૫૦ ટકાથી પણ વધારે પાણી

અનુસંધાન પાના નં.૬